વિ. સં. ૧૯૭૨ ની ભેટ.

चिन्तामणि.

(એક રસમય અને હિતબોધક વાર્તા.)

लेखक

न. जु. संघवी.

॥ સનાતન ધર્મનું એક વીર ગુજરાતી માસિક પત્ર,

મહાજ્યોતિ.

(દર મહિનાની વદ ૧૪ સે અમદાવાદમાં પ્રકટ થાય છે.)

મુખ્ય લેખક—સા. શ્રી. ન. પુ. સંઘવી.

ધર્મના નામે ઢોંગ ચાલી રહ્યો છે, અને સુધારાને બહાને સ્વેચ્છાચાર ચલાવવામાં આવે છે, તેમાં વળી ધર્મજ્ઞ, વિદ્વાન અને પ્રતિષ્ઠીત ગણાતા માન્ય પુરૂષો પણ લોભે લાલચે ભળતી વાતો જણાવી ભરોંસે રહેતા ભોળા લોકોને ભરમાવી આંધળો બ્હેર કુટાવે છે. આવા વખતમાં શરમ સિપારસને તેમજ સ્વાર્થને પત્ નહિ કરતાં નિઃશંક અને નિડરપણે હિન્દુ ધર્મના સિદ્ધાન્તો નીતિ રીતિ તથા આચાર વિચારને સચોટ રીતે પ્રતિપાદન કરનાર તથા તેના પ્રતિપક્ષીઓનાં પાખંડોનું ખંડન કરી સત્ય માર્ગ દર્શાવનાર **મહાજ્યોતિ** એકજ પત્ર છે. રોયલ ચાર ફોર્મ—મોટાં ૩૨ પૃષ્ઠના આ માસિકનું વાર્ષિક મૂલ્ય પોષ્ટેજ સાથે માત્ર રૂ. ૨) અગાઉથી લેવાય છે અને તેનો નફો **શ્રી 'નૃસિંહ ગુરૂકુળ'** માં વાપરવાનો છે. લખવાથી નમુનાનો અંક મોકલવામાં આવે છે.

☞ સા. શ્રી. ન. પુ. સંઘવીકૃત **ચિન્તામણિ** નામનું એક રસમય અને હિતબોધક નવલ કથાનું પુસ્તક આ વર્ષના મહાજ્યોતિના ગ્રાહકોને ભેટ આપવાનું છે માટે જેમણે લવાજમ ન ભર્યું હોય તેવા ગ્રાહકોએ લવાજમ મોકલી ભેટનું પુસ્તક મંગાવી લેવા વ્યવસ્થા કરવી.

નિયામકઃ—'મહાજ્યોતિ'

નંબર ૨૬૩૫ ટંકશાળ સામે—**અમદાવાદ.**

वि. सं. १९७१ नी भेट.

चिन्तामणि.

(प्रथम खंड).

(એક રસમય અને હિતબોધક વાર્તા.)

લેખક,

સાક્ષરોત્તમ શીઘ્ર કવિવર

શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

અમદાવાદ.

પ્રકાશક,

હિંમતલાલ વ્રજવલ્લભ ચીનાવાળા,

નિયામક:—" મહાજ્યોતિ "

નં. ૩૬-૫ ટંકશાળ આગે—અમદાવાદ.

વિ. સં. ૧૯૭૧. ઇ. સ. ૧૯૧૪.

અમદાવાદ, શાહપુર–નવીપોળમાં પટેલ દલપતરામ મકનદાસે
પોતાના "પ્રજાહિતાર્થ" મુદ્રાલયમાં છાપ્યું.

મૂલ્ય રૂ. ૦-૮-૦. દ્વિતીયાવૃત્તિ–પ્રત ૧૦૦૦.

પ્રસ્તાવના.

નવલકથાઓનો સાહિત્યમાં સમાવેશ થતો હોવાથી અને સાહિત્યનો આશય આપણા દેશના સાહિત્યશાસ્ત્ર પ્રમાણે **रामादिवत्प्रवर्तितव्य न तु रावणादिवत्** અર્થાત્ રામાદિ નાયકો પ્રમાણે વર્તવું અને રાવણાદિ વ્યક્તિયોની પેઠે ન વર્તવું એવો સદુપદેશ રસ ભરેલી રીત્યે આપવો એવો હોવાથી-નવલકથાઓનો પણ સદ્ગુણ પ્રત્યે અનુરાગ અને દુર્ગુણ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરવાનો લક્ષ્યબિંદુ હોવો જોઇએ. પ્રાચીન સર્વે ભાષાઓમાં થયેલા લેખકોનો પણ આ જ સંપ્રદાય એક નિર્બંધ ચીલા પ્રમાણે છે.

પરંતુ જેને હાલ **"મોડર્ન યુરોપ"** એટલે **"હાલનો યુરોપખંડ"** કહેવામાં આવે છે તેમાં પ્રચલિત થયેલા નૂતન જમાનામાં ઉપદેશના લક્ષ્ય બિંદુને કેવળ વિસારે નાંખીને અથવા તો કેવળ ગૌણ બનાવીને માત્ર "રસ" અથવા "મઝંત" આપવાના આશયથી નવલકથાઓ અને કાવ્યો લખાવા લાગ્યાં: અને આપણા દેશના દુર્ભાગ્યે લેખકોને પણ વિવેકબુદ્ધિવિનાનો નકલખોર કપિસ્વભાવ પ્રાપ્ત થયેલો હોવાથી " આધુનિક યુરોપ " કરતાં પણ " આધુનિક ભારતવર્ષે " પચીસ ડગલાં આગળ વધીને કામ કરવા માંડ્યું અને **"रसो वैरसः"** એ વેદાન્ત વાક્યનો બને તેટલો ખોટો ઉપયોગ થવા લાગ્યો. "પ્રેમ એ પરમેશ્વર છે"—એ ભાવનાનો ખોટામાં ખોટો ઉપયોગ તો લોકમાં પ્રચાર પામેલા કેટલાક ધર્મના સંપ્રદાયોએ ક્યારનોએ કરવા માંડેલો જ હતો. પ્રત્યક્ષ ધર્મોપદેશકો તો બગડેલા

જ હતા, અને પરોક્ષ ધર્મોપદેશકો-સાહિત્યક્ષેત્રના લેખકો પણ પ્રગટ્યા. ઇન્દ્રિયનિગ્રહને અળખામણો ગણનાર "વ્યક્તિસ્વાતંત્ર્ય" નું સંસ્કૃત નામ કાનને મીઠું લાગે તેવું ધારણ કરીને જ્યાં ત્યાં મહાલનાર "મર્યાદાનો ભંગ" નો ભાવ તો મતિ અને રુચિને બગાડતો કલિયુગના પ્રથમ ચરણમાં જોરપર આવેલો હતો. લોઢાનો તાવડો, ગળીનું આધણ, મેંદી પક્કો ભમરો, રાત અંધારી અને હબસી હલાવનાર—એના જેવો બધો સાજ અને સામગ્રી એક સરખી મળી. સમયની બલિહારી છે—"રસરાજ શૃંગારનો કૃષ્ણ વર્ણ છે, એટલે કાવ્યમાં જ સર્વ રસનો સમાવેશ માની **સરસ્વતીને** કપાળે પણ ઉચ્ચ બ્રાહ્મણોએ મોટો કાળો **ચાંદલો** કર્યો, અને કસ્તુરીની નાની બિંદીને સ્થળે નાની સરખી નામની કંકુની **ટપકી** રાખી: અને કેટલાંક નરપશુઓના આદર્શોએ તો પણ ભાવનાની જ કેવળ ગર્જનાઓ કરીને તેમાં માધુર્યની મહાનદી માની." આ પ્રમાણે શારદાપૂજનનો નવો સંપ્રદાય ચાલ્યો. **દેશ બગડતાં પહેલાં જ ઉપદેશ બગડે છે.** તે પ્રમાણે આધુનિક ભારતવર્ષની અને તેમાં પણ અધરતમ ભાગે લોટતા ગુજરાતી સાહિત્યની સ્થિતિ એકવાર થઇ ચુકી છે. તો પણ સત્સિદ્ધાન્તસિન્ધુમાંથી નિકળતા વિવેકચંદ્રથી અને શ્રી સરસ્વતીનાં ભૂષણોમાંથી પ્રકાશતા મર્યાદારૂપ મણિની પ્રભાથી કેવળ અંધકાર થવા પામ્યો નથી. પ્રકાશની આશા તણાઇ ગઇ નથી. તેથી ઉપદેશમાં પ્રધાનપણે વર્તતાં છતાં રસ જેમાં એક સરખોજ ઉભરાયાં કરે છે, અને વાચકની રસવૃત્તિને સતત જાગ્રત્ રાખ્યા કરે છે, એવી આ "**ચિન્તામણિ**" નામની નવલકથા જે પ્રથમ "**શ્રી વિદ્યાર્થી જીવન**" નામના માસિકમાં છૂટક છૂટક પ્રસિદ્ધ થઇ હતી તેને પ્રજા આગળ પુનઃ મુકવાનો અમને ઉત્સાહ થયો છે.

આ પુસ્તક પ્રથમ વિભાગરૂપ છે; પરંતુ તેના બીજા વિભાગો પણ સત્વર બહાર પાડવાની વ્યવસ્થા કરવા ધારીએ છીએ. કેમકે આ જમાનામાં વાસ્તવ રાજભક્તિ, ધર્મરુચિ, સદ્‌ગુણ પ્રતિ આસક્તિ, અને દેશભક્તિરૂપ પ્રજાનાં લક્ષણો અન્તમાં સિદ્ધ થાય તેને માટે શાસ્ત્ર અને શિષ્ટ સંપ્રદાયને કોઈ પણ રીત્યે બાધ ન આવે તેવાં આ ચિન્તામણિ જેવાં જ નવલકથાનાં પુસ્તકોની જન-સમાજને ઘણે રાખવાને ખાસ જરૂર છે.

એક શાન્ત પ્રજાજનથી માંડીને તે છેક કાયદાની હદ બહાર જઈ પડેલા બહારવટીઆને પણ સદ્‌ગુણ ઉપર રુચિ થાય અને દુર્ગુણ ઉપર અરુચિ જ થાય એવાં પ્રભાસ્ફુરણ જેમાંથી થાય છે એવી આ “ચિન્તામણિ” નવલકથા છે. તે પ્રસિદ્ધ કરવારૂપ કાર્યથી “ગુર્જર ભાષા” સમાજનો પ્રજા વિરાટ્ પ્રસન્ન થાઓ.

દેવદીવાળી. | પ્રકાશક.
૧૯૭૧.

અનુક્રમણિકા.

॥ ॐ श्री ॥

चिन्तामणि.

(એક રસમય અને હિતબોધક વાર્ત્તા.)

प्रकरण १ लुं.

તરી પાર ઉતર્યો.

શ્રી લક્ષ્મીનો પિતા હોવાથી અને શ્રી વિષ્ણુનો સસરો હોવાથી પોતાની મહત્તાના ગર્વથી જાણે ગાજતો હોય એવા સમુદ્રને કિનારે એક દ્વીપાવર્ત્ત નામના અતિ વિશાલ નગરની બહાર એક સાર્વ-જનિક બગીચામાં એક લતામંડપની છાયામાં એક લાકડાની ચીપોની બનાવેલી પાટલી ઉપર એક ત્રેવીસ વર્ષની વયનો યુવાન પોતાના નેત્ર મીંચીને ઉંઘતા જેવો સુતો હતો. સમય ખરા બપોરનો હતો. જો કે એ નગરની હવા સમશીતોષ્ણ જ રહેતી તોપણ બપોરે તો દરેક ઋતુમાં જ્યારે જ્યારે વાદળાં ન હોય ત્યારે ત્યારે સૂર્યનો તાપ સહન કરવો કઠણ પડે એવો પડતો. તેથી જો કે સુવાની પાટલી સખત અને ચીપોની બનેલી હોવાથી ખૂંચે એવી હતી તોપણ લતામંડપની ઠંડક, સમુદ્રકિનારાની એકાન્ત અને મંદ મંદ શીતળ પવનને લીધે તે યુવાન અર્ધ નિદ્રિત થયો હોય એમ જણાતું હતું.

જ્યારે એ વ્યાપારની પ્રવૃત્તિમય અને ચોરાશી બંદરના વાવટા જેવું શહેર વિવિધ પ્રકારના ધંધારોજગારની પ્રવૃત્તિના પવનમાં કોઈ અટકચાળા લોકે કાંકરી મારીને ઉડાડેલા મધપુડાની પેઠે ઉડાઉડ કરી રહેલું હતું, તે વખતે આ યુવાનને આ પ્રમાણે એક અફીણીની પેઠે ઉંઘવાનું ક્યાંથી મળ્યું હશે એમ કોઇ અજાણ્યા પ્રવાસીને સહેજ શંકા થાય ખરી; પણ જો તે પ્રવાસી તેનાં દીદાર તપાસે તો તેને વળી એ શંકાનું કાંઈક સમાધાન મળે ખરૂં. તેનું મુખ સુકલકડું અને પીળચટા રંગનું જણાતું હતું, ખરે બપોરે ગળે ગળપટો વીંટેલો હતો, આંખે લીલાં ચસ્માં ચઢાવેલાં હતાં, પાટલુન તથા સ્ટોકિંગ અને બુટ પણ પોતપોતાને સ્થાને જ હતાં, છતરી પણ પાસે જ પડેલી હતી અને ગજવામાંથી નવીટન ટોનિક (નબળાઇ ટાળનાર ઔષધ) ની એક શીસી પણ તેનું બુચવાળું મોઢું બહાર કાઢીને ડોકિયાં કરતી હતી. આ ઉપરથી કોઇ પ્રેક્ષક પ્રવાસીના મનમાં એમ પણ આવે કે આ યુવાનનું શરીર માંદું હશે અને તેને કોઇ વૈદે બપોરને વખતે દરિયાઈ હવા ખાવાની ભલામણ કરી હશે; તે અહીં આવી સુતો હશે અને શ્રમને લીધે ઘસઘસાટ ઉંઘી ગયો હશે.

વાચક ! પણ આપણે આવી આવી અટકળો કરવાની કાંઇ જરૂર નથી. એક એના જેવા જ પણ તેથી સહજ જાડા પણ નરમ બાંધાવાળો તથા મોટી મોટી આંખોવાળો બીજો યુવક આવ્યો અને તણે પાસે આવીને સૂતેલા યુવકને ટોકયો:—કેમ મી૦ ચિન્તામણિ ઉંઘી ગયા છો કે શું ? આ કોઈ છત્રી બત્રી ઉપાડીને ચાલ્યો જશે તો ?

ચિન્તામણિ તરત જ બેઠો થઇને બોલ્યો:—આ ઉંઘ આવવાનો વખત ખરોને ! એતો માત્ર મગજ થાકી ગયેલું ભાસે છે

તેથી આંખ્યો મીચીને પડયો રહ્યો હતો. આવો બેસો, સુંદરલાલ.

સુંદરલાલ તેની સાથે બેસીને બોલ્યો:—શ્રમ તો મગજનો મને પણ એટલો બધો જણાયછે કે આખું શરીર પણ તેથી શિથિલ જેવુંજ લાગે છે. ઉંઘવાનું કરીએ છીએ ત્યારે ઉંઘ પણ આવતી નથી.

ચિન્તામણિ:—જો ઉંઘ આવે તોતો પછી શ્રમનું અને શિથિલતાનું કારણ જ રહે નહિ. નિદ્રાથી થાક ઉતરી જાય અને શરીર તથા મગજ બંને તાજાં થઇ જાય. પણ આતો મગજ ભારે ને ભારે રહ્યા કરેછે, તથા ઉંઘ આવતી નથી. આંખ્યો મીચીને હું પડી રહ્યો હતો, તેથી કાંઇક ઠીક લાગતું હતું, પણ મગજ તો જાગતું હતું અને તેમાં પરાણે પરાણે બીજા વિચારો આવ્યા કરતા હતા.

સુંદરલાલ:—વિચાર તો મને પણ આપણી પરીક્ષાના સવાલો વિષે, આપણે લખ્યુંછે તે વિષે, અને કેટલા માર્ક મળી શકશે તે વિષે, તેમજ પરીક્ષકોની રૂચિ વિષે વારંવાર આવ્યા કરેછે. પરંતુ તમારા જેવા અભ્યાસમાં કુશળ વિદ્યાર્થીને તો એવા ચિન્તાના વિચાર આવે જ નહિ, કેમકે પોતાની આવડતનો પોતાને પાકો વિશ્વાસ રહ્યો એટલે પરીક્ષા બાબતની તો નિરાંત જ. અમારા જેવા ઢચુપચુવાળાને તો ચિન્તાતુરતાનો પાર જ નહિ.

ચિન્તામણિ:—ભાઇ ! મને પણ પરીક્ષાના પરિણામની તો એટલી જ ચિન્તા રહેછે. પણ આપણે સારૂં લખ્યુંછે એ બાબતનો આપણને સંતોષ રહે. ગયે વર્ષે ઘણો સારો અભ્યાસ કર્યા છતાં, અને પાસ થવાની સોએસો ટકા ખાતરી છતાં પણ જ્યારે પાસ થયેલા વિદ્યાર્થીઓનાં નામોમાં મારૂં નામ આવ્યું નહિ, ત્યારે મને જે શોક થયો હતો તે કહી શકાય તેવો નથી. વખતે આ વર્ષે પણ તેવો જ અકસ્માત્ બને તેને માટે તો મને તમારા કરતા પણ વધારે ચિન્તા થાય છે. આજે પણ પરીક્ષાનો પરિણામ

જણાવાનો છે તેની ચિન્તાતુરતામાં જપ નહિ વળવાથી વિદ્યાલયની પાસેના આ બાગમાં જ આવીને પડયો રહ્યો છું. આજે અગીઆર વાગતાં પરીક્ષાનો પરિણામ જણાવાનો હતો તેથી આપણે સઉ અત્રે આવ્યા પણ પરીક્ષકમંડલનુ માર્કના સરવાળા કરવાનું કામ હજુ પુરૂં થઈ રહ્યું નહિ હોય, તેથી સાંજના પાંચ વાગ્યા ઉપર પરિણામ જાહેર કરવાનું કામ તેઓએ મુલતવી રાખ્યું છે. તેથી હું તો અત્રે એકાન્તમાં આવીને આશા ચિન્તાની ભરતી અને ઓટથી મગજને લાગેલો શ્રમ ટાળવાને માટે અત્રે સમય ગાળતો પડયો રહ્યો હતો.

સુંદરલાલઃ—કોઈ તો કહે છે કે, પરીક્ષકોમાંના એક પોતાના તપાસવાના કાગળોની એકાદ થોકડી ખોઈ નાંખી છે તેથી બધા ગોટાળામાં પડયા છે.

ચિન્તામણિ આ વાત સાંભળતાં જ એકદમ ફીકો પડી જાય છે, અને જાણે ફરીને પણ તેનો કાગળ ખોવાયાથી તે નાપાસ થયો હશે એવા ભયનો ચિતાર તેની મુખમુદ્રા ઉપર સ્પષ્ટ જણાય છે, તેને પોતાની તબિયત ઉપર ચિન્તાની વધારે અસર થતી જણાતી હોવાથી, પોતાના ગજવામાંથી પેલા નર્વાઈન ટોનિકની સીસી કાઢી તેમાંથી ધ્રુજતે હાથે અંદાજે એક ડોઝ પીએ છે. પાછો તે સીસીને બુચ મારી પોતાના ગજવામાં મૂકીને સહજ થરડાતે અવાજે તે બોલ્યોઃ—જો એમજ બન્યું હોય તો પરીક્ષકોની બેદરકારીથી બિચારા ઉમેદવારોને બહુજ નુકશાન થવાનો સંભવ રહે. કોણ જાણે કોણે આ અકસ્માતનો ભોગ થઈ પડશે !

સુંદરલાલઃ—કેટલાક પરીક્ષકો તો બિચારા એવા ભલા હોય છે કે જે ઉમેદવારોના કાગળો ખોવાયા હોય તે સાને ઓછામાં ઓછા પાસ થવા જેટલા માર્ક તો આપી જ દે છે, માટે આવો અકસ્માત

કોઇ અમારા જેવા આડું અવળું તીર ફેંકનારને તો ફાયદાકારક પણ થઈ પડે છે.

ચિન્તામણિઃ—પણ કોઇને વ્યાજબી માર્ક મળે તો તે ઉપરના ક્લાસમાં પાસ થાય તેમ હોય, તેને એ પ્રમાણે અટકળથી માર્ક મળે તેમાં અન્યાય થઇ જાય ખરો.

સુંદરલાલઃ—હા, એમાં તમારા જેવા ખાસ મહેનતુ અને હોશિયાર ઉમેદવારને વખતે થોડોક ગેરલાભ થઇ જવાનો સંભવ ખરો.

ચિન્તામણિઃ—વખતે મી૦ આઉલ જેવા પરીક્ષકો હોય તો પોતે કાગળ ખોયા નથી અને બરોબર ચાપચીપ કરીને તપાસ્યા છે એમ બતાવવાને થોડાક વિદ્યાર્થીઓને નાપાસ પણ કરે; અને તેમાં ગમે તે કોક આવી ગયો તો ગમે તેવો હોશિયાર હોય તોપણ તેનાં ડોસલાં બેસી જાય. અમે તે શું કાંઇ માથું લાવ્યા?

સુંદરલાલઃ—તમે તો વળી બીજીવાર પરીક્ષામાં બેસો. અને મૂળે અભ્યાસ કરનાર રહ્યા એટલે વધારે અભ્યાસ થતાં વધારે ઉંચા નંબરે પાસ થાવ. પણ અમારા જેવા તો લાગ્યું તો તીર નિકર તક્કો કરનાર તો કંટાળીને અધવચ કાપીને ચાલ્યા જાય અને કશાયમાં રહે નહિ.

ચિન્તામણિઃ—છે જ. નહિ પેલો આપણી સાથે મેટ્રિક કલાસમાં હતો તે શોભારામ વાણિયો બિચારો એક બે વાર મેટ્રિકમાં નાપાસ થયો તેથી અભ્યાસ છોડી દીધો, તે બિચારો કયાંએ રખડતો હશે!

સુંદરલાલઃ—એ એકલો જ નહિ પણ પેલો મુસલમાન રહેમુ પાંચમા ધોરણમાંથીજ આથડી પડ્યો તે કયાંએ ટીચાતો હશે! દીવાસળીની પેટીઓ વેચતો હશે કે કોઇને ત્યાં ગાડીવાન રહ્યો હશે!

ચિન્તામણિઃ—એ તો છે જ. આ સમયમાં વિદ્યા વિના માન કે આબરૂ કાંઇ નથી. માટે ગ્રેજ્યુએટ થઇને આપણે કામે લાગવું. તે

શિવાય કાંઇ પણ બની શકે નહિ. માટે એટલી છાપ મળતા લગીતો જીવને ચિન્તામાં રાખીને તથા શરીરને સંતાપીને પણ મહેનત કર્યા વિના છુટકો નથી. વળી જો આ પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થઇ જાઉં તો કાંઇક શિક્ષાગુરૂની કે હેડમાસ્તરની જગો પણ મળી જાય તો નિરાંતે નિર્વાહ કરવામાં કશી પણ અડચણ આવે નહિ. પણ એ બધું આ પરીક્ષાના પરિણામ ઉપર છે.

સુંદરલાલ:—ભાઇ ! એતો ખરી જ વાત છે; પણ તમારા જેવા મહેનતુ અને બુદ્ધિવાળાને તો એક નહિ તો બીજે વર્ષે પણ પાર આવવાનો નવાણુ ટકાનો સંભવ ગણાય અને તે પણ વધારે ઉંચે નંબરે આવવાનો સંભવ ગણાય. છતાં તમે આટલા બધા ચિન્તા-તુર શા માટે રહો છો ?

ચિન્તામણિ:—આ વર્ષ મને ચિન્તા વિશેષ રહે છે, તે એટલાજ માટે કે હું એક ગરીબ માબાપનો છોકરો છું અને નંદુ મહેતાજીના દીકરા કામેશ્વર સાથે ખાઉં છું પીઉં છું અને અભ્યાસ કરૂં છું; નંદુ મહેતાજી થોડી સંપત્તિવાળા છતાં દયાળુ અને વિદ્યાને ઉત્તેજન આપનાર છે તેથી તેમના દીકરા ભેગું મારૂં પણ ખર્ચ નિકળે છે. નિકર આ ખર્ચવાળા શહેરમાં રહી હું અભ્યાસ કરી શકું એટલી મારાં માતા પિતાની શક્તિ નથી. તમે જાણોછોકે કામેશ્વર મારા કરતાં એક વર્ષ પાછળ હતો તે મારા એક વર્ષ નાપાસ થવાથી મારી સાથે થઇ ગયો છે. અને એ જો આ વર્ષે પાસ થઇ જશે, અને હું કોઇ દૈવયોગથી આખડી પડ્યો તો પછી કામેશ્વર પોતાને ઘેર જશે તો મારે એકલાને માટે કાંઇ નંદુકાકા ખર્ચ રાખશે નહિ; અને નિરાધાર થઇ મારે અભ્યાસ અહીંથી જ છોડી દેવો પડશે. માટે મારે ચિન્તા કરવાનું ખરેખરૂં કારણ છે કે નહિ તેનો હવે તમે વિચાર કરો.

સુંદરલાલઃ—(સહજ ચિન્તાતુર ચહેરે) ગરીબ અથવા મ-ધ્યમ સ્થિતિનાં માબાપનાં છોકરાંઓને તો સમય જવા કરતાં ખર્ચનો વિચાર જ ચિન્તામાં નાખનાર છે એમાં કાંઇ શક નથી; પણ ચાલો હવે આપણે વિદ્યાલયમાં જઇયે. પરીક્ષાનો પરીણામ જણાવાનો વખત થયો હશે.

પોતાના સાથીના આ શબ્દો સાંભળીને ચિન્તાતુર ચહેરે, ખડકતે હૃદયે, અને લથડતે પગે આપણો ચિન્તામણિ ઉભો થયો અને તેના નબળા પડી ગયેલા મગજ ઉપર અસર થવાથી તેને ચક્કર આવવા જેવું થવાથી પાછો પોતાની આંખ્યો બે હાથે દાબીને જમીન ઉપર બેસી ગયો. તેને જરીક કળ વળી એટલે તે ઉભો થયો. તેની આ સ્થિતિ જોઇને સહેજ ભોળા પણ અનિયમિત સ્વ-ભાવવાળો સુંદરલાલ બોલ્યોઃ—તમે ચિન્તા નકામી કરશો નહિ. તમે પાસ જ થશો. કદિ નાપાસ થશો તોપણ નંદુમહેતા દયાળુ છે. તે અમારી નાતના સદ્ગૃહસ્થ છે. તે કામેશ્વર પોતાને ઘેર જશે તોપણ તમને એકાદ વર્ષનું ખર્ચ તો નાપાસ થશો તોપણ આપશે. મારા માસાના તે મિત્ર થાય છે. તેમની પાસે હું ભલા-મણ કરાવી આપીશ. તમારા જેવા ભલા વિદ્યાર્થીને મદદ કરવી એ મારૂં કામ છે. હું ભણવામાં હોશિયાર નથી અને નશીબયોગે દરેક ફેરી પાસ થતો થતો તમારી જોડે અત્યાર લગી નભતો આવુંછું. તોપણ જે મહેનતુ અને ગરીબ વિદ્યાર્થીઓ હોય છે તેમને માટે મને લાગણી અને મમતા સ્વાભાવિક રીતે રહેછે.

પછી ચિન્તામણિ અને સુંદરલાલ એક બીજાનો હાથ પકડી વિદ્યાલય તરફ ચાલ્યા ત્યારે પોણાચાર વાગવાનો સમય થયો હતો, પણ સૂર્યના કિરણની ઉગ્રતામાં કાંઇ ઘટાડો થયેલો જણાતો નહોતો. તોપણ પાસે આવેલો સમુદ્ર પવનને ઠંડો કરીને મોકલતો હતો

તેથી સૂર્યની ઉગ્રતાની ઝાઝી અસર જણાતી નથી; પણ સમુદ્રની સપાટી ઉપરથી પરાવર્તન પામીને આવતી તડકાની ચળકી અને સપાટ મેદાન જેવા રસ્તાઓ ઉપર ચારે તરફ જણાતા તડકાના વિસ્તારથી આંખ્યો ઝાંખ મારી જતી હતી. આ બંને વિદ્યાર્થી-યુવાનો વિદ્યાલયના મકાન પાસે આવી પહોચ્યા ત્યારે આશરે ચાર પાંચ મિનિટ જ ચાર વાગવામાં કમ હતી. વિદ્યાલયના મકાનની પશ્ચિમ બાજુએ આવેલા છાંયડાવાળા મેદાનમાં પરીક્ષાનો પરિણામ જાણવાને માટે આતુર એવા અનેક વિદ્યાર્થીઓ ભેગા થયા હતા; કેટલાક તો પોતાના મિત્રોનો પરિક્ષાનો પરિણામ જાણી તેમને ખબર આપવાને માટે તારનાં ફોર્મ લેઇને આમ તેમ ફરતા હતા તે સર્વ વિદ્યાર્થીઓના મોઢા ઉપર ચિન્તારૂપ ચકલી પોતાની આશા અને નિરાશાની પાંખો ફફડાવતી પ્રત્યક્ષ જણાતી હતી.

પુરાતન સમયનાં શાન્ત મુનિકુળરૂપ વિદ્યાલય કરતાં આ વિદ્યાલયનો દેખાવ જુદીજ તરેહનો હતો. શિષ્યની યોગ્યતા શિક્ષક મુનિયો જાણીને તેમને ઉપાધ્યાય, યાજ્ઞિક, આચાર્ય, પાઠક, વગેરે ઇલકાબ આપતા અને તેઓની પરીક્ષા તેઓ જનસમુદાયમાં ઉપયોગી થઈ પડી તેમનું કર્તવ્ય બજાવતા તે ઉપરથી થતી. અહીં તો આખા વર્ષની મહેનત પરીક્ષકના તરંગ ઉપર અફળ કે સફળ થવાની હતી. હાલના ટબકિયા દેવાળવા વહેપારોના જેવી જ ટબકિયા પદવીઓ આપનારી અને વિદ્યાર્થીઓનાં હૃદયને અંતરિયાળ ટિંગાવી રાખી રિબાવનાર ફાંસીના સ્થળ જેવો દેખાવ ત્યાં જણાતો હતો. પોતાના અંતર્યામીનાં વખાણ નહિ પણ બહારના કોઇ માણસની સાબાશી ઉપર પરાધીન જીવન કરતાં શીખવવાની આ જગો હતી. જન્મ લગી ઉપયોગી થઈ પડે અને પોતાના દેશનો ઉદય કરી શકે એવી બુદ્ધિને

વધારનાર આ જગો જણાતી નહોતી. પણ એક પરીક્ષાના સમય માટે જ ભડકો થઇને પછી હોલાઇ જાય એવી બુદ્ધિપ્રયત્ન કરવાની આ જગો જણાતી હતી.

જે બારીમાં ઉભો રહીને વિદ્યાલયનો નોંધણી ખાતાનો અધિકારી પરીક્ષાનો પરિણામ હમેશ વાંચી સંભળાવતો હતો તે પૂર્વની બારી આગળ સુન્દરલાલ અને ચિન્તામણિ બંને વિચારમાં નિમગ્ન થઇને ઉભા હતા કેમકે ત્યાં આગળથી પરીક્ષાનો પરિણામ સાંભળવાની અનુકૂળતા પણ હતી અને તે વિદ્યાલયના મકાનનો જ છાંયો ત્યાં આગળ પડતો હતો, કારણ કે સૂર્ય પશ્ચિમ તરફ નમી ગયેલો હતો. આ વખતે એક બીજો વિદ્યાર્થી જેવો જરીક ભભકાબંધ લુગડાં પહેરેલાં હતાં અને જે પોતાના વેશ અને કેશની બાબતમાં ટાપટીપીઓ જણાતો હતો તથા સહજ ચિન્તાની સાથે છેલાઇનું હસતું જેના મુખ ઉપર રમી રહ્યું હતું, તેણે આવીને ચિન્તામણિને બાવડેથી હલાવીને પૂછ્યું:—કેમ ચિન્તામણિ, યાર ! શા વિચારમાં પડયા છો ?

ચિન્તામણિએ સરલતાથી જ ઉત્તર આપ્યો:—એ તો આ પરીક્ષાનો જ વિચાર તો, તમે તો પરમેશ્વરની કૃપાથી આ ફેરી પાસ થાવ તો ઘેર સિધાવો અને મારૂં પ્રારબ્ધ ગયા વર્ષની પેઠે આ ફેરી પણ અવળું પડે તો મારે તો રહેવાની તથા ખાવાપીવાની પાકી અડચણ પડે. કામેશ્વરભાઇ ! તમારા જેવા ભાગ્યશાળીને બધું અનુકૂળે અનુકૂળ ઉતરી જાય, અને વખતે મારા જેવાને વાંકા નશીબે વાંકુંવાંકું થઇ જાય તેની ચિન્તા થયા જ કરે.

કામેશ્વર આશા ઉત્સાહ અને ચિંતાથી કુલ ભરેલા હાસ્યથી બોલ્યો:—આપણે તો હમેશ નશીબને લાધે થોડી સહેજ લાજ મહે-

નતે પાસ જ થતા આવીએ છીએ. આ ફેરી પણ પાસ જ થવાના. પછી આપણે તો તરી પાર ઉતર્યા.

ચિન્તામણીઃ—ભાઇ તમારા જેવા સંપત્તિવાળા મનુષ્યને તો એક વર્ષ વધારે ખેંચાય તોપણ એમાં કાંઇ બુડવા જેવું નહિ, અને અમારા જેવા આપના પિતાએ ઉદારતા ઉપર અભ્યાસ કરનારને ખરેખરૂં બુડવા જેવું થાય.

કામેશ્વરઃ—નહિ મારા પણ ખરા સુખનો આધાર તો હું આ વર્ષ જ પાસ થઇ જાઉં તેના ઉપર છે. આ વખત જો નાપાસ થાઉં તો આવતે વર્ષે પાસ થવું તે મારે નકામું જ છે.

આટલું બોલતાં બોલતાં કામેશ્વરના મોઢા ઉપર આશા નિરાશાનો અખાડો જામેલો જણાયો, મુખ ઉપર હાસ્યની છાયા અને મરણતોલ નિરાશાની છાયા એવી તો આવજા કરતી હતી કે અંધારી રાતની વીજળીના ચમકારા અને ગાઢ અંધકાર વારા ફરતી થતા હોય એમ ભયંકર બેચેની ઉત્પન્ન કરતી હતી; પરંતુ પોતાની જ ચિન્તામાં ડુબી રહેલો ચિન્તામણિ આ કશું સમજી કે કળી શક્યો નહિ. સુંદરલાલ પણ પોતાના જ વિચારમાં મગ્ન હોવાથી કામેશ્વરના મુખ ઉપર તેનું ધ્યાન પડયું નહિ, અને કદી પડયું હોત તોપણ તે કશું કળી શકે તેમ નહોતું.

અડધી જીવતી અડધી મરેલી અડધી જાગતી અને અડધી ઉંઘતી જેવી સ્થિતિમાં ચિન્તાતુર વિદ્યાર્થીઓનો સમય ઘણો ધીમે ધીમે જતો હતો; પરંતુ રજીસ્ટ્રાર બારી ઉઘાડી પરિણામ જાહેર કરવા ક્યારે દેખાવ દે એવી તેઓની આતુરતા તૃપ્ત થતી નહોતી. છેવટે પાંચ ઉપર પાંચ મિનિટ થઇ એટલે પેલી બારી ઉઘડી અને સર્વ વિદ્યાર્થીઓની નજરે હાથમાં પરીક્ષાના પરિણામનું પત્રક અને ખુલ્લે માથે એક ઇંગ્રેજ રજીસ્ટ્રારનું શરીર કમરથી માથા લગી દેખાયું.

તરત જ તેની તરફ સર્વ વિદ્યાર્થીઓ ચુંબકની પાસે જેમ લોઢાના ભુકાના કણ ખેંચાઈ જાય તેમ ખેંચાઈને બારી પાસે જઈને ઉભા અને તેના મુખમાંથી પાસ થનાર વિદ્યાર્થીઓના નંબર બોલાશે માટે સૌ પોતાના કાનને તે તરફ યોજીને સ્થિર થઈ ગયા. સૌ વિદ્યાર્થીઓ પોતે કોણ છે અને પોતાનું નામ શું છે તે એક ક્ષણમાં ભુલી જ ગયા, અને પોતે જાણે નંબર જ હોય એમ પોતાના નંબર રૂપ બનીને તન્મય થઈ ઉભા.

"બી. એ. ની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓના નંબર નીચે છે"—એવી ટુંકી પ્રસ્તાવના કરીને જ રજીસ્ટ્રારે સ્પષ્ટ રીતે સમજાય તેમ પણ કાંઈક ઉતાવળથી એક પછી એક પાસ થયેલા વિદ્યાર્થીઓના નંબર બોલી દીધા, અને જાણે દેવદૂત વિદ્યાર્થીઓને મોતની શિક્ષા કે જીવનની બક્ષીસની ખબર વાંચી બતાવીને ચાલ્યો ગયો હોય તેમ તે ચાલ્યો ગયો અને કેટલાક વિદ્યાર્થીઓનાં મોઢાં કરમાઈ ગયેલાં જણાયાં અને કેટલાકનાં મોઢાં ઉપર જાણે હરણાં જ મોતમાંથી ઉગરેલા હોય તેમ ચિન્તાની અસર ઉપર હર્ષ છવાયો. આ પ્રમાણે જેમના મોઢા ઉપર હર્ષ છવાયો હતો, તેવા વિદ્યાર્થીઓમાં આપણો ચિન્તામણિ અને સુંદરલાલ એક બીજાને પરીક્ષા પસાર કરવા માટે અભિનંદન આપતા ઉભા હતા.

ચિન્તામણિ બોલ્યો:—આપણે તો જો કે મહેનતના પ્રમાણમાં ઉંચા વર્ગમાં પાસ ન થયા, તોપણ બીજા સદ્ગૃહસ્થને હવે બોજારૂપ પરગામમાં રહેવામાંથી મુક્ત થયા એટલે ઇશ્વર કૃપાથી **તરી પાર ઉતર્યા**; પણ મારા ઉપકારક સાથી કામેશ્વરનો નંબર બોલાયો કે નહિ, તે ઉપર મારૂં ધ્યાન રહ્યું નથી. મારો નંબર બોલાયા પછી મારૂં અંતઃકરણ હર્ષથી અસાવધાન થઈ બીજા વિચારોમાં પેસી ગયું હતું.

સુંદરલાલ બોલ્યોઃ—અને મને તો કામેશ્વરનો નંબર જ યાદ નથી. તમે તેમને આટલામાંથી શોધી કાઢો અને પુછી લ્યો. મારે મારા મોટા ભાઇને તાર કરવા જવું છે, કે હું ઇશ્વર કૃપાથી પાસ થયો છું. મારો અભ્યાસ દૃઢ નથી પણ પરમેશ્વરની કૃપાથી અત્યાર લગી મારૂં એકે વર્ષ નકામું ગયું નથી, અને તેમાં ફક્ત પરમેશ્વરની કૃપા જ કારણ છે. એમાં મારૂં કાંઈ સામર્થ્ય કે મહત્તા નથી. તમે પણ ચિન્તામણિ મટીને નિશ્ચિન્તમણિ થયા તેથી મને બહુ આનંદ થયો.

આટલી કહીને સુંદરલાલ તો એકદમ ચાલતો થયો અને નજર બહાર નીકળી ગયો. આપણો ચિન્તામણિ તો પોતાના ઉપકારકના પુત્ર અને પોતાના સાથી કામેશ્વરને શોધવા લાગ્યો. વિદ્યાર્થીઓનાં ટોળાં જે હર્ષ શોકમાં એક બીજા સાથે પરીક્ષાના પરિણામની સખ્તાઇ અને નરમાશ વિષે ચર્ચા કરતાં ત્યાં ઉભાં હતાં, તેમાં દરેક સ્થળે કામેશ્વરને માટે તપાસ કરતો તે ફરી વળ્યો, પણ કામેશ્વર જણાયો નથી તેથી તેણે એવું અનુમાન બાંધ્યું કે વખતે તે પાસ થયો જ હશે અને તે પોતાના પિતાને તાર કરવાને માટે પાસેના સ્ટેશને ગયો હશે. તેથી ચાલો ત્યાં ખબર કાઢું—એવો વિચાર કરીને ચિન્તામણી ઉતાવળે પગે સ્ટેશન તરફ ચાલ્યો. સ્ટેશનની તાર ઓફીસ રેલ્વે લાઇનની પેલી તરફની બાજુએ હતી, સ્ટેશનની તે બાજુએ જવાને એક રેલ્વેના ઝાંપે થઇને રસ્તો હતો. તેથી તે રસ્તા તરફ તે ચાલ્યો. ચિન્તામણિના મનમાં કામેશ્વરને માટે ખરેખરી લાગણી હતી, તેનાં કારણો વાચકને ક્યારનાંયે જાણીતાં છે. કામેશ્વર આશ્રય દાતા અને ચિન્તામણિ તેનો આશરાગતિયો હતો. તેથી જો કે કામેશ્વર ચિન્તામણિને પોતાના અંતરના મિત્ર તરીકે ગણતો નહોતો તોપણ ચિન્તામણિ કામેશ્વરના સુખમાં પોતાને સુખી માનતો હતો અને તેને દુઃખ હોય ત્યારે દિલાસો આપવાને ખરા દિલથી તત્પર

રહેતો હતો. આથી તે ગરીબ માબાપનો દીકરો ચિન્તામણિ પોતાના પાસ થયાના હર્ષમાં પોતાના સાથીને વિસરી ગયો નહિ, પણ તે પાસ થયો હશે કે નહિ તે જાણવાને અને પાસ થયો હોય તો તેને અભિનંદન આપવાને અને નાપાસ થયો હોય તો તેનો ઉત્સાહ ટકાવી રાખવાને તથા દિલાસો આપવાને કામેશ્વરને શોધવાને ચાલ્યો. બિચારા ગરીબ ચિન્તામણિ પાસે પૈસા ઉભરાઇ જતા નહોતા તેથી તે પોતાનાં માતાપિતાને તો તારને બદલે પત્ર જ લખવાનો હતો. પણ તેને એટલી તો ઇચ્છા હતી કે જો કામેશ્વર તેના પિતાને તાર કરતો હોય તો પોતે પાસ થયાના સમાચાર અને આભારનો શબ્દ ઉમેરવાનો લાગ મળે તો સારૂં. આથી તે ઉતાવળો સ્ટેશન તરફ ચાલ્યો.

પ્રકરણ ૨ જું.

એનું કાંઇ કારણ ? એ તો કાંઈ નહિ.

ચિન્તામણિ ચાલતો ચાલતો પેલા સ્ટેશન પાસેના ઝાંપા આગળ ગયો, તે વખતે ઝાંપો બંધ થયેલો હતો, અને સ્થાનિક ગાડીઓમાંની એકાદ ગાડી આવતી હતી, એમ જણાતું હતું. તેથી તે ગાડી આવી જાય ત્યાં લગી ચિન્તામણિ ઝાંપા આગળ થોભવાનું ધારી ઉભો. ઘણે છેટે ઇન્જીનનો ધુમાડો નીકળતો જણાયો તે તરફ ચિન્તામણિની નજર સ્વાભાવિક રીતે ગઈ. પણ તેની નજર તે તરફ જતાં જ તેને કામેશ્વર થોડેક દૂર સડક

આગળ ઉભેલો જણાયો. તે રેલ્વેના પટાની પાસે જ ઉભો હતો. ગાડીનું ઇન્જીન પાસે પાસે આવતું જણાતું હતું એટલામાં કામેશ્વર તે સડકના પટા ઉપર પોતાનું ગળું ગોઠવીને આડો પડીને સુઇ ગયો. એક વિજળીના ચમકારાની પેઠે કામેશ્વરનો આપઘાત કરવાનો ઇરાદો આપણા ચિન્તામણિના ચિત્તમાં આવી ગયો. તે સમજી ગયો— સમજતાંની સાથે જ તે ઝાંપામાં પેશીને જ્યાં કામેશ્વર સડકના પટા ઉપર પડ્યો હતો ત્યાં તેની પાસે દોડી ગયો અને ઇન્જીન આશરે દશેક ફુટ વેગળે હશે એટલામાં તો તેણે મરણીઆ કામેશ્વરના પગ પકડીને તેને એક કોરાણે ખેંચી લીધો, અને તે ફરીને પોતાના પ્રાણનો ઘાત કરવાને પ્રયત્ન કરે તેટલા માટે પોતાના સબળા જોરથી તેને દબાવી રાખ્યો. ગાડી ચાલી ગઇ અને કામેશ્વર ઉગરી ગયો નહિ તર કામેશ્વરનું કામ નિકળી જાત. કામેશ્વર આપણા માંદલા ચિન્તામણિ કરતાં તો મજબુત હતો, તો પણ નિરાશાને લીધે, આવા આત્મઘાત જેવા મૂર્ખાઇ ભરેલા કૃત્યમાં પોતાના જ સાથીવડે પકડાઇ ગયો તેથી કાંઇક શરમીંદો થવાથી અને પ્રાણત્યાગનો નિશ્ચય એક વાર કોઇ પણ કારણથી અમલમાં આણવાનો પ્રયત્ન કરતાં પ્રાણનો સ્વાભાવિક પ્રેમ અટકાવેજ છે એ નિયમને અનુસરીને આપણા બાઘા ચકવા જેવા બની ગયેલા કામેશ્વરે આપણા અદમાણસા જેવા ચિન્તામણિના તેને બચાવવાના પ્રયત્ન સામે કાંઇ પણ જોર કરી તરફડીયાં ન માર્યાં. નિકર તો કામેશ્વર ચિન્તામણિને પણ પોતાની સાથેજ ખેંચીને લેઇ જાત અને બંને જણ ગાડી નીચે કચરાઇ મરત. ગાડી તો એક સપાટે ચાલી ગઇ પણ કામેશ્વરને પટા ઉપરથી ખેંચી લેઇને ચિન્તામણિએ પકડી રાખેલો તે પાસેના ઝાંપા આગળ ઉભા રહેનાર પોલીસના સિપાઇએ જોયેલું તે હાલ તે ઠેકા-

જુણી આપણું! ચિન્તામણિ અને કામેશ્વર ઉભા હતા ત્યાં આવી પહોંચ્યો. તેણે કામેશ્વરને આપઘાત કરવાની કોશેસના ગુન્હા માટે તરત જ અટકાવમાં રાખવાને તેનું કાંડુ પકડયું; પણ કામેશ્વર તો આ બધું જે જે બન્યું હતું તેથી એવો તો ચોભીલો બની ગયો હતો કે એક શબ્દ પણ બોલી શકયો નહિ. તથાપિ આપણા ચિન્તામણિએ ફરીને પણ એક વાર સમય સૂચકતા વાપરીને હાજરજવાબી કરી. ચિન્તામણિ જાણે કાંઇ પણ બન્યું જ ન હોય તે પ્રમાણે બોલ્યોઃ—જમાદાર સાહેબ! આમાં આ ગૃહસ્થે કાંઈ પણ ગુન્હો કર્યો નથી, માટે તેને છોડી દો, એ ભણ્યાગણ્યા સદ્‌ગૃહસ્થ છે અને આત્મઘાત જેવા મુર્ખાઇ ભરેલો ગુન્હો કરવાનો એ ભાઈ પ્રયત્ન કરે તેવા નથી. તે કાયદાથી વાકેફ છે કેમ કે તેમણે એલ એલ. બીનો અભ્યાસ કરવાનાં ટર્મસ્ પણ ભરેલાં છે.

પોલીસ બોલ્યોઃ—ગમે તેમ હોય પણ ગાડી આવતી વખતે તે પોતે સડકના પાટા ઉપર આડો પડ્યો હતો તેને તમે બચાવ્યો, એ મેં નજરે જોયું છે. જો તમે તેને બચાવ્યો ન હોત તો આત્મઘાત કરવામાં ફતેહ પામત, માટે હું તો તેમના જમાન લેવામાં આવે ત્યાં લગી જવા દેવાનો નથી, હું તો તેમને મારા ઉપરી અધિકારી પાસે લેઇ જઇશ. ગમે તેમ થાય પણ મારી ફરજ બજાવ્યા વિના હું રહેવાનો નથી.

ચિન્તામણિ ફરીને હસતાં અને સહજભાવનો ડોળ કરીને બોલ્યોઃ—જુઓ કોન્સ્ટેબલ સાહેબ! તમે બધું જોયું તો ખરૂં, પણ તેનો ખરો ભેદ તમે હજુ સમજ્યા નથી તેથી તમે આ ગૃહસ્થ ગુન્હો કર્યો એમ માનો છો; બાકી આમાં તેમણે આત્મઘાત કરવાનું સ્વપ્નામાં પણ ધાર્યું નહોતું. દેખીએ તેનો પણ ભેદ સમજીને જ આગળ પગલું ભરવું સાહેબ!

પોલીસ વિચારમાં પડીને બોલ્યો:—આમાં વળી શો ભેદ છે! જો કાંઈ ખુલાસો કરવા જેવું હોય તો મને કહો. હકીકત ઉપરથી મને એમ જ લાગશે કે આમાં કાંઇ ગુન્હો બન્યો નથી તો હું આમને છોડી દેઇશ.

ચિન્તામણિ બોલ્યો:—એક તો તમે આ ગૃહસ્થના દેખાવ ઉપરથી જ વિચાર કરો કે તે સુશિક્ષિત જણાય છે કે નહિ! વળી હું એમના ભેગો જ રહું છું; એમને કોઇ કોઈ વાર ફેફરાના જેવો ચક્રરનો વ્યાધિ છે, તેથી ચક્કર આવવાથી જ તે અહીં સડક ઉપર પડી ગયેલા તેમને મેં સડક ઉપરથી ખેંચી લેઇને બચાવ્યા છે, તે કાંઇ આપઘાત કરતા નહોતા. બીજું જો તે પોતાની મેળે આપઘાત કરવા સડક ઉપર સુતા હોય તો તેમને કાંઇ વાગે નહિ, પણ તે તો ચક્કર આવતાં બેશુદ્ધ થઇને પડી ગયેલા છે તેથી જ તેમને ગાલ અને કપાળ ઉપર છોલાયું છે, તે જુઓ. એમ કહીને ચિન્તામણિએ કામેશ્વરને ખેંચી લેતાં ઘસડાયાથી જે છોલાયું હતું તે દેખાડી પોલીસનું ધ્યાન ખેંચ્યું. કામેશ્વરના સુશિક્ષિત સદ્‍ગૃહસ્થ જેવા દેખાવથી, તેમ જ ચિન્તામણિ જેવા કામેશ્વરના ભેગા રહેનારે કહેલી આ હકિકત ઉપરથી, તેમ જ કેસ આગળ જશે તો પણ કામેશ્વરને રેલ્વે નીચે કચરાઇ મરતાં ઉગારનાર શખ્સની આવી જુબાનીથી કેસ માજીસ્ટ્રેટની કોર્ટમાં મારર્યો જશે, અને પરિણામે સાબાશી નહિ મળે એમ ધારીને તે પોલીસ કોન્સ્ટેબલે કામેશ્વરને છોડી દીધો અને તેને લેઇને ચિન્તામણિ પોતાના રહેવાના સ્થળ તરફ ચાલ્યો.

રસ્તે ચાલતાં ચાલતાં જ્યારે કોઈ ઘણાં માણસોના અવરજવર વિનાનો ભાગ આવ્યો ત્યારે ચિન્તામણિએ ઘણી લાગણી સાથે કામેશ્વરને પૂછ્યું:—ભાઈ! તમને આ શું સુઝ્યું?

કામેશ્વરે શરમ, ગભરાટ અને શોક વિકળતાથી જવાબ આપ્યો:—" કાંઇ નહિ ? કાંઇ નહિ ? "

ચિન્તામણિએ ફરીને વધારે ઉંડા ઉતરવાના હેતુથી પુછ્યું:– તોપણ આ બનાવના કારણ વિષે જાણવાને મને ઘણી જ ઇન્તેજારી થાય છે. જો કદિ પરમેશ્વરે મને આ અણીને પ્રસંગે તમારી પાસે અકસ્માત્ ન મોકલ્યો હોત, અને કાંઇનું કાંઇ થઇ ગયું હોત, તો કેવા અશુભ પરિણામ આવત ? તમે શું ધારીને અથવા સમજીને આવી મૂર્ખાઇ ભરેલી પ્રવૃત્તિ આરંભી હશે ?

કામેશ્વર શુન્ય મનથી બોલ્યો:—કાંઇ નહિ, એતો કાંઇ નહિ !

ચિન્તામણિ સહજ ગરમ થઇને બોલ્યો:—કાંઇ નહિ શું ! આ તે કાંઇ નાનીશુની વાત ? આવી ભયંકર મૂર્ખાઇ કરવાને તમારા જેવો કેળવાયેલો અને સર્વ પ્રકારે સુખી મનુષ્ય આવી રીતે તત્પર થાય એનું કાંઇ કારણ તો સમજાવું જોઇયે. માટે તમે મને તમારા મનમાં આવો દુષ્ટ તરંગ ક્યાંથી આવ્યો તે કહો. તે જાણ્યા વિના મને કળ પડતી નથી.

કામેશ્વર વધારે શરમમાં જ દટાઇ ગયો અને બોલ્યો:—એ તો કાંઇ નહિ ! અમસ્તું !

ચિન્તામણિ બોલ્યો:—કાંઇ નહિ શું ? હું નાનું છોકરું નથી કે 'એ તો કાંઇ નહિ' એવા શબ્દોથી મારા મનનું સમાધાન થાય. માટે મને તમારા મનનો ભેદ કહો.

કામેશ્વર કાંઇ અગુણમો બતાવી બોલ્યો;—ભાઇ ! કાંઇ નહિ, યાર ! કાંઇ નહિ !

ચિન્તામણિ સહજ ઉશ્કેરાઇને બોલ્યો:—કામેશ્વર ભાઇ ! તમારા 'કાંઇ નહિ' એથી મારા મનનું એક લેશ પણ સમાધાન થતું નથી. તમે જાણો છો કે હું તમારા પિતાના ખર્ચે તમારી

સાથે રહું છું, અને તમારા સારા કે ખોટા માટે હું કાળજી રાખનાર ગરીબ વિદ્યાર્થી છું, એમ તમારા પિતાને ભરોસો છે. તેથી તમારે મનમાં તોલ કરવો જોઇયે કે જો તમારો ઇરાદો હોઇ દુર્દૈવને યોગે પાર પડ્યો હોત તો હું તમારા પિતાને આ તમારા મહા પાપરૂપ કૃત્યમાટે શો ખુલાસો કે ખબર આપી શકત? શું કાળું મોઢું લેઇને હું તમારા પિતાને એવા અનિષ્ટ સમાચાર પણ મોકલી શકત? માટે આવા ભયંકર વર્તનનું કારણ તો હું તમારી પાસેથી જાણ્યા વિના રહેવાનો નથી, તમે મને ખરે ખરૂં કહો. તમારૂં ' કાંઇ નહિ ' મારી આગળ ચાલવાનું નથી. તમારા કુટુંબના ઉપકારનો ભાર મારા ઉપર એટલો બધો છે કે તમારા ' કાંઇ નહિ ' થી મારાથી મન વાળી શકાતું નથી.

ચિન્તામણિના આ શબ્દો જાણે ઊંઘમાં જ સાંભળતો હોય એવી મનની અસાવધ જેવી ચગડોળ ચઢેલી સ્થિતિમાં કામેશ્વર હોવાથી તે કાંઇ બોલ્યો જ નહિ અને મૌન પકડીને એક યંત્રની પેઠે જ તે ચિન્તામણિની જોડેજોડે ચાલ્યા કરતો હતો; તેને ચિન્તામણિએ હાથપકડીને કહ્યું:— કેમ કામેશ્વર! તમારૂં ભાન ઠેકાણે છે કે નહિ! મારૂં કહ્યું તમે સાંભળ્યું કે?

ચિન્તામણિ કામેશ્વરનો હાથ પકડી રાખીને બોલ્યો:—જુઓ, તમારા કુટુંબનો મારા ઉપર જે ઉપકાર છે તે એટલો બધો છે કે તમારા આવા ઘેલછા ભરેલા કૃત્યનું કારણ મારે જાણ્યા વિના ચાલે તેમ નથી. માટે મને સાચેસાચું કહો.

કામેશ્વર વિચારના ચગડોળામાંથી મુક્ત થયો હોય તેમ સાવધ થઇને પણ શરમાતો શરમાતો બોલ્યો:—ભાઇ! જે કાંઇ ઘેલછા ભરેલું કૃત્ય હોય છે તેનું કાંઇ કારણ હોતું નથી, માટે તમે મને પૂછી પૂછીને

જીવ ખાવ નહિ. ઘેલછા તે તો ઘેલછા જ. એનું કારણ શું !

ચિન્તામણિ બોલ્યો:–ભલે ઘેલછા ! એટલું તો તમે પણ સમજો છોને ! હવે મને તમે કહો કે એ ઘેલછાના પણ વિચારો કેવા હતા ! ઘેલછાનું કારણ હોય નહિ, પણ તેવી ઘેલછાના વિચારોનું કોઇ પણ સ્વરૂપ હોવું જોઇએ. માટે કહો કે તમારા મનમાં કેવા કેવા વિચારો આવવાથી આવું આલોક અને પરલોક બંનેમાં અપકીર્ત્તિ અને અહિત થાય એવું પગલું ભરવાને તૈયાર થઇ ગયા ?

કામેશ્વર:—મને તે વિચારોના સ્વરૂપનું કંઇ ભાન રહ્યું નથી. તેથી હું તમને શું કહું !

ચિન્તામણિ સમજ્યો કે કામેશ્વર તેને પોતાના મનની વાત કહેવા માગતો નથી અને તે તેના મનની વાતને સંતાડવા માગે છે તેથી એક ગૃહસ્થ તરીકે તેને એ બાબત વિષે પૂછપાછ કરતાં અટકવાનું મન થયું પણ તેણે આપઘાત જેવા કૃત્યની ભયંકરતા વિચારી, તેથી આ બાબત કાંઇ સાધારણ હાંસી જેવી નહિ હોવાથી ગમે તે રીત્યે એ કૃત્યનું કારણ અથવા તો તે કૃત્ય કરતાં પહેલાં કામેશ્વરના મનના વિચારો અથવા તો તેના મનની ખાસની સ્થિતિ જાણવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીને જે કાંઇ અભિપ્રાય બાંધી શકાય તેનો સવિસ્તર ખુલાસો કામેશ્વરના પિતાને લખી મોકલવાની પોતાની ફરજનું ભાન ચિન્તામણિના અંતઃકરણમાં ઘણા જ આવેશથી ઉત્પન્ન થયું. આથી ચિન્તામણિ વધારે બારીકીથી તપાસ કરવાના હેતુથી બોલ્યો:—પણ પ્રિયભાઇ કામેશ્વર ! હવે હાલ તો તમારું અંતઃકરણ ભાનમાં છે કે નહિ ?

કામેશ્વર:—હાલ ભાન તો છે, તોપણ મારા મનમાં ઉદ્વેગ અને શૂન્યતા ઘણી છે. મારું મન અદ્યાપિ લગી જે બન્યું છે તેથી એવું તો ઉંચું થઇ ગયું છે કે તે હજુ ઠેકાણે બેઠું નથી.

ચિન્તામણિ:—પોલીસ આવ્યો અને તેની સાથે મેં જે વાતચિત કરી તે તો તમને યાદ છે ને ?

કામેશ્વરઃ—હા, તે તો યાદ છે. હું તો ગુજરાતમાં હતો તેથી તેને કાંઇ પણ ખુલાસો આપી શકત નહિ.

કામેશ્વરના આ જવાબથી ચિન્તામણિને એમ તો ખાતરી થઇ કે કામેશ્વર હાલ તો ભાનમાં છે. તેથી તેને પ્રથમ આડી વાતે ચઢાવીને પછી મુદ્દાની વાત ઉપર આણવાના ઇરાદાથી ચિન્તામણિ બોલ્યોઃ–ભાઇ ! જો હું પોલીસને ખુલાસો આપી શક્યો હોત નહિ, અથવા જો કે મેં સમયસૂચકતાવાળો ખુલાસો મને સુઝી આવવાથી આપ્યો તે પોલીસે ખરો માન્યો ન હોત તો તેનો શો પરિણામ આવત તેનો કાંઇ વિચાર તમે કર્યો ?

કામેશ્વર શરમાતાં તથા ભાગે અવાજે બોલ્યોઃ—ન્યાયની કચે-રીએ મામલો ચઢત અને એક જાતની પૂરે પુરી ફજેતી થાત; પણ તમે ના આવી ચઢયા હોત તો એવી ફજેતી થવાનો કે વાઘના જેવી પૂછી પૂછીને મારૂં પીંજણ થવાનો વખત પણ આવત જ નહિ.

ચિન્તામણિ જરીક મિત્રના ભરેલો ક્રોધ કરીને બોલ્યોઃ—ગુણના જાણ હો ! ત્યારે મેં જ તમને પજવણી ભરેલી સ્થિતિમાં આણ્યા એવું તમારૂં માનવું છે ? તમને આત્મહત્યા કરતાં તેમજ પોલીસની પણ પજવણીમાંથી ઉગાર્યા તેને માટે અંતઃકરણમાં આભારવૃતિ તો તમને થતી નથી ! પણ હું સારી પેઠે જાણું છું કે જે માણસો આત્મહત્યા કરવાને પણ તૈયાર થઇ જાય છે તેઓનું મન ઉંધું જ થઇ ગયેલું હોય છે. માટે તમે સારૂં કહો કે ખોટું કહો તેની મારે દરકાર કરવાની નથી. પણ મેં મારા આશ્રયદાતાના એકનાએક દીક-રાનો અને તે પણ ઉછર્યાપાછર્યા અને ભણ્યાગણ્યા યુવાન પુત્રનો જીવ તેની પોતાની ઘેલછાનો ભોગ થઇ પડતાં ઉગાર્યો છે એ બા-બતનો મને અત્યંત સંતોષ થાય છે. પણ તમે મને એટલું કહેશો કે પરીક્ષામાં તમારો નંબર પાસમાં બોલાયો હતો કે નહિ !

કામેશ્વર કોઇક અત્યંત શોકનું અને નિરાશાનું કારણ ઉત્પન્ન થયું હોય તેમ બોલ્યો:—હું નાપાસ થયો છું. મારો નંબર પાસમાં આવેલો નથી. તમે પરિણામ વંચાયો ત્યાં હાજરજ હતા અને તે વાતની તમને ખબર નથી ?

ચિન્તામણિ:—મારૂં ધ્યાન ઠેઠ લગી નહોતું તેથી મને ખબર નથી કે તમે પાસ થયા કે નાપાસ. પણ તમે પાસ થયા નહિ તેથી તમારે આટલું નિરાશ થવું જોઇતું નથી.

આટલી વાત થતાં લગીમાં તે બંને યુવાન સાથીઓ તેઓના રહેવાને સ્થળે **ચોવટીઆ** મેદાનમાં આવી પહોંચ્યા, અને તેમને રહેવાને માટે એક મોટા મકાનને ત્રીજે માળે એક ઓરડી ભાડે રાખેલી હતી તેમાં તેઓ ગયા. ચિન્તામણિએ પોતે પોતાનાં લુગડાં ઉતારી ખીંટીએ મૂક્યાં, અને વિકળતામાં અને વિકળતામાં કામેશ્વર પોતાનાં કપડાં ઉતાર્યાં વગરજ એક આરામખુરશીમાં પોતાના મનની ઉથલપાથલને લીધે થાક્યો ગયેલો પડયો. તેને ચિન્તામણિએ લુગડાં ઉતારી નિરાંતે બેસવાનું મમતાપૂર્વક કહ્યું. તે ઉપરથી કામેશ્વરે પણ શુન્ય મનથી એક યંત્રની પેઠે લુગડાં ઉતાર્યાં, તે તેના હાથમાંથી લેઇને ચિન્તામણિએ ખીંટી ઉપર વ્યવસ્થાપૂર્વક મૂક્યાં. પછી ચિન્તામણિએ પોતે જ તેને ચંબુમાંથી ઠંડુ પાણી આણી આપ્યું, તે પણ કામેશ્વરે એક યાંત્રિક યોજનાવાળા પુતળાની પેઠે પીધું. અને કાંઇક સ્વસ્થ થયો હોય તેમ "હાશ" એમ કહીને પાછો આરામ-ખુરશી ઉપર બેઠો.

प्रकरण २ जुं.

કાંઇ કળાતું નથી.

હવે બંને સાથીઓ પોતાને મુકામે આવ્યા હતા. રસોઇયો અને ઘાટી બંને જણ રસોડામાં કામે લાગેલા હતા. હવે બંનેને પૂર્ણ એકાન્ત મળી હતી. તેથી કામેશ્વરના મનનો પાર મેળવવા માટે જે નિશ્ચય ચિન્તામણિએ કરેલો હતો તે હવે બમણા તમણા જોસથી તેના મનમાં રમણ કરવા લાગ્યો. પોતે પાસ થયેલો હતો તેથી ઉત્સાહને લીધે અને કામેશ્વરના દુઃખના કારણને જાણવાની જીજ્ઞાસાને લીધે ચિન્તામણિને પોતાના શરીરની નબળાઇનું ભાન થતું નહોતું. તેથી તે પાછો આગ્રહ પુર્વક બોલ્યો:—પ્રિયભાઇ કામેશ્વર! હવે તમે શાન્ત થયા હશો, માટે આજના બનાવનું કારણ તમે સવિસ્તાર કહો. કેમકે તમારે વિષે મને જે મમતા છે તે મને એ બાબત કારણ જાણવાને માટે અને તે વિષે તમારું આશ્વાસન કરવાને માટે વારંવાર પ્રેર્યા કરે છે,

કામેશ્વર જાણે આરામ લેતા હોય તેમ કંઈપણ બોલ્યા ચાલ્યા વિના પડ્યા રહ્યા અને કાંઇ બોલ્યા નહિ, તેથી પાછો ચિન્તામણિ વધારે આગ્રહથી કામેશ્વરનું ધ્યાન ખેંચીને બોલ્યો:—ભાઇ! તમે મને આમ રીબાવો નહિ, તમે તમારા જીવનનો તિરસ્કાર કરતાં શાથી શીખ્યા છો તે મારે જાણવુંજ છે.

કામેશ્વર બોલ્યોઃ—તમે જાણો છો કે હું નાપાસ થયો છું.

એટલું બોલીને કામેશ્વર નિરાશામાં મોન જ પકડી રહ્યો, અને કાંઈપણ બોલ્યો નહિ. તેથી ચિન્તામણિ બોલ્યો:—તેટલા માટે જ

જો તમે આ પ્રમાણે આપઘાત કરવા તૈયાર થયા હો તો તમારા જેવો કોઇપણ બીજો અણુસમજુ આ દુનિયામાં ગણાય નહિ. શું બીજું વર્ષ ગાળવાને તમને મારી પેઠે ખર્ચની અડચણ પડવાની હતી ? વળી મારા જેવો ગરીબ વિદ્યાર્થી પણ ગયે વર્ષ નાપાસ થયા છતાં નાહિંમત ના થયો, અને પરમેશ્વરે તમારા પિતા જેવા ઉદાર ગૃહસ્થદ્વારા મારું ખર્ચ અત્યારલગી નિભાવ્યું, અને મેં પણ હિંમત સાથે એક વર્ષ વધારે કાઢ્યું તો તમારા જેવા ખાતા પિતા ખાનદાનના દીકરાએ એક વર્ષ નાપાસ થવાથી આ પ્રમાણે બાઇડીઓની પેઠે કરવું એ ઠીક નથી.

કામેશ્વર બહુ અંતર વ્યથાથી બોલ્યો:—ભાઇ ! સ્નેહીઓનાં હૃદય તો બહુજ કઠણ હોય છે, પણ મારાથી આ નાપાસ થવું તે સહન કરી શકાતું નથી.

ચિન્તામણિ બીજી તરફનો વિચાર કરીને બોલ્યો:—તમારા મનમાં એમ થતું હશે કે દરેક વર્ષે પાસ થતા આવ્યા અને આ છેલ્લી પરીક્ષામાં બે વર્ષ ગાળવાં પડે એ મોટી હીણપસ્તી ગણાય. પણ ભાઇ એજ પ્રમાણે હું પણ દરવર્ષ પાસ થતો આવ્યો છું, છતાં મારે પણ ગયું વર્ષ પરીક્ષકોમાંના એકે પોતાના ભાગના કાગળો ખોઇ નાંખ્યા હતા તેનો દંડ મારે ભરવો પડ્યો અને આખું વર્ષ તમારા પિતાની ઉદારતા ઉપર મારે બોજારૂપ થઇ પડવું પડ્યું; તોપણ એમાં મેં કાંઇ તમારી પેઠે દૈયું શોધું નહોતું; અને તમે આ પ્રમાણેદિલને ગમગિનીમાં ડુબાવી દેઇ મુર્ખાઇ કરો એ કેવો અનર્થ !

કામેશ્વર બહુ જ અંતર વ્યથાથી બોલ્યો:—ભાઇ ! નાપાસ થવાથી મને નુકશાન થયું તે મારું મન જ જાણે છે. આમ નપાસ થવાથી હું તો એમ જ ઇચ્છુંછું કે મારું મરણ થયું હોત તો સારું.

ચિન્તામણિ બોલ્યો:—શાનું ધુળનું નુકશાન થયું છે ! હું તો

એમાં કાંઇ નુકશાન જેવું દેખતો નથી. પછી તમારા મનથી આવી નજીવી બાબતને મોટું રૂપ આપી મનમાં શોકાગ્ન કરવું હોય તો તમારી મરજી. ભલા માણસ ખર્ચ સંબંધી તો કાંઇ ચિન્તા છે જ નહિ, અને એકવાર નાપાસ થયા તેથી કાંઇ બગડી ગયું એમ નથી; એક વર્ષ વધારે અનુભવ મળશે.

કામેશ્વર અંતર વ્યથાથી ઉદાસીમાં ગર્ક થઇને બોલ્યો:—ભલે ભાઇ! તમે એમ માનો, પણ હવે તમે મને થોડીવાર બોલ્યા ચાલ્યા વિના પડી રહેવા દેશો? મને મારૂં શરીર અને મન બંને અત્યંત નિર્માલ્ય થઇ ગયેલાં લાગે છે.

ચિન્તામણિ બોલ્યો:—ભલે! જરીક આરામ લ્યો, એટલે તમારૂં ચિત્ત થાક ઉતરી જવાથી સ્વસ્થ થશે. પણ તમારા મનમાં નાપાસ થયાની બાબત ઘોળઘોળ કરશો તો તો આરામ લીધાનો પણ કાંઇ ફાયદો થશે નહિ. માટે "શ્રીમંતને શી આપદા" એમ વીચાર કરીને મનને તદન બેફિકર બનાવી દેજો; અને આરામ લેશો તો શરીર અને મન સ્વસ્થ થશે. ત્યાં સુધી હું પણ જરીક બારણું કામ છે તે જઇ આવું. જમવાને વખતે જ હું આવીને તમને જગાડીશ અને નોકરોને કહેતો જાઉં છું કે કોઇપણ તમને આરામમાં ખલેલ પહોંચાડે નહિ.

આ પ્રમાણે કહીને ચિન્તામણિએ પોતાનાં કપડાં ઉતારેલાં હતાં તે ફરીને પહેર્યાં પણ તેના મનમાં વિચાર આવ્યો કે, હજુ સુધી આ કામેશ્વરનું મન શોકથી મુક્ત થયું નથી, માટે તેને એકલો મૂકીને જવું એ ઠીક નથી.

એ પ્રમાણે વિચાર કરીને ચિન્તામણિ બહાર ન જતાં થોડોક સમય ત્યાં કામેશ્વરની ચેષ્ટા જોવા ઉભો રહ્યો. પણ કામેશ્વર તો તેનું મગજ થાકી ગયેલું હોવાને લીધે નિદ્રાને વશ થયો અને તેનાં

નમસ્કારાં બોલવા લાગ્યાં. તેવામાં ચિન્તામણિને છીંક આવી તેથી કામેશ્વર તરતજ પાછો જાગી ગયો, કેમકે તેની ઉંઘ બહુજ સાવધતા વાળી હતી, તેથી સહજ પણ અવાજ થતાં તે હમેશ જાગી જતો. આથી તે જાગીને બોલ્યો:—કેમ ભાઈ ચિન્તામણિ હજુ તમે ગયા નથી?

ચિન્તામણિ બોલ્યો:—હું જવાને તૈયાર તો થયો હતો, પણ વખતે તમે મારા ગયા પછી કાંઇ છોકરમત કરો તો પછી? તેથી હું તમારી ચેષ્ટા જોવાને ઉભો હતો. મારૂં મન એક રીત્યે એમ જ ભય પામી ગયું છે કે તમને મારે સુના મુકીને જવુંજ નહિ. આજની તમારી લીલા જોઇને મને તમારો જરીકે ભરોંસો પડતો નથી.

કામેશ્વર સહજ હસીને તથા લજ્જિત થઇને બોલ્યો:—પ્રિય ભાઇ! તમે જાવ. નિશ્ચિત થઇને જાવ. હું તમને વચન આપું છું કે હવે હું એવી ચેષ્ટા તો કરવાનો જ નથી એ તો થઇ ગયું તે થઇ ગયું. જો કે મારૂં મન કદિ પણ પોતાને સુખી માને એવો તક મારી આખી જીંદગીમાં હવે આવવાની નથી, તોપણ હવે આત્મહત્યારો હું કદિ પણ થવાનો નથી. કેમકે મારા મનમાં આશાની નહિ પણ નિરાશાની જે ઉમેદો રહી છે તે મારા મનમાં ને મનમાં જ રહે. લોકો મારા મોત પછી મને આત્મહત્યાને માટે નિંદે. મારૂં જ્ઞાન અને મારી સમજણ વગોવાય. માટે હવે તમે મારે માટે એ તો ચિન્તા કે ભય રાખશો જ નહિ. ખુશીથી જાવ.

ચિન્તામણિઃ—પણ મને તમારા બોલવા ઉપર હજુ—

કામેશ્વર:—શું ભરોંસો પડતો નથી? લ્યો આ મારૂં વચન. હવે નિરાશાએ જ મને જીવન આપ્યું છે. તે ગમે તેવું ઝાંખું છે તોપણ તે હવે હોલાવાનું નથી. તમે મારા વચન ઉપર વિશ્વાસ રાખો. બાકી તમે મને ક્યાં લગી સાચવીને બેસી રહેશો? જોને

પોતાને જ મરવું હોય તેને કોઇ સાચવી શકતું નથી. મેં એક પ્રકારનો પાર્ટ દુનિયામાં ભજવવાનો નિશ્ચય જ કર્યો છે, તેથી હું આ ખોળીઆમાં જીવ રાખવાનો જ છું. હું મારા ખરા દિલથી કહું છું કે તમે મારે માટે હવે બેફિકર રહો.

ચિન્તામણિઃ—બહુ આનંદની વાત છે. પણ તમારા પિતાને આ સંબંધી બધા સમાચાર નહિ તો અમથી સહજ સૂચના લખીને અત્રે બોલાવી તેમના હવાલામાં તમને સોંપતાં સુધી મારે તમને સાચવવા જ જોઇયે. એટલી તો હું મારી ફરજ જ સમજુ છું.

કામેશ્વર ગંભીરતાથી પણ આગ્રહપૂર્વક બોલ્યોઃ—ના, ના, ના, ! જોજો એવું કાંઇ કરતા. મારાં માતા પિતાને આમાંનું કાંઇપણ લખી જણાવશો નહિ. મારી ફજેતીની કે મુર્ખતાઇ જણાવ્યાથી હું બીતો નથી, પણ મારા માતપિતાને આથી જે સંતાપ અને શોક થાય તેની મને બહુ જ લાગણી રહે છે. મારૂં તમને પ્રતિજ્ઞાપૂર્વક વચન છે કે હું તમને દગો નહિ કરૂં. હું મારા જાન ઉપર કદિ પણ હવે આદરવાનો નથી. પછી કાંઈ?

ચિન્તામણિઃ—મને હવે તમારા બોલવા ઉપર ભરોસો કાંઇ થોડો ઘણો બેસે છે, કેમકે તમારાં માતપિતાને તમે આત્મઘાતનો પ્રયત્ન કર્યો હતો તે સાંભળીને અથવા જાણીને જે શોક સંતાપ થાય તે વિષે તમે કાંઇક ક્યાસ બાંધી શકો તેવી સ્થીતિમાં તમારૂં મન આવ્યું છે. હવે મને આશા રહે છે કે તમે જો આત્મઘાત કરો તો તમારા મૃત્યુથી તમારાં માતપિતાને કેવો અપાર શોક સંતાપ થાય તેની કલ્પના પણ તમે કરી શકો ખરા; તેમ જ તમે મને વિશ્વાસ આપો છો તેનો પણ ઘાત કરશો નહિ એવી મને ખાત્રી પડે છે. આત્મઘાત અને વિશ્વાસઘાત જેવાં આ દુનિયામાં બીજાં પાપ નથી. તેમ જ માતાપિતાને પુત્ર મરણના શોક જેવો બીજો કોઇપણ શોક નથી

એ બાબતો તમે લક્ષમાં રાખવા સમર્થ થાવ એટલી મનની સ્થિરતા તમારામાં આવી છે—એમ માનીને હું તમારા વચનના માનની ખાતર તમને સુના મૂકીને બહાર જાઉં છું.

કામેશ્વરઃ—ભલે જાવ ! બેફિકર રહો. હું તો હજુપણ નિદ્રા લેઉં તેટલો થાકી ગયો છું.

ચિન્તામણિ—તરતજ ત્યાંથી ચાલ્યો ગયો, અને આપણા કામેશ્વરને એકાન્ત મળી.

प्रकरण ४ थुं.

એકાન્ત ઉભરા.

નિર્બળ પડી ગયેલા મગજના સ્વભાવ પ્રમાણે ચિન્તામણિ બહાર ગયા પછી પાછા કામેશ્વરના અંતઃકરણમાં પોતે આત્મહત્યા કરવાની કોશીશ, ચિન્તામણિ વડે તેનું ઓચિન્તું બચવું, પોલીસ સાથે થયેલી રગઝગ, ચિન્તામણિની પોતાને માટે ચિન્તા, જો તેનાથી આત્મઘાત થઇ ગયો હોત તો તેના માત પિતાને જે શોક સંતાપ થાત તે, લોકોમાં તેના ભણતરની અને સમજણની નિંદા થાત તે, વગેરે અનેક અનેક બાબતો વિષે ઉપરા ઉપરી વિચારોની ભરતી ઓટ થઇ ગઇ. પુનઃ વિશેષ થાકી ગએલું તથા નિરાશામાં ડુબેલું તેનું મગજ અને મન નિદ્રાવશ થયાં. લગભગ બે કલાકલગી તેણે શુન્ય નિદ્રાનો અનુભવ લીધો. પાછો તે જ્યારે જાગ્યો ત્યારે

તેનું મગજ વધારે તાજું થયું હતું અને મન કાંઇક પણ શાન્ત થયું હતું. તે ઉઠયો અને પોતાની લુગડાં રાખવાની પેટી ઉઘાડી, તેમાંથી ટપાલમાં આવેલા કેટલાક કાગળોની એક થોકડી કાઢી. એક પછી એક કાગળ તે મનમાં ને મનમાં વાંચતો ગયો. ઘડીમાં તેનું મુખ કોઇ અપાર આશામાં ઝળકતું હતું અને ઘડીમાં તેનું મુખ કરમાઇ જતું હતું. આ પ્રમાણે આશરે અડધાક કાગળો તેણે વાંચી નાંખ્યા હશે, એટલામાં એક મોટો લાંબો લખેલો કાગળ તેના હાથમાં આવ્યો. તે કાગળ મનમાં વાંચવાને બદલે મોટેથી વાચવા લાગ્યો. કવિતા માણસના મનની ગમે તેવી સ્થિતી હોય છે, તોપણ તેના રાગ પ્રવાહમાં વાંચનારને ખેંચી જઇને મનમાં પરણ્યા અને મનમાં રાંડયા જેવી વાંચવાની રીતને તરત જ તજાવી દે છે; પણ કવિતાનો રાગ તે વાંચનારના જાણવામાં હોવો જોઇએ. આ કાગળની અંદરની કવીતાનો રાગ તો આપણા કામેશ્વરને ઘણીવાર વાંચવાથી અને સાંભળવાથી સારી પેઠ પરિચિત હતો. તેથી ધામે પણ મધુર અને આર્દ્ર અંતઃકરણથી ગાવા લાગ્યો:—

(રાગ ઓધવજીના સંદેશાનો.)

મધુકર ! ગુંજાવર તુજ મુજ કર્ણે પડયો,
મુદિત થયું મન પણ મુદ્રિત છે હાસ જો,
ન્યૂન નથી મનહરતા તુજ ગુંજારની,
પણ નથી આ અંતર ખોલ્યાનો કાળ જો. મધુકર. ૧
ષટ્પદ ! તું છે ઉત્કટ અતિ સોહામણો,
નિરખી તુજને નયન ઠરે નિઃશંક જો;
પણ ન ચતુષ્પાદ તુજને હાસ કરી શકું,
અંતર એક કર્યો છે આડો અંક જો. મધુકર. ૨

આમ્રમંજરી આમંત્રે તુજને સદા,
પાટલ પણ તુજ કાજે પ્રફુલ્લિત નિત્ય જો,
કુંદ કળી પણ લળિ લળિ લે ઓવારણા,
પણ મારી તો પણ સાથે છે પ્રીત્ય જો. મધુકર. ૩

કૃષ્ણ તિમિર છે હાલ ભ્રમર ! રજની તણુ,
તેથી અંધારામાં અલિવર ! આપ જો,
અજવાળામાં આવો તો ભાવો ભલા,
પછી અંતરમાં સ્થળ દઉં આપોઆપ જો. મધુકર. ૪

મિત્ર તમે તો સ્વાભાવિક છો માહરા,
તેથી પત્ર હાલ લિયો આરામ જો;
ઉદય પછી આવો તો વિકસી અંતરે,
આપું મધુકર વ્હાલ ધરી વિશ્રામ જો. મધુકર. ૫

ષટ્પદ આ ષટ્પદ સમજીને સાનમાં,
કમલિની કેરા મનનો જાણો મર્મ જો;
શ્રમ કરીને ઉદ્યમ સાધી લ્યો હાલનો,
ઉદય થયા વિણ જળાશે નહિ ધર્મ જો. મધુકર. ૬

આ વાંચીને ફરી ફરી કામેશ્વર મોટા વિચારમાં પડ્યો. ઘડીમાં તેનું મન આશા ભર્યું જણાતું હતું અને ઘડીમાં તેનું મુખ ઉતરી જતું હતું, પણ મનની આશા નિરાશાના ઉછાળા પછાડા પછી છેવટે તે કાગળોને બાંધી દેતાં એમ બોલતો ઉઠયો કે—હજુ મારે "નિરાશ થવા જેવું નથી. એક વર્ષ વધારે શ્રમ કરીને હું પાસ થઇ જઇશ, ત્યાંલગી વખતે મારૂં ઇનામ મારે માટે જ રહે પણ ખરૂં. માટે મારે મારો અભ્યાસ ચાલુ તો રાખવો જ. કેમકે મન તો મારી તરફ છે, માટે હું પાસ થઇશ ત્યાં લગી મારૂં ઇનામ મારે માટે જ રહેશે.

પણ જો તેમ ન બન્યું અને ઇનામ ગયા પછી હું પાસ થયો તો મારૂં પાસ થયું તેમ જ જીવવું કેવળ નિરાશામય જ થઇ પડવાનું. પણ મારૂં ઇનામ જશે કે રહેશે એની નિશ્ચયપૂર્વક ખબર જાણવામાં આવે ત્યાં લગી મારે આશાના અસ્થિર દોરડાનો આધાર તો છે. પણ આવી અસ્થિર આશા તે નિરાશા કરતાં પણ વધારે ભયંકર છે. તોપણ પ્રારબ્ધમાં શું લખ્યું છે, તે અસ્થિર આશારૂપ હૃદય-વ્યથા હર્ષમાં કે જડ નિરાશામાં પરિણામ પામે ત્યાં લગી ટગર ટગર જોયા તો કરવુંજ. તે શિવાય હાલ બીજો કશો ઉપાય નથી.

તે કાગળો વગેરે પાછું પેટીમાં મુકી તે પેટી અટકાવીને પાછા તે આરામ ખુરશી ઉપર આડા પડયા. થોડીવાર પાછાં આંખો મીંચીને પડી રહ્યા. ઉશ્કેરાઇ ગયેલું તેનું મન થોડો થોડો વિચાર કરતાં વારંવાર થાકી જતું હતું. પરંતુ ફરી ફરીને વિચારને નાદે ચઢતું હતું. ફરીને તેના મનને એમ ભાસવા લાગ્યું કે તેનું ઇનામ તેના પાસ થતાં પહેલાં બીજા કોઇને હાથ જશે—અરે બીજાને હાથ ગયું. આવા વિચાર તેના મનમાં પ્રત્યક્ષ બનેલી બીનાનું રૂપ ધારણ કરી બેઠો. અને તે નિરાશામાં મન્દ સુરથી બોલવા લાગ્યોઃ—

(ગજલ સારંગની.)

ઝાંખું જીવન ભાસે મને, ઝાંખું જગત્ ચોપાસ,
જડભાવ ભાસે ભૂમિમાં, ને શુન્ય આ આકાશ. ઝાંખું૦ ૧
આશા તણી ઘણી ચાંદણી, જે રાજતી તે આજ,
દડાઇ ધૂમસથી દિસે, આખિ હૃદય નભમાં જ. ઝાંખું૦ ૨
હસું તોય શું રડું તોય શું જીવું કે મરૂં તો શું જ?
ભણું તો શું ના ભણું તોય શું, સઉ શુન્ય દેખું હું જ. ઝાંખું૦ ૩

આશા તણી વેલી બધી જડમૂળથી થઈ નાશ,
મન પામશે શા પેર હાવાં, હાંસનો આભાસ. ઝાંખુ૦ ૪
જગ શુન્ય છે મારે મને, જગને હૃદય હું શુન્ય,
વળિ શુન્ય મન પોતે દિસે સઘળે ભર્યું છે શુન્ય. ઝાંખુ૦ ૫

प्रकरण ५ मुं.

ભેદ ભાગ્યો.

કામેશ્વરને પોતાના એકાન્ત ઉભરાઓનો અનુભવ કરતાં મુકીને ચિન્તામણિ ક્યાં ગયા હશે, તેનો વિચાર આપણને થયાં કરે છે, તો ચાલો આપણે પણ તેને પગલે પગલે. આપણે ચિન્તામણિને એક ટપાલ ઓફીસ આગળ ઉભા ઉભા એક કાર્ડ સીસાપેનથી લખતા જોઈએ છીએ. તે કાર્ડ લખી રહ્યો એટલામાં સુંદરલાલ રસ્તે જતો હતો તેણે ચિન્તામણિને જોયો: તે બોલ્યો:- કેમ મી. ચિન્તામણિ, અહીં શું કરો છો ?

ચિન્તામણિએ પોતાનો કાર્ડ ટપાલની પેટીમાં નાંખતાં કહ્યું:— 'આ કાર્ડ ઘેર લખી દીધો, તેથી ઘેર સૌને મારા પાસ આવ્યાની ખબર પડશે.

સુંદરલાલ:—તમે તાર નથી મુકાવ્યો ? મેં તો તરત જ તાર કરી દીધો છે. આવું હોય ત્યારે તો તાર જ કરવો.

ચિન્તામણિ સહજ હસતાં બોલ્યો:—હા ભાઈ ! તાર કરવો સારો તો ખરો. પણ તે પૈસા ખર્ચી શકે એવી સ્થિતિનાં માણસોને

માટે છે. અમારા જેવા ગરીબ વિદ્યાર્થીઓને તો એક પૈસાનો કાર્ડ તે જ તાર. એક દિવસ મોટી ખબર પહોંચશે, પણ જ્યારે પહોંચશે ત્યારે મારાં માતાપિતાને આનંદ તો થશે જ.

સુંદરલાલઃ—પણ આવી પાસ થવાની વધામણીને માટે તો તારના પૈસા ખરચ્યા હોય તો કાંઈ ઉડાઉપણું કહેવાય નહિ.

ચિન્તામણિઃ—ભાઈ! વધામણી વધામણીમાંયે ફેર હોય છે. રાજાને ઘેર પુત્ર આવે ત્યારે આખા નગરમાં સાકર અને રૂપૈયા ઉછાળે, પણ ગરીબને ઘેર પુત્ર આવે ત્યારે તે પોતાનો આનંદ કાંકરી કાંકરી ગોળ ફક્ત પાડોશી અને સગાંને જ વહેંચીને આનંદ દર્શાવે છે. તેમ પારકી ઉદારતાને આશ્રયે અભ્યાસ કરનાર મારા જેવા વિદ્યાર્થીને તો એક પૈસાનો કાર્ડ તે જ તાર સમજવો જોઈએ. જો કામેશ્વર પાસ થયા હોત તો તેમના તારમાં મારી પણ વધામણી જાત. તેમના પિતા મારાં પણ માતપિતાને તે ખબર પહોંચાડત. પણ કામેશ્વર તો દૈવયોગે નાપાસ થયા, એટલે મારે આ કાર્ડ લખવાને જ સંતોષ માનવો પડે છે.

સુંદરલાલના મનમાં કાંઈક કારણ સમજાયું હોય તેમ સહજ હસીને બોલ્યોઃ—હા! હવે મને સમજાયું! ત્યારે તો કામેશ્વર નાપાસ થયા છે. ઠીક!

ચિંતામણિઃ—એમાં તમને શું વિશેષ સમજાયું?

સુંદરલાલે પોતાના ખિસ્સામાંથી એક તાર કાઢીને ચિન્તામણિને આપ્યો. તેમાં એવા મતલબનું લખેલું હતું કેઃ—તમે પાસ થયા તેથી હું તમને વરું છું. આ તાર વાંચીને પણ ચિન્તામણિ બરોબર સમજ્યો નહિ. તેથી તે બોલ્યોઃ—તમને પાસ થવાની સાથે કન્યાનો લાભ થયો તેથી હું તમને અભિનંદન આપું છું

પણ આ બાબતની સાથે કામેશ્વરના નાપાસ થવાનો શો સંબંધ છે તે હું સમજી શકતો નથી.

સુંદરલાલે કહ્યું:—જુઓ ત્યારે સાંભળો. આ તાર મુકનારી યુવતી એક મારા જ ગામના અને અમારી નાતના સુધરેલ ગૃહસ્થ હિકમતરાય જાગીરદારની દીકરી છે. અમારી જ્ઞાતિમાં કન્યાઓની બહુ અછત છે. તેથી મારાં માતપિતા મારે માટે સગાઈ કરી રાખવાને નિરંતર ચિન્તા રાખે એ સ્વાભાવિક છે. તેથી આશરે છ સાત માસ ઉપર મારાં માતુશ્રીએ તે કન્યાની માતા આગળ વાત કાઢી હશે. તે ઉપરથી તેણે પોતાના પતિ હિકમતરાયજીને વાત કરી હતી. હિકમતરાયજી સુધારા પક્ષના આગેવાન હોવાથી તેમણે પોતાની પુત્રીને મોટી વય લગી કુંવારી રાખી હતી તેથી તે ઉમ્મર લાયક થયેલી પોતાની છોકરીનો અભિપ્રાય લેવાને માટે પોતાની પત્નીને ફરમાવ્યું.

ચિન્તામણિ અધીરો થઇને બોલ્યો:—તમે તો સુંદરલાલ, એક મોટી કથા ચલાવી. પણ આ તારને અને કામેશ્વરના નાપાસ થયાને શો સંબંધ? તે કહેવાનું તો કોરાણે જ રાખ્યું

સુંદરલાલ:—હું તમને તે જ કહું છું, પણ બધી હકીકત સાંભળી પછી તમે કહેજો. આમ અધિરા ન થાવ. મારે તમને સર્વ હકીકત માંડીને તો એટલા જ માટે કહેવી છે કે તમને બધો આગળ પાછળનો સંબંધ સમજાય. વળી મારે તમારી આ બાબતમાં સલાહ પણ લેવી છે, તે જ આ લંબાણ કરવાનું કારણ છે.

ચિન્તામણી—ઠીક! તો આગળ બોલો.

સુંદરલાલ:—તે કન્યાની માએ તે કન્યાનો અભિપ્રાય પૂછ્યો, ત્યારે તેણે સ્પષ્ટ રીત્યે પોતાનો વિચાર કહ્યો કે:—આપણા ગામના

માણેકશ્વરનો ભાણેજ કામેશ્વર અહીં આવ્યો હતો તેને મેં **અમથા હિતવર્ધક સભાના** વાર્ષિક મેળાવડા વખતે જોયો છે, અને તેની સાથે મેં વાતચીત્ત પણ કરી છે, તેની સાથે મારો પત્ર વ્યવહાર પણ ચાલે છે. તે સુંદરલાલ કરતાં વધારે સુંદર છે તેથી મારો તેના ઉપર વિચાર છે.

ચિન્તામણિ:—જો એમ હોય તો તેણે કામેશ્વરને જ પરણવું એમાં શો બાધ છે ?

સુંદરલાલ:—પણ સાંભળો તો ખરા, એ કુંવારી યુવતી મેટ્રિકમાં પાસ થઇ છે, તેમ જ સુધારામાં સોળેસોળ આના તેના બાપની સાથે રહી અગ્રેસરપણું કરે છે. તેને સ્ત્રી-સ્વાતંત્ર્ય સંપૂર્ણ રીતયે રૂચે છે, તેની સાથે વળી તેના મનમાં એવો પણ સ્ત્રીજાતિ મહત્વનો ફાંકો છે કે સ્ત્રીઓ જ આખા દેશનું હીત કરવામાં કારણરૂપ થઇને પુરૂષોને વિદ્યાકળાના કામોમાં પ્રેરી શકે છે. તે ઉપરથી તેણે એવો નિશ્ચય પણ તેની મા આગળ જાહેર કર્યો હતો કે-જો કામેશ્વર આ ફેરીની પરીક્ષામાં પાસ થઇ બી. એ. ની ડીગ્રી મેળવશે તો તો હું તેને જ પરણીશ. નિકર આપણી નાતમાંથી જે કોઇ આ વર્ષે બી. એ. થશે તેને જ મારો હાથ આપીને વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપવાની આબરૂભરેલી પહેલ હું કરવાની.

ચિન્તામણિ:—ત્યારે તમે પણ સ્ત્રીઓની વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપનારનું માન મેળવવા દેવાનો પ્રસંગ આપો. તમને તો મોંઘી નાતમાં કન્યા મળશે એમાં તમારે શું ખોવાનું છે ? કરો કંકુના !

(એમ કહીને ચિન્તામણિ હસે છે.)

સુંદરલાલ:—તમે શું હસો છો ? હું તો તમને સલાહ પુછું છું કે, મારે તે આ યુવતીને પરણવું કે નહિ ? મારાં માતપિતા તો મને એ કન્યા મળે તેથી આનંદ પામવાનાં.

ચિન્તામણી:—જો તમે મારી સલાહ જ પુછવા માગતા હો, તો તમને જે કાંઇ પૂછું તેનો નિખાલસ દિલથી ખરેખરો જવાબ આપજો.

સુંદરલાલ:—(હસતાં) તમારા વગર પૂછ્યે તો તમને આટલી વીગતવાર વાત કરી તો જ્યારે તમે પૂછશો ત્યારે શું કરવાને જરીક પણ દિલ ચોરીશ !

ચિન્તામણિ:—આમ તમને કહેવાનું કારણ તો એટલુંજ કે, પરણવું અને પાટ બેસવું સહુ કોઇને ગમે છે. પણ તમે જ્યારે સલાહ જ પૂછો છો ત્યારે તો મારે તમને પૂછવું જ જોઇએ કે તમારૂં મન આ બાબતમાં એ સ્ત્રીને પરણવાની તરફેણમાં તેમ જ તેને નહિ પરણવાની તરફેણમાં શું શું કહે છે તે મને એકવાર કહી જાવ.

સુંદરલાલ:—મને કાંઇ આવી બાબતમાં વિશેષ અનુભવ નથી, તેમ જ લગ્નની બાબતમાં સુખદુ:ખનો આધાર કોઇ કોઇ વાર લગ્ન થયા પછીના સંજોગો ઉપર પણ રહે છે. તો પણ મને મારી બુદ્ધિથી જે સમજાય છે તે તમને હું કહું છું. તમારો મત જેવો હોય તેવો મને તમે પણ કહી દેજો.

ચિન્તામણિ:—ઠીક, એ માટે તમે નિશ્ચિન્ત રહેજો.

સુંદરલાલ:—મારો અભિપ્રાય તો એવો છે કે જે સ્ત્રીનું અંતઃકરણ બીજાના ઉપર એકવાર આકર્ષાયું હોય તેની સાથે જાણી જોઇને લગ્નની ગાંઠ બાંધવી તે એક મોટામાં મોટા ભયમાં ઉતરવા જેવું છે.

ચિન્તામણિ:—(પરીક્ષા જોવાને) પણ હાલ હવે તે સ્ત્રીનું મન તમારા ઉપર આવીને ચોટ્યું, પછી શી હરકત ?

સુંદરલાલ:—મારા ઉપર નથી ચોટ્યું પણ બી. એ. માં પાસ થવાના એક અકસ્માત ઉપર તેનું મન ચોટયું છે. તેને કાલે કોઈ બીજો અકસ્માત ઉખેડી પણ નાંખે.

ચિન્તામણિઃ—પણ તેણે જે તમને હવે પસંદ કર્યા છે તે તેણે વિચારશક્તિનો ઉપયોગ કરીને પસંદ કર્યાં છે અને કામેશ્વરને પસંદ કર્યો હતો તે તો તેની સુંદરતા તમારા કરતાં વધારે લાગવાથી મનના ઉછાળાને જ વશ થઇને. વિચારશક્તિથી કરેલું કામ મનોવેગથી કરેલાં કામ કરતાં વધારે ટકાઉ હોય છે.

સુંદરલાલઃ—એ તો ઠીક પણ એ તો સુધારાવાળાં ઠર્યાં, એમની વિચારશકિત કાંઈ એક જ વાર વપરાતી નથી. તેમજ કાંઈ એક જ પ્રસંગે વપરાતી નથી. કાલ ઉઠીને શરીર છે અને કોઇ વ્યાધિ પ્રાપ્ત થાય અથવા બીજી કોઇ આપત્તિ આવી ત્યારે પણ પાછો **પરાશર સ્મૃતિનો** શ્લોક અથવા બીજું કાંઈ કારણ આણીને તે તો પોતાની વિચાર શક્તિનો ઉપયોગ કરવા તૈયાર થઇ જાય.

ચિન્તામણિઃ—(ખુશી થઇને) સુંદરલાલ ! તમે જણાવ છો ભલા માણસ જેવા, પણ તમારામાં કામેશ્વર કરતાં બુદ્ધિ અને સ્થિરતા વધારે છે એમ કહ્યા વિના મારે ચાલતું નથી. પણ તેણે તો તમે પાસ થયા તે ઉપરથી તમારા ગુણ ઉપર જ અનુરાગ કર્યો નથી ? અને અનુભવી માણસોનું કહેવું તો એવું છે કે ગુણાનુરાગ તે બીજા અનુરાગ કરતાં વધારે મજબુત હોય છે. માટે તમારે ભડકવાનું કાંઈ કારણ નથી.

સુંદરલાલઃ—હું કાંઇ ભડકતો નથી. પણ એક સાધારણ રીતે વિચારનો ઉપયોગ કરૂંછું તો મને તો એમ લાગે છે કે તે સુધરેલી યુવતીએ પોતાના વિચારનો પણ ઉપયોગ નથી કર્યો, તેમ જ તે ગુણાનુરાગને પણ વશ વર્તી નથી. તેણે તો વિચાર શકિતને બદલે **સ્ત્રીઓ એ જ જનસમાજનોએક મુખ્ય ભાગ છે**—એ સિદ્ધાંતના આડંબરી ભાગનો ઉપયોગ કરીને મારા જેવા પાસ થનારને ઉત્તે-

જન આપવાની ઉદારતા ફેલાવી છે. તેમ જ મારા વિદ્યારૂપ ગુણાનુરાગથી પણ તે ખેંચાઈ નથી. કેમકે કામેશ્વર કરતાં કાંઈ અભ્યાસમાં કે જ્ઞાનમાં હું જરી પણ ચઢીઆતો નથી. કામેશ્વર નાપાસ થયો અને હું પાસ થયો તેથી મારી વિદ્યાનો દેખાવ માત્ર બહારથી જ વધ્યો, એ શિવાય બીજું કાંઇ મારામાં વધારે નથી. માટે તે યુવતી ખરા ગુણથી ખેંચાઇ નથી પણ દેખાવથીજ આકર્ષાઈ છે. તે માણસની મિત્ર નથી પણ ભાગ્યની જ મિત્ર છે, આથી તે મનુષ્યના ભાગ્યની એટલે સુખદુખની ભાગિયણ થવાને યોગ્ય નથી.

ચિન્તામણિઃ—(આનંદ સાથે વિસ્મય પામીને) બુદ્ધિમાન મિત્ર ! તમે જે જે વિચાર જણાવ્યા તે ઉપરથી તમારી તુલના કરવાની શક્તિ જોઇને હું બહુ જ સંતોષ પામ્યો છું. તેમાં પણ તમે સાધારણ રીત્યે એક ખાતાપીતા સુખી માબાપના છોકરા છો, તે છતાં તમારામાં એક તડકા છાંયડાના અનુભવવાળા ગરીબના છોકરા જેટલું ઠરેલપણું અને વિચારનું બળ છે તે જોઇને મને ઘણો જ આનંદ થાય છે. હું પણ તમને એ જ સલાહ આપું છું કે આવી યુવતીઓની સાથે મોહબુદ્ધિવાળા યુવકો ભલે લગ્ન કરીને પોતાને ભાગ્યશાળી માને, પણ જેને ધર્મબુદ્ધિ ઉપજેલી છે એવા પુરૂષો આવી વાયલ વરણાગિણીઓને નાગિણીઓ ગણીને જ વેગળા રહેવામાં સલામતી સમજે છે તે યોગ્ય જ છે.

સુંદરલાલઃ—મેં તમને પણ જે સલાહ પુછી તે એટલા જ માટે કે વખતે હું મારો વિચાર બાંધવામાં ભૂલ કરતો હોઉં. તમે ગરીબ સ્થિતિનો અનુભવ કર્યો છે તેથી તમારો મત મારી સાથે મળતો આવ્યો એટલે મને મારા વિચારના ખરાપણા વિષે ખાતરી થઇ. જો કે મારા વિચારથી મારાં માતાપિતાને તો આવેલી કન્યાદ

પાછી વાળવા જેવું થવાથી ખોટું લાગશે. પણ આગળથી વિચાર કરીને વર્તવું એ જ હું તો વધારે સારૂં સમજું છું.

ચિન્તામણિ:—તમે પણ તમારી ઇચ્છા તે સ્ત્રી સાથે પરણવાની નથી એમ તાર કરી દેવા ધારો છો?

સુંદરલાલ:—એવી ધમાધમ કરવાનું તેમ જ તારનું ખર્ચ કરવાનું હું કાંઈ કારણ જોતો નથી. હું એક પત્ર અડધા આનાના કવરમાં બીડી દઇશ કે મારે તો મારા પ્રાચીન વિચારો વાળી સ્ત્રી પરણવાની જ ઇચ્છા છે.

ચિન્તામણિ:—એ યોગ્યજ છે. પણ મને એક વિચાર આવે છે કે અત્રે રિઝલ્ટ તો પરીક્ષાનો આજે જ જણાયો છે અને એટલી વારમાં કોણ પાસ થયું અને કોણ નાપાસ થયું તેની ખબર એ બાઈ સાહેબને ક્યાંથી પહોંચી? એ મને આશ્ચર્ય જેવું લાગે છે.

સુંદરલાલ:—એ તો મને ખબર છે. આપણી પરીક્ષાનો પરિણામ જણાયો તે વખતે પેલી પુનર્લગ્ન કરનારી બ્રાહ્મણીનો વર ત્યાં આવ્યો હતો. તે હિકમતરાયનો મિત્ર થાય, તેને તેણે મારા તેમ જ કામેશ્વરના પરીક્ષાનાં પરિણામની ખબર મેળવી તાર કરવાની સોંપરત કરી રાખેલી હશે. તે પ્રમાણે તેણે હિકમતરાય ઉપર તાર કર્યો હશે.

ચિન્તામણિ:—એમાં તાર શું કરવો હતો? બીજે દિવસે છાપામાં એની મેળે જણાત. સુધારામાં પગ રાખનાર લોકો સહજ સહજ બાબતમાં પણ તારના પૈસા ખર્ચ કરતાં ડરવાના નહિ.

સુંદરલાલ:—એતો એ લોકોનો સ્વભાવ જ છે. અંદરથી ભીખારી હોય પણ બહારથી ભભકો જબરો. અને આ બાબતમાં તારથી કોણ પાસ થયું અને કોણ નાપાસ થયું તે ખબર મેળવવાનું કારણ તો એજ કે જે પાસ થયો હોય તેને તે જ દિવસે મુબારક-

ખ્યાદીમાં વરમાળ આરોપવાનો લાગ સધાય અને તે વાત તેમના લગ્નના ઇતિહાસ સાથે છાપાંઓમાં છપાય અને ઘેરે ઘેર ગવાય.

ચિન્તામણિઃ—આ પ્રમાણે ભીતરને ભૂલી જઇને ઉપરનો આડંબર કરવામાં જે આપણા લોકો સુધારો સમજે છે એ જ આપણી ખરાબીનું મૂળ છે. પણ સુંદરલાલ! તમારી દીર્ઘદૃષ્ટિ અને ઠરેલપણું જોઇને મને બહુ જ આનંદ થયો છે. લ્યો, હું હવે રજા લઉં છું.

આ પ્રમાણે વાત કરીને ચિન્તામણિ સુંદરલાલથી છુટો પડયો. તેના મનમાં હવે સમજાયું કે છોકરમત કામેશ્વરે પોતાનો અમુલ્ય પ્રાણ શા માટે આત્મઘાતમાં હોમવાનો પ્રયત્ન કર્યો હતો. અદ્યાપિલગી તેના મનમાં કામેશ્વરના આજરોજના વર્તનના સંબંધમાં અનેક તરંગો અને અનુમાનો ઉઠતા હતા તે સર્વનો ખુલાસો સુંદરલાલ સાથેની વાતથી થઇ ગયો. ચિન્તામણિના મનમાં હવે કામેશ્વરની ટુંકી બુદ્ધિ વિષે વિવિધ વિચાર આવવા લાગ્યા. તે કામેશ્વરને દયા પાત્ર અલ્પમતિનો પ્રાણી સમજવા લાગ્યો. ચિન્તામણિ કામેશ્વર પાસે પોતાને મકાને જવા ચાલતો હતો તે દરમિયાન તે પોતાના મનમાં કામેશ્વરને ઠપકાના શબ્દો કહેવા લાગ્યોઃ—કામેશ્વર! મૂર્ખ કામેશ્વર! બાળકબુદ્ધિ કામેશ્વર! ચળકતી અગ્નિની જ્વાળા જોઇને તું સોનું સમજી તેની અંદર હોમાવાને તૈયાર થયો. દયાળુ પરમેશ્વરે તને પરીક્ષામાં નાપાસ કરી તેમાં પડતાં અટકાવ્યો. ત્યારે તું પરમ કૃપાળુ પરમેશ્વર જે મનુષ્ય જાતનું અશુભદ્વારા પણ શુભ જ કરનાર છે, તેની દયામય રચનાથી રીસાઇ તું આપઘાત કરવા તૈયાર થયો! અરે તેં ભણીને શું જ્ઞાન મેળવ્યું? અરે પણ એમાં તારો દોષ નથી! હાલની કેળવણીનું જ એ ફળ છે. નૉવેલો જેવા હવાઇ

વિચારો અને સુધરેલી સુંદરીના કૃતિમ સ્વભાવ ઉપર તેં તારા ભવિષ્યની હવેલીઓ એ જ કેળવણીના સંસ્કાર ઉપર બાંધેલી હતી એમાં કાંઈ પણ શક નથી. જેણે દુઃખને લીધે ધર્મનું ઓળખાણ કર્યું હોય છે તે જ, અથવા તો જેને પોતાના કુલાચારને પ્રતાપે અથવા સન્મિત્રોને પ્રતાપે ધર્મનું ઓળખાણ થયું હોય છે તે જ આ હાલની કેળવણીના અહિતકર અંશથી બચીને કેળવણીનું હિતકર તત્વ ભોગવી શકે છે. અરે તેં એક વાયલ વનિતાને ખાતર તારાં સુશીલ માતાપિતાની આનંદવાટિકામાં એક ક્ષણમાં ભયંકર દવ લગાડી દીધો હોત! ધન્ય છે, પેલા થાથા જેવા જણાતા સુંદરલાલને! લાંબો વિચાર કરીને તે જે ટિચાક તરૂણીમાં વારૂણી જેવો વિનાશ જુએ છે, તેને જ તેં કાંઈ પણ લાંબા સહવાસ વિના કાન અને આંખ્યને વશ થઈ જીવનરસની કુંપી માની? કેળવણીમાંથી જ્ઞાન અને અનુભવને બદલે વાયલપણું અને ટીચાકવેડા શીખીને દુઃખના દરિયામાં ડુબકાં ખાનાર તારા જેવા કેટલાએ જુવાનીઆ પોતાના ખરા કર્તવ્યથી ભ્રષ્ટ અને નષ્ટ થતા હશે!!! જેઓ તોતાની પેઠે વિના સમજ્યે પ્રેમ પ્રેમના પોકાર પોથાં ઉપરથી કરે છે, જેઓ ધર્મનું સ્વરૂપ જાણતા નથી તેઓ પ્રેમના ખરા કુંદનને બદલે પીતળ પામે છે. કામેશ્વર! તું કેવા ઉંડા કુવામાં પડતાં ઉગર્યો છે તે તું જ્યારે જાણીશ ત્યારે તને તારી પોતાની મૂર્ખાઈ ઉપર એવો તિરસ્કાર ઉપજશે કે તારૂં મન તેને માપી શકશે નહિ અને વાણી દર્શાવી શકશે નહિ!!

આવા વિચાર કરતો કરતો ચિન્તામણિ બિચારો મકાને આવી પહોંચ્યો અને કામેશ્વરની સ્થિતિ કેવી છે તે જાણવાની જીજ્ઞાસાથી અંદર પ્રવેશ્યો.

પ્રકરણ ૬ ઠું.

હિતકર યુક્તિ અને દૈવની અનુકૂલતા.

ચિન્તામણિ જે વખતે મુકામ ઉપર આવ્યો અને અંદર પેઠો તે વખતે એક ખુરશી ઉપર બેશીને આગળ પડેલા ટેબલ ઉપર પોતાનું માથું અઢેલીને કામેશ્વર મહા વિચારસાગરમાં મગ્ન થયેલો હતો. તે એટલો તો વિચારસાગરમાં ઉંડો ઉતરી ગયો હતો કે ચિન્તામણિ તેની પાસે આવીને ઉભો તેની પણ તેને ખબર પડી નહિ. ચિન્તામણિ પણ પોતાના મિત્રના અંતરની સ્થિતિની ચિકિત્સા કરવાને માટે ચુપચુપ બોલ્યા ચાલ્યા વિના ઉભો રહ્યો. કામેશ્વરની આંખો અને મુખ બંધ હતાં પણ તેના મનમાં જે તોફાન આશા અને નિરાશાનું મચી રહ્યું હતું તેનો ચિતાર તેના ચહેરા ઉપર આવતી જતી સુરખી અને ફીકાશ ઉપરથી જણાઇ આવતો હતો. આ ઉપરથી ચતુર ચિન્તામણિએ વિચાર કર્યો કે—આની સાથે વાતચિત્ત કરીને તેને કેવે પ્રકારે ધૈર્ય આપવું કે જેથી તે નિરાશ પણ થાય નહિ, અને પેલી સુધરેલી સુંદરીની લપમાં પણ ફસે નહીં.

ચિન્તામણિ જાણતો જ હતો કે કામેશ્વરને હિકમતરાયની દીકરી ઉપર અત્યંત મોહ હતો; તેની સાથે એ એટલું પણ સમજતો હતો કે તે બીજાને પરણી છે એમ કામેશ્વરને કહેવામાં આવે તો તે તે સ્ત્રીની આશા છોડીને નિરાંતે ન બેસતાં વખતે નિરાશામાં ગાંડો પણ થઈ જાય, તેમ જ તે હજુ કોઇને પરણી નથી એમ કહેવામાં આવે તોપણ પાછો તે સ્ત્રીની પાછળ પોતાના તરંગને દોડાવીને

પોતાના મોહમય મનોરાજ્યને એટલું તો ફેલાવી દે કે તેમાં ફસાય જ અને પાછો નીકળી શકે નહિ. તેથી ચિન્તામણિએ એક એવી યુક્તિ વાપરવાનું વિચાર્યું કે જેથી કામેશ્વરનું અંતઃકરણ જે મોહમ સમાધાનમાં આવીને ઠર્યું હતું તેની તે જ સ્થિતિમાં કાયમ રહે. આથી તેણે કામેશ્વરને વાંસે હાથ મુકીને કહ્યું:—હવે તમારા મનની સ્થિતિ કેવી છે?

કામેશ્વરે જાગ્રત થઇને કહ્યું:—હવે મારૂં મન કાંઈક શાંતિને અનુભવે છે. તોપણ હજુ લગી મારૂં મન કાંઈ જોઇએ તેવું હેઠું બેઠું નથી.

ચિન્તામણિ:—પરંતુ આ પ્રમાણે મન શોકાકુલ થઇ જવાનું જે કારણ તમે મને બતાવ્યા કરો છો, તે ઉપર મને કાંઇ પણ વિશ્વાસ બેસતો નથી.

કામેશ્વર:—હું તમારી આગળ સાચે સાચું જ કહું છું કે આ પ્રમાણે થવાના કારણને મારા નાપાસ થવાની સાથે જ સંબંધ છે. બીજું કાંઈ કારણ મારી શોકાકુલતાનું નથી.

ચિન્તામણિ:—ભલે! તમે સાચું જ બોલો છો અને હું પણ તે ઉપરથી સાચું જ સમજું છું કે તમારી શોકાકુલતાનું કારણ તમારા નાપાસ થવાની જ સાથે સંબંધ ધરાવે છે, એ વાત સાચી છે, પરંતુ તમારૂં નાપાસ થવું એ જ તમારી શોકાકુલતાનું કારણ નથી.

એ પ્રમાણે બોલીને ચિન્તામણિ સહજ કામેશ્વરના મનનો મર્મ સમજ્યો હોય એમ હસ્યો, તેથી કામેશ્વર કાંઇક ક્ષોભ પામીને બોલ્યો:—નહિં બીજું કાંઇ જ કારણ નથી. નહિ બીજું કાંઈ જ કારણ નથી.

ચિન્તામણિએ જરીક સચોટ રીતે પુછ્યું:—તમારા જેવી એક વર્ષ તો શું પણ પાંચ વર્ષ લગી અભ્યાસ લંબાવવાની પૈસા

સંબંધી સ્થિતિવાળો માણસ એકવાર નાપાસ થવાથી આટલો બધો શોક વિકળ થઇ જાય એમ કોણ માને ?

કામેશ્વર બોલ્યોઃ—મારો બહુ જ ટેકીલો અને જલદ તથા ગુમાની સ્વભાવ છે તેથી મને ઘણી લાગણી થાય છે એ સ્વાભાવિક છે. જો બીજું કાંઇ કારણ હોય તો હું તમને કહ્યા વિના રહું ?

ચિન્તામણિ બોલ્યોઃ—તમે કહો કે ન કહો. પરંતુ હું તો તમને એટલું એક મિત્રતા જેવા નિખાલસપણાથી ખુલ્લી રીત્યે કહું છું કે જે કારણને લીધે તમે પાસ થવામાં મોટો લાભ સમજતા હશો અને નાપાસ થવામાં મોટી હાનિ સમજતા હશો, તે કારણ તે એક એવા અનિષ્ટ રૂપ છે કે જેથી તમારી આખી જીંદગાની દુઃખી થાત અને તમારૂં જીવન એવી રીતે કડવું ઝેર થઈ પડત કે તેમાં કોઈ પણ રીતે અને ઉપાયે કદી પણ મિઠાશ આણી શકાત નહિ.

ચિન્તામણિ આ શબ્દો એવી તો કરડી રીતે બોલ્યો કે કામેશ્વર તો એકવાર ચકિત થઈ ગયો. તે ગભરાવા લાગ્યો કે ચિન્તામણિએ તેના મનની વાત શી રીત્યે જાણી. ચિન્તામણિના આ મોઘમ શબ્દોમાં શો અર્થ સમાયલો છે, તેનો પાર પામવાને માટે કામેશ્વર સાવધ થઇને બોલ્યોઃ—તમારા બોલવામાં મને તો કાંઈ સમજણ નથી પડી. તમે શું કહેવા માંગો છો ?

ચિન્તામણિ બોલ્યોઃ—મને પણ મારા બોલવાના અર્થની તો કાંઈ સમજણ પડતી નથી પણ હું તો એટલું જ કહેવા માગું છું કે તમે નાપાસ થયા તે પણ સારાને માટે જ.

કામેશ્વર સંશય અને આતુરતાથી બોલ્યોઃ—હું પાસ થયો હોત તો તેથી મારૂં શું અશુભ થાત ?

ચિન્તામણિઃ—તે વિષે તમને હું કાંઇ કહેવાને શક્તિમાન નથી તેમ જ કહેવા માગતો પણ નથી. તથાપિ પરમેશ્વર જે કરે છે તે સારાને જ માટે એવો મારો હમેશનો અભિપ્રાય છે.

કામેશ્વરે જાણ્યુ કે ચિન્તામણિ તેના મનની વાત તો જાણતો નથી પણ સામાન્ય રીત્યે દિલાસાની વાત કરે છે, તેથી તે જરીક ખુશી થઇને બોલ્યોઃ—તમારૂ ધારવું એવું છે પણ મારૂ ધારવું એવું છે કે જો હું પાસ થયો હોત તો મારૂં શુભ જ થાત.

ચિન્તામણિ પણ સહજભાવનો ડોળ કરીને બોલ્યોઃ—પરમેશ્વર પાસ કરત તે પણ સારાને જ માટે. એ તો હું પહેલેથી જ કહું છું કે પરમેશ્વર જે કરે તે સારાને જ માટે.

કામેશ્વર બોલ્યોઃ—હું પાસ થાત તો તે સારાને માટે એવી ખાતરી મને પોતાને થાત. પણ હું નાપાસ થયો તે સારાને માટે એવી ખાતરી તમને હોય એમ જણાય છે, તો તેવી ખાતરી મને કરી આપો.

ચિન્તામણિ બોલ્યોઃ—એ પણ હું તમને યોગ્ય સમય આવશે ત્યારે પ્રત્યક્ષ ખાતરી કરી આપીશ. પરંતુ તમારે એક કરાર પાળવો પડશે કે તમારે તમારા નાપાસ થયા માટે અથવા તો પાસ થયા હોત તો જે કાંઇ લાભ મળવો ધારતા હો તેને માટે જરીક પણ શોક કરવો નહિ, અને યોગ્ય પ્રસંગ આવે ત્યાં લગી મારા આ વચન ઉપર ભરોસો રાખીને રહેવું.

ચિન્તામણિ સહજ જ આમ બોલે છે એમ ભાસવાથી કામેશ્વરને કાંઇ નિર્ભયતા આવવાથી તે બોલ્યોઃ—મારા પાસ થવાથી મને જે લાભ થવાનો હશે તે લાભ જતો રહ્યો હશે તો પછી?

ચિન્તામણિએ એક ભવિષ્યવેત્તાના જેવા આડંબરથી જવાબ

દીધો:—પાસ થવાથી તમને શો લાભ થવાનો હશે તે તો કાંઇ હું જાણતો નથી. પણ તમારો લાભ નાશ પામ્યો નથી જ એ હું ખાતરીથી કહું છું. અને તે બાબતની તમે તપાસ કરાવો. જો મારૂં આ કહેવું ખરૂં પડે તો પછી તમારો એ લાભ તે અમૃત ન હોતાં ઝેર છે એ જાણવાનો યોગ્ય પ્રસંગ આવે ત્યાં લગી મારા વચન ઉપર વિશ્વાસ રાખીને થોભજો.

કામેશ્વર હસતાં હસતાં બોલ્યો:-તમે પણ એક મોટા ભવિષ્ય વક્તાની પેઠે બોલો છો. પણ હું કાંઈ વહેમી બઇરાના જેવો નથી કે મારે મારા મનનું સમાધાન કરવાને જોષી મહારાજના જેવા જોષની આશાઓ ઉપર આધાર રાખવો પડે.

ચિન્તામણિ બોલ્યો:—પણ હું કાંઇ જોષીના જેવી ખોટી ગપ્પો મારનાર નથી. હું તો પ્રસંગ આવ્યે તમને પ્રત્યક્ષ જ બતાવીશ.

આ પ્રમાણે ચિન્તામણિની વાતને કામેશ્વરે હાસ્યવિનોદમાં માંડી વાળી હોય એમ ઉપર ઉપરથી દર્શાવ્યું. પણ હિકમતરાયની દીકરી બીજા કોઈ સાથે પરણી ગઇ છે કે નહિ તે વિષે કોઇ ઓળખીતાને પત્ર લખી ખબર કઢાવવાનો વિચાર તેના મનમાં ઉત્પન્ન થયા વિના રહ્યો નહિ. પરંતુ એ વિચાર તેણે પોતાના મનમાં ગુપ્ત રાખ્યો. તથાપિ એ વિચારથી તેના મનમાં એક પ્રકારનો કાર્યનો ઉત્સાહ ઉત્પન્ન થયો અને તે આનંદિત જણાવા લાગ્યો. આથી ચિન્તામણિને કામેશ્વર સંબંધી ભય અને ચિન્તા ઓછાં થયાં. તેની સાથે ચિન્તામણિને પોતાના સંબંધી ચિન્તા જાગ્રત થવાનો અવકાશ મળ્યો.

આપણે જાણીએ છીએ કે ચિન્તામણિ ઘણાં ગરીબ માબાપનો દીકરો હતો. તેણે કામેશ્વરના પિતાની મદદથી પોતાનો બી.એ.

લગીનો અભ્યાસ પૂરો કર્યો હતો, પણ હવે તે કાંઈ ધંધે લાગવાને આતુર હતો. તેણે એલ. એલ. બી. ના અભ્યાસને માટે હાજરી પણ પુરેપુરી મુદત લગી ભરી હતી; આથી હવે પોતાના ઉપકારક ઉપર વિશેષ સમય બોજારૂપ નહિ થઇ પડતાં પોતે કાંઇ ધંધે લાગવા માગતો હતો અને પોતાના અવકાશના સમયમાં એલ. એલ. બી. ની પરીક્ષા માટે તૈયારી કરીને જો જરૂર જણાય તો તે પરીક્ષા પસાર કરવાની તેની ધારણા હતી. પણ જો કાંઇ સારી નોકરી મળે અને તેમાં આગળ વધવાની વકી હોય તો તે કાંઇ વિશેષ શ્રમ કરી પોતાના નિર્બલ બાંધાના શરીર ઉપર વધારે બોજો લાદવાને ઇચ્છતો નહોતો. તેથી તે પોતાને માટે નોકરી શોધવાને માટે અત્યંત આતુર હતો. પણ જ્યાં લગી કામેશ્વરનું અંતઃકરણ બરોબર શાન્ત થઈ ઠેઠું બેસે ત્યાં લગી તે તેને વધારે વાર એકલો મુકી બીજા કોઇ વ્યવસાયમાં પડવા ઇચ્છતો નહોતો. તેથી એક અઠવાડીઆ લગી તેણે કામેશ્વરની પાસે ને પાસે રહીને તેના મનની સ્થિતિનું અવલોકન કરવાનો નિશ્ચય કીધો.

હિકમતરાયની મોહક પુત્રીના વિષે ખબર મેળવવા કોના ઉપર પત્ર લખવો એ વિષે કામેશ્વરના અંતઃકરણમાં વારંવાર ઘોળાયાં કરતું હતું, પણ તેવું કોઈ મનુષ્ય તેના ધ્યાનમાં આવતું નહોતું. એ ઘોળાઘોળ અને ચોળાચોળમાં ચાર દિવસ ચાલ્યા ગયા; પણ પાંચમે દિવસે એક પત્ર આવ્યો. આ વખતે ચિન્તામણિ રસોડામાં રસોઇયા પાસે બેસીને તે માસનો ભોજનખર્ચનો હિસાબ ઉતારતો હતો. ટપાલનો સિપાઇ કેટલાક કાગળો—કામેશ્વરના અને ચિન્તામણિના સરનામાના—કામેશ્વર આગળ ટેબલ ઉપર મુકીને ચાલતો થયો. તે કાગળોમાં સદરહુ પત્ર હતો. એક પછી એક કાગળો ઉપરનાં સરનામાં આપણો કામેશ્વર જોઈ ગયો. તેમાં પેલા કાગળ ઉપરના

સરનામાના અક્ષરો જોઇને કામેશ્વરના હૃદયમાં એક ક્ષણમાં હજારો તર્ક વિતર્ક થઇ ગયા. પ્રથમ અક્ષર જોતાં જ ઓળખ્યા અને ઓળખતાની સાથે મનમાં આનંદ થયો. તરત જ આખું ભવિષ્ય જે ઝાંખું થઇ ગયું હતું તે સુખના પ્રકાશવડે ચળકવા લાગ્યું. તે અક્ષર હિકમતરાયની પુત્રીના હતા. કામેશ્વરની મનકામનાની વેલી આશાના જળથી પુનઃ નવપલ્લવ થયેલી જણાઇ. ઇનામ જતું રહ્યું નથી પણ કામેશ્વર પાસ થતાં લગી થોભ્યું છે, એવો તર્ક આવતાની સાથે કામેશ્વરમાં પુનર્જીવનની પ્રતીતિ થઇ. પણ એક બીજો વિતર્ક આવ્યો તેની સાથે જ કામેશ્વરના મુખ ઉપર સંદેહ વાદળીની છાયા પડવા માંડી. શું તે તરૂણીએ બીજા કોઇ યોગ્ય યુવકને વરમાળ આરોપી? કામેશ્વરને સુધરેલા દેશોની રીત પ્રમાણે પૂર્વપ્રણયની વાતો વિસરી જવાને માટે છેલ્લી ખબર તો નહીં આપી હોય! ?—આ વિતર્ક કામેશ્વરના મગજમાં આવતાની સાથે તેનાં વહાણ ભરદરિયે ડુબતાં જણાયાં. તેના મનમાં તાતું તેલ રેડાયું હોય એમ ભાસ્યું, આંખે ઝાંઝવાં વળતાં જણાયાં, અને મગજે ચક્કર આવવા લાગ્યાં.

એક ક્ષણ મૂર્છા જેવી સ્થિતિ થઇ પણ નિરાશા અને ભય પણ એક પ્રકારની મરણિયા જેવી હિમ્મત આપે છે, તે નિયમ પ્રમાણે આપણા કામેશ્વરે પણ પોતાના ભવિષ્ય વિષેનો સંદેહ ટાળવા અને જેવું હોય તેવું જાણવાને માટે તેનું પડબીડીયું ધ્રુજતે હાથે ફોડયું અને પત્ર ઉઘાડીને વાંચ્યો, તો શરૂઆતમાં જ 'પ્રિય ભ્રમર' એ સંબોધનમાંના પ્રિયશબ્દે તેને કાંઈક આશ્વાસન આપ્યું. પણ સુધરેલા દેશના નિયમ પ્રમાણે તો પ્રિયશબ્દ સઉ કોઇને લગાડી શકાય છે, તેથી વિજળીની ત્વરાથી તેની તૃષિત દૃષ્ટિ આખા પત્રની લીટીએ લીટીમાં ફરી વળી તેનીજ સાથે ભયશંકાની રાત્રી દૂર થઈ ગઇ. પ્રણયનૌકા

પોતાના સઘળા રંગ સાથે સદ્‌ભાગ્યના પવન વડે સંયોગ સુખના દુર રહેલા કિનારા પ્રત્યે દ્રઢતાથી અને દબદબા ભરેલી રીતે સફર કરતી જણાઈ. સુખ સંભવનો સૂર્ય તેની સમગ્ર કળા સાથે પ્રકાશવા લાગ્યો. એ પત્રને કામેશ્વરે પોતાના હૃદયે ઓઠે, આંખ્યે, અને મસ્તકે લગાડીને કૃપાળુ કામદેવના દુત તરીકે વારંવાર સત્કાર આપ્યો.

હર્ષના ઉભરા વારંવાર ઉછળ્યા અને શમ્યા પછી કામેશ્વરના મન ઉપર આનંદમય શાન્તિની છાયા પ્રસરવા લાગી. મન પ્રસન્ન અને સ્થિર થયું, તે પછી બીજા પત્રો તેણે શાન્તિથી વાંચ્યા. તે સર્વે તેના મિત્રો અને તેના પિતા તરફથી આવેલા હતા તેમાં તેના નાપાસ થવા વિષે તેને ધીરજ અને શાન્તવન આપેલું હતું. પણ હવે કામેશ્વરને કોઇના તરફના શાન્તવનની જરૂર રહી નહોતી પેલા એકજ પત્રે સર્વ પ્રકારનું શાન્તવન કરીજ દીધું હતું. હવે નાપાસ થવામાં કોઈપણ પ્રકારની નિરાશા રહી નહોતી. આવતી પરીક્ષા સુધી આપણા કામવશ કામેશ્વરનું ઇનામ કામેશ્વરને માટે જ થોભવાનું હતું. તેથી હવે કામેશ્વર ખુશ મિજાજમાં આવી ગયો હતો, તેણે પોતાની મનમોહિનીનો પત્ર સાચવને પોતાના ગજવામાં મુક્યો. પણ મુકતાં પહેલાં વારંવાર વાંચ્યો હતો.

હવે ખુશ મિજાજથી તેણે ચિંતામણિને તેની ટપાલ વાંચવા આવવાને હાક મારી. તેનો આનંદનો ધ્વનિ કરતો અવાજ સાંભળીને આશ્ચર્ય પામેલો ચિન્તામણિ હિસાબ થોડોક અધુરો હતો તોપણ એકદમ તેની પાસે આવીને ઉભો. એકદમ કામેશ્વરનો આનંદી અને પ્રસન્ન ચહેરો જોઇને ચિન્તામણિને તો એમજ ભાસ્યું કે કામેશ્વરની ડાગળી તો છટકી ગઇ નહિ હોય! પણ તેની વાતચીત કરવાની તથા વર્તવાની રીતિ ઉપરથી તેને ખાતરી થઇ કે ખરેખર જ

તેનું અંતઃકરણ હવે જેવું હતું તેવું શાન્ત થયું છે. ચિન્તામણિનાં માતપિતાનો આનંદ તેમના પત્રો ઉપરથી તેણે જાણ્યો, પણ કામેશ્વરના પિતાનો ઉદાર આનંદ તેમના પત્ર ઉપરથી જાણીને ચિન્તામણિનું અંતઃકરણ પુજ્યભાવમય પ્રેમ અને આભારની વૃત્તિથી ભરાઇ આવ્યું. પોતાનો પુત્ર કામેશ્વર નાપાસ થયા છતાં પણ તેમણે ચિન્તામણિના પાસ થવા વિષે અત્યંત આનંદ દર્શાવ્યો હતો, તેની સાથે તેને લખ્યું હતું કે—કામેશ્વરને હજુ વધારે વાર અભ્યાસને માટે ત્યાં થોભવું પડશે, તેથી તેટલો સમય એલ. એલ. બીની પરીક્ષા પાસ કરવાને તમે (ચિન્તામણિ) તેના ભેગા જ રહી અભ્યાસ કરશો તો તેથી મને અત્યંત આનંદ થશે.

પ્રકરણ ૭ મું.

પ્રાણયાત્રાને માટે પ્રયાસ.

કામેશ્વરના પિતાની ઉદારતા જો કે હજુ ચિન્તામણિને તેનો અભ્યાસ લંબાવવાને મદદ કરવાને પ્રેમપૂર્વક તૈયાર હતી, તો પણ ચિન્તામણિ હવે કોઇના ઉપર વધારે વાર બોજો મુકવાને ખુશી નહોતો. હવે તે એક ગ્રેજ્યુએટ હતો, અને તેને ખાતરી હતી કે તેને ગમે તે ઠેકાણે તેનો નિર્વાહ ચાલે એટલા પગારની નોકરી તો મળશે. પોતાનું લગભગ ઘસાઇ ગયા જેવું શરીર છે એ વાતથી તે અજાણ્યો નહોતો,આથી પણ તે ફક્ત નોકરીના અંગનું જ કામ કરીને

પોતાના શરીરને સારી પેઠે એકવાર તો આરામ આપવા ઇચ્છતો હતો. તેથી તેણે એવો નિશ્ચય કર્યો કે કામેશ્વરના બેગા થોડોક સમય રહી તે દરમ્યાન નોકરીને માટે ચારે તરફ નજર રાખતા રહેવું. હવે ચિન્તામણિને કામેશ્વરની ચિન્તા કરવી પડે તેમ નહોતું. તેની આશાની દોરી લંબાઈ હતી તેના સાથે મજબુત પણ થઇ હતી. તે હવે પોતાની પરીક્ષામાં થયેલી નિષ્ફલતાને એક પ્રોત્સાહન રૂપે માનતાં શીખી ગયો. એક અઠવાડીયું માત્ર આરામ લેઇને તે પાછો ચારગણા બળથી પોતાની ચોપડીઓને બાઝયો. આ પ્રમાણે કામેશ્વરને આનંદી અને ઉદ્યોગી જોઇને ચિન્તામણિએ નોકરીની શોધમાં કમર કસી એક કરતાં વધારે ખાતાંઓના ઉપરીઓને પોતાની યોગ્યતા વગેરે દર્શાવને ઉમેદવાર તરીકે અરજીઓ ધસડીને મોકલી તેના જવાબની રાહ જોતો અને પોતાના નવા પ્રાપ્ત થયેલા બી. એ. પદમાં આનંદ માનતો તે દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

વળી આપણો ચિન્તામણિ પોતાના જુવાનીઆ ઉત્સાહમાં કામેશ્વરના પિતાને તેમનો ઉપકાર માની લખી ચુકયો પણ હતો કે હવે તે નોકરી લેઇને પોતાની વ્યવસ્થા કરી લેશે, અને અદ્યાપિ લગી તેના ઉપર જે ઉપકાર થયો છે તેને માટે સદા આભારી રહેશે. પણ દિવસ ઉપર દિવસ જવા લાગ્યા, તથાપિ કોઇ પણ ખાતાના ઉપરિ તરફથી નોકરી આપવાનો હુકમ તેના ઉપર આવ્યો નહિ.

બિચારા ચિન્તામણિએ અદ્યાપિ લગી સભાઓમાં કે મેળાવડામાં કે વર્તમાનપત્રોમાં એક ક્ષણ પણ ગાળી નહોતી. એક ચિત્તે તેણે પોતાનો સર્વ વખત પોતાની નબળી તબીઅત જાળવી જાળવીને માત્ર વિદ્યાલયની ઉપાસનામાં જ ગાળી હતી. અને તે ઉપાસનાનું

પાસ થવા રૂપ બાંધ્યું બીડયું શ્રીફળ તેને મળ્યું હતું. તે પોતે જ્યારે ગુજરાતી નિશાળે ગંગારામ મહેતાની આગળ :પાટી ઉપર—કક્કો ઘુંટે તે મારો જોડીઓ—કરતો હતો ત્યારે થોડું ઘણું ઈંગ્રેજી ભણેલા અને મ્હોળા મ્હોળા ઉચ્ચાર કરનારા પણ મામલતદારો અને ન્યાયાધીશો અને શિરસ્તેદારો અને દફતરદારો અને ડેપ્યુટિઓ અને ફોજદારો અને ઈન્સ્પેક્ટરો થઇને કેવળ ઘોબા જેવા છતાં પણ રાવસાહેબો અને રાવબહાદુરો થઇ બેઠા હતા, તે ઉપરથી તેના મનમાં તો એમ જ હતું કે કાંઇ નહિ તો પચાસ સાઠ રૂપિયાની નોકરી તો ગ્રેજ્યુએટ થયા પછી મળ્યા વિના રહેવાની નથી. તે વખત અને આ વખતમાં જમીન આશમાનનો ફેર પડી ગયો છે, તેની તેને કાંઇ ખબર નહોતી. તેણે બિચારાએ અભ્યાસ શિવાય બીજા કોઇ રાજદ્વારી કે એવા વિષયોમાં કદિપણ ધ્યાન આપ્યું જ નહોતું. વિદ્યાલયના મુખ્ય સાહેબ પણ તેને એકમાર્ગી ભલો વિદ્યાર્થી કહી વખાણુતા અને પ્રસન્ન રહેતા, કેમકે આ દેશના વિદ્યાર્થીઓમાં રાજદરબારી બાબતોના સંસ્કાર બેસે એવી હિલચાલોમાં વિદ્યાર્થીઓ ધ્યાન આપે તે વાત તેઓ સાહેબને રૂચતી નહોતી. તેથી આપણો ચિન્તામણિ તો કેળવણીથી થતા ફાયદાઓ વિષે કોલેજના પ્રિન્સિપાલ સાહેબે વારંવાર જણાવેલા વિચાર તથા ચોપડીઓના અભ્યાસથી મળેલા જ્ઞાન અને અનુભવ શિવાય બીજું કશું જાણુતો નહોતો.

બીજું અઠવાડીયું રાહ જોઇ પણ નોકરીને માટે કરેલી અરજીઓમાંથી કોઇનો ઉત્તર ન આવ્યો તેથી તેણે તે અરજીઓની યાદદાસ્ત તાજી કરાવનાર અરજીઓ (રિમાઈન્ડર) લખીને ટપાલમાં નાંખી. ત્યાર પછી ઉપરા ઉપરી તેની બધી અરજીઓના જવાબ

આવવા લાગ્યા. પણ તે જવાબમાંનો એકે તેને નોકરી આપવાનો નહોતો. કેટલાક જવાબ તો એવા આવ્યા કેઃ—અમારા ખાતામાં કોઈપણ જગા હાલ ખાલી નથી, અને ઉમેદવારોનું લિસ્ટ ઘણું ભારે થઈ ગયું છે, તેથી હાલ અમે તમને કાંઇ પણ આશા આપી શકતા નથી. કેટલાકના જવાબ એવા હતા કે ખાતામાંથી જુના નોકરોની સંખ્યામાંથી પણ કમી કરવાનું કામ ચાલે છે, તો નવા માણુને દાખલ કરવો એતો તદન અશક્ય જ છે. કેટલાકના જવાબ એવા હતા કે તમારે કેટલાક માસ વગર પગારે ઉમેદવારી કરવી હોય તો તમારી ઓળખાણ પારખાણ અને અમુક રકમના જમાન આપીને અથવા તેટલી રકમ અનામત મુકીને અહી ઉમેદવારીમા દાખલ થવું; તમારી કામની માહિતી જોયા પછી અથવા ડિપાર્ટમેન્ટની અમુક પરીક્ષા પાસ કર્યા પછી તમે ગ્રેજ્યુએટ હોવાથી તમારો હક પહેલો જોવામાં આવશે.

આવા ઉત્તરો વાંચીને ચિન્તામણિને પોતાની કેળવણી ઉપર તિરસ્કારની લાગણી ઉપજવા લાગી. એ અઠવાડીયાં તો આમ ને આમ નિકળી ગયાં, પણ ઇંગ્રેજી ભણી રહ્યા પછી બુટ સ્ટોકિંગ પહેરી હાથમાં લાકડી કે છતરી લેઈ ચટકમટક કોરટમાં કે ઓફિસમાં જવાના ઘણા દિવસના બાંધેલા મનોરથ સિદ્ધ થવાનો સમય તો આવ્યો નહિં; ત્યારે આ ભણવામાં જે શ્રમ કર્યો તેનું શું ફળ થયું? ઘણું જાણવામાં આવ્યું અને બુદ્ધિમાં વધારો થયો તથા સભ્યતા વિનય વગેરે અનેક ગુણો જે બીજા અભણ મનુષ્યોમાં નથી તે પ્રાપ્ત થયા. પણ તેથી સમજની સાથે અમુઝણ વધી અને સભ્યતાની સાથે મોઢે ડુચો દેવાયો. સ્વતંત્રતાનું સ્વરૂપ સમજાયું, પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના સાધનોમાં દવ લાગી ગયો. મોઢું બાંધીને સરચાં

દળવા જેવી વિષમ સ્થિતિ થઇ. ચિન્તામણિના અંતઃકરણને હવે જણાવા લાગ્યું કે ગ્રેજ્યુએટ થયા પછી કાંઇ ફુલના બિછાનામાં ચાલવાનું નથી. તેની સમજણ, સભ્યતા, નિર્ધનતા, સ્વાભિમાન, વિદ્યા, અને પ્રથમની બાંધી મુકેલી આશાઓએ તેની હૃદય રંગભૂમિ ઉપર કોઇ વિચિત્ર પ્રકારનું પ્રહસન્ (નાટક વિશેષ) ભજવવા માંડયું.

કામેશ્વરના પિતાએ તો તેને કામેશ્વરના ભેગો રહી એલ. એલ. બી. અથવા એમ. એની પરીક્ષા લગી અભ્યાસ આગળ ચલાવવાને આગ્રહ કર્યો હતો, પણ તેમને તો ઉપકાર માની હવે ધંધે લાગી જુદા પડવાનો નિશ્ચય જણાવી દીધો હતો. આથી નવી સભ્યતાના નિયમ પ્રમાણે જુદા નિકળવું જ જોઇયે એ વાત આપણા ચિન્તામણિના ચિત્તમાં ખુચ્યા જ કરતી હતી; અને કોઇ કેળવાયલા યુવાનને છાજે તેવી સરકારી નોકરી તો મળવાની તુરતો તુરત વકી જણાતી નહોતી. ઘરના રોટલા ખાઇને દીપાવર્ત્ત જેવા મોંઘવારીવાળા શહેરમાં કોઇ ખાતામાં ઉમેદવારી કરવી પણ ફાવે તેમ નહોતું. બહારના જીલ્લાઓમાંથી પણ અરજીઓના જવાબ તેવા જ આવ્યા હતા. કામેશ્વરની સાથે વધારે વાર પડી રહેવું તે પણ હવે તેને સભ્યતાવાળું જણાતું નહોતું. ખરૂ જોતાં જો તે કામેશ્વર સાથે બીજાં બે ત્રણ વર્ષ રહે ત્યાં લગી કામેશ્વર તેને એક ઉપકારક સોબતી તરીકે માન આપે તેમ હતું, અને કામેશ્વરનો પિતા પોતાના પુત્રની એક બેલી તરીકે તેને ચ્હાય તેમ હતું. પણ નવા જમાનાની સભ્યતા ચિન્તામણિની આડે આવતી હતી. વળી પોતાનું શરીર અત્યંત નિર્બળ હોવાથી તેને અભ્યાસ આગળ ચલાવવાની હિમ્મત નહોતી. તેમાં તેને વળી હવે કેળવણીની કિમ્મત એટલા તો વિચિત્ર આકારમાં જણાતી હતી કે વધારે અભ્યાસ

કરવાની તેની ઇચ્છા પણ મંદ થઇ હતી. તે જાણતો હતો કે બી. એ. ને છાજે એવી જગાઓનો તો શું પણ મેટ્રિક કે પ્રિવિયસને છાજે તેવી જગાઓનો તોટો હતો તો એમ. એ. કે એલ. એલ. એલ. બી. ને લાયક જગાઓનો વધારે તોટો હોવો જોઇએ. વધારે ભારે ચીજના ખરીદનાર પણ ઓછા જ હોય છે, અને 'જેમ મોંઘું તેમ તે વધારે સોંઘું' એ કહેવતનો ખરો મર્મ તેને સમજાવા લાગ્યો. હવે તો તેણે સર્વ તરફનો વિચાર કરીને જેમ તેમ કરીને જેવી મળે તેવી નોકરીનો પત્તો લગાડવાનો મરણીઓ નિશ્ચય કર્યો. તેણે ચારે તરફ નજર નાંખી પણ આ બાબતમાં કોની મદદ લેવી તેની તેને સુજ પડી નહી. કેમકે અદ્યાપિ લગી ચિન્તામણિને વગ-વસીલો કે આશ્રય માત્ર કામેશ્વરના પિતાનો હતો, સાથી માત્ર કામે-શ્વર હતો, મિત્ર પુસ્તકો હતાં, અને પ્રમાણ રૂપ પ્રોફેસરો અને પ્રિન્સિપાલ હતા. છેવટે તેણે ઘણો ઘણો વિચાર કર્યો ત્યારે એક દિવસ તેને પોતાની કોલેજના પ્રિન્સીપાલ (વડા શિક્ષાગુરૂ) પાસે જઇને તેની સહાયતા માગવાનો વિચાર આવ્યો. તે વિચાર આવ-તાંની સાથે તેણે પોતાનાં કપડાં પહેરી લીધાં અને સાહેબ પાસે જવાને આશાભેર નિકળ્યો.

પાસેના ટ્રામવેના સ્ટેશને આવી તે રત્નાકરચોક આગળથી ટ્રામની ટીકીટ લેઇને ટ્રામવેમાં બેઠો. ખરા બપોર હોવાથી ટ્રામ-વેમાં કોઇ બેસનાર નહોતા. ટ્રામવેનું તે છેલ્લું ઉપડવાનું સ્ટેશન હોવાથી ટ્રામ બીજા મુસાફરોની રાહ જોવાને થોભી હતી. ચિન્તા-મણિના બેઠા પછી એક ભભકાબંધ લુગડાંવાળો યુવાન માણસ આવીને ટ્રામમાં તેની જોડે બેઠો. તેણે ચિન્તામણિને વિચારમાં પડી ગયેલો જોઇને પૂછ્યું:—'કેમ ભાઇ વિચારમાં પડી ગયા છો?'

ચિન્તામણિએ કહ્યું:—મનુષ્ય માત્રને વિચાર તો હોયજ.

પેલા નવતર માણસે કહ્યું:—તે તો આપનું કહેવું ખરૂં છે. પણ વિચાર વિચારમાં ફેર છે. આપ જાણે મોટી ચિન્તામાં ગરક થઇ ગયા હો એમ લાગે છે. તેથી પૂછવું પડયું પણ આપની સાથે પ્રથમના પરિચય વિના મેં આવો પ્રશ્ન પુછયો તેથી માફ કરજો. કેમકે કોઇ વાત કહેવા જેવી હોય અને કોઇ વાત બીજાને ન કહેવા જેવી હોય.

ચિન્તામણિને પેલા નવતર માણસના આવા નમ્ર અને વિવેક ભરેલા બોલવાથી તેમ જ તેના સારા ભભકાબંધ પોશાકથી એમ લાગ્યું કે આ કોઇક સજ્જનછે. તેથી તે બોલ્યો:—ભાઇ, તમે મને મારી ચિન્તા વિષે જે પ્રશ્ન કર્યો તેમાં કાંઇ માફ માગવા જેવું નથી. વળી એમાં પરિચયની પણ કાંઇ જરૂર નથી. આપણે કાંઇ સાહેબલોક બની ગયા નથી કે પરિચય વિના કોઇને કાંઇ પૂછાય નહિ.

નવતર માણસ બોલ્યો:—ભાઇ આપનો સ્વભાવ સાદો છે તેથી આપ આમ બોલો છો. બાકી આજકાલ તો એવાં ચિબાવલાં માણસ પાકતાં જાય છે કે, ભાઇ ખુશીમાં છો એટલું પુછતાં જ કહેશે કે ખુશીમાં નથી તો શું રોઇએ છીએ ?

ચિન્તામણિ:—ભાઇ, મારે તો બીજી કાંઇ ચિન્તા નથી, પણ હવે કાંઇ નોકરીએ લાગવું છે, તેના વિચારમાં હું તો હતો તેવામાં તમે મને સવાલ પૂછયો.

નવતર માણસ બોલ્યો:—આ સંસારમાં પ્રાણિ માત્રને ઉદર નિર્વાહની ચિન્તા હોય જ. પણ આ શહેર એટલું મોટું અને ઉદ્યોગી છે કે ગમે ત્યાં તમને થોડાક સમયમાં પેટપુર પગારની નોકરી મળી જશે. તેમ છતાં જો કોઇ ઠેકાણે પત્તો ન લાગે તો મને કહેજો, હું કોઇ ઠેકાણે તમારી ગોઠવણ કરાવી આપીશ.

ચિન્તામણિઃ—તમે શા ખાતામાં કામે લાગેલા છો ?

નવતર માણુસઃ—હું તો ભાઈ સાહેબ, જસ્ટીસ ઓફ ધી પીસ ઝવેરમલ્લ શેઠને ત્યાં રસોઇ કરૂં છું. આપ પણ બ્રાહ્મણ જણાવ્ઓ, તેથી બીજા કોઈ શેઠીઆને ત્યાં રસોઇયાની જરૂર હશે, તો હું તરતજ તમને રખાવીશ. મારા શેઠને ત્યાં અમે બાપદાદાથી નોકરી કરતા આવ્યા છીએ તેથી આપણો પરમેશ્વરને પ્રતાપે શેઠીઆ લોકો વિશ્વાસ રાખે છે, અને ચાકર રસોઇઓ રાખવો હોય તો આપણી ઓળખાણનો જ રાખે છે. આપણે પણ માણુસ જોઇને જ ભલામણ કરીએ છીએ. તેથી કોઇ દિવસ આજલગી ઠપકો ખાવાનો વખત આવ્યો નથી.

ચિન્તામણિને પોતાને રસોઇયા તરીકે નોકરી રહેવાનું આ પ્રમાણે એક ત્રાહિત માણુસે કહ્યું, તે ઉપરથી તેના મનમાં ઘણી ગ્લાનિ તો થઈ, અને તે તેના મુખ ઉપરથી પણ તેનો નવતર સોબતી પારખી લે તેવી થઇ. પણ તેવામાં ટ્રામ્વે ચાલી તેથી તેનું ધ્યાન ચિન્તામણિના મુખ તરફથી ખસીને બીજી તરફ ગયું, તેથી તે ચિન્તામણિને ક્ષોભ તો થયો પણ તે દબાવી દેઇ તેણે આ નવતર સાથે વધારે વાતચિત ચાલુ રાખવાનો વિચાર કર્યો.

ચિન્તામણિએ પુછ્યું:—તમને તમારા શેઠ શો પગાર આપેછે?

નવતર માણુસ—ખાવા પીવાનું તથા કપડાં વગેરેનું બધું ખર્ચ શેઠને માથે છે; અને બારે માસે રૂ ૨૫૦) પગારના આપે છે. વાર તહેવારે દાન દક્ષિણા ઇનામ અકરામ આપે છે. બધું ગણીએ તો બારે માસે રૂપૈયા પાંચસેં એ શેઠજીના પ્રતાપે મળે છે, કાશી વિશ્વનાથ એવા સરદારને ચિરંજીવ રાખે ! વળી ઘેર માબાપનાં ઉત્તર ક્રિયાનાં ખર્ચ અને બેટાબેટીનાં લગ્નખર્ચ પણ એ દુલો

શેઠીઓ જ ધોઇ વાળે છે. એમની ગાદી કાયમ રહો.

ચિન્તામણિ—એમ કે? ! ત્યારે તો તમે એક બી. એ. કરતાં પણ વધારે સારી સ્થિતિમાં છો. પણ કામ રસોઇયાનું ?

નવતર માણસ—બી. એ. કરતાં સારી સ્થિતિ એટલું જ નહિ. પણ નવી વકીલાત બી. એ. એલ. બી, કરતાં પણ આપણી સ્થિતિમાં આપણે સંતોષ માનીએ છીએ, તેમજ નવી ડિસ્પેન્સરી કાઢી બેસનાર એલ. એમ. એન્ડ એસ કરતાં પણ મને મારી સ્થિતિ વધારે સંતોષકારક ભાસે છે.

ચિન્તામણિ—તમે કાંઇ ઇંગ્રેજી ભણ્યા હો એમ જણાય છે.

નવતર માણસ—હાજી. પાંચેક ધોરણ હું ભણ્યો છું.

ચિન્તામણિ—ત્યારે અભ્યાસ આગળ કેમ ન ચલાવ્યો ?

નવતર માણસઃ—પિતાની સ્થિતિ મને ભણાવવા જેવી તો હતી; અને મારા પિતાના શેઠ ઠેઠ મને એમ. એ. લગી ભણાવવાને પણ મદદ કરે તેવા હતા. પણ મારા કાકાનો એક દીકરો બી. એ. થયો છે. તેને નથી મળતી સારી નોકરી કે નથી આવડતું ભઠિયારૂં. તેથી ધોબીના કુતરા જેવી તેની સ્થિતિ થયેલી જોઇને મારા પિતાએ રસોઇના કામમાં જ મને નાંખ્યો. મને પણ હવે સમજાય છે કે વખત બદલાઇ ગયો છે, તેથી ભણીને કાયા તોડી નાંખ્યા છતાં પણ કાંઇ વધારે લાભ નથી, અને ઉલટું મિથ્યા માન વધીને એકે વગમાં રહેવાતું નથી. તેથી, પરમેશ્વરે મારા બાપને બહુ સારી મતિ સુઝાડી–એમ હું સમજું છું.

ચિન્તામણિને આ રસોઇયાનું કહેવું ઘણે અંશે ખરૂં જણાવા લાગ્યું. પણ દરેક માણસ કોઇપણ પ્રકારનું સમાધાન પામી પોતાની સ્થિતિ ઉંચી પકડી રાખવાને માટે મથે છે. તે પ્રમાણે તેણે

પોતાની સ્થિતિનું માન રાખવા કહ્યું—અસ્તુ. હવે ભણવાથી કાંઈ ધન સંબંધી તો વિશેષ લાભ રહ્યો નથી, પણ જ્ઞાનથી અંતઃકરણની સુધારણા થાય તે લાભ કાંઈ ઓછો છે ?

નવતર માણસ બોલ્યોઃ—આપે કાંઇ વિશેષ અભ્યાસ કર્યો છે?

ચિન્તામણિ સહજ હસતાં બોલ્યોઃ—હા ભાઇ! હું પણ બી. એ. થયો છું.

આ સાંભળીને પેલો નવતર માણસ તો કાંઇ ઝાંખો પડી જઇ બોલ્યો કે—મહેરબાન માફ કરજો. આપને મારા બોલવાથી ખોટું લાગે એવી વાતચિત મેં આપની સાથે કરી છે. મેં તો અજાણે આ બધું આપની આગળ ભરડયું.

ચિન્તામણિ—મેં પણ તેટલા જ માટે આપણી વાતચિત આગળ ચલાવી કે તમે તમારા મનની વાત મને કહો; તેથી મને પણ લાભ થયો છે. ભણેલા મનુષ્યોની હાલની સ્થિતિ વિષે અને તેમનું જનસમાજમાં કેટલું તોલ છે તે વિષે ખરેખરી હકીકત સમજવાનો લાગ મને તમારાથી મળ્યો છે. આથી તમે જરીકે સંકોચાશો નહિ.

નવતર માણસઃ—મારી મુરખાઇને માટે મને સંકોચ તો થાય છે, પણ તમને ખોટું લાગ્યું નથી, તેથી મારા મનને સમાધાન મળે છે.

ચિન્તામણિ—મને તમારી સાથે વધારે વાતો કરવાની મરજી થાય છે.

નવતર માણસ—એ આપનો રૂડો સ્વભાવ બતાવે છે.

ચિન્તામણિ—તો હું જે કાંઇ તમને કહું તે વિષે તમે તમારો વિચાર દર્શાવશો ?

નવતર માણુસ—તમારા જેવા વિદ્વાન આગળ હું મારૂં ડહાપણુ કરૂં તે ઠીક નહીં.

ચિન્તામણિ—ના એમ નહિ. તમે તમારો સ્વતંત્ર અભિપ્રાય હવે મારાથી છુપાવશો નહિ. ભણુવાથી જ્ઞાનનો લાભ થાય, એ ખરૂં કે ખોટું?

નવતર માણુસ—તેથી તો હું આપના વિદ્યાબળ આગળ મારૂં ડહાપણુ કોરાણે 'મુકું' છું. આપ કયાં અને હું કયાં? આપ જેટલું જાણો છો તેનો કરોડમો ભાગ પણુ હું જાણુતો નથી.

ચિન્તામણિ—તેની કાંઇ હરકત નહિ; તમે જે જાણુતા હશો તેવી કેટલીક બાબતો મારા પણુ જાણુવામાં નહિ હોય; અને હું જાણુતો હોઇશ તેવી કેટલીક બાબતો તમારા જાણવામાં નહિ હોય પણુ તેથી તમારી જેવી સમજણુ હોય તે પ્રમાણે તમારે મારી આગળ તમારો અભિપ્રાય પ્રકટ કરતાં જરીક પણુ સંકોચાવું નહિ. માણુસ માણુસ જો વાતચિત ન કરે તો વખત કેમ જાય? તમે કામ કાજથી નવરા હો છો, ત્યારે તમે શી રીતે વખત ગાળો છો? માટે વાતચીત તો ચાલવા જ દ્યો. મને કાંઇ ખોટું લાગવાનું નથી.

નવતર માણુસ—અમારો વખત તો અવકાશ હોય તો વાતો કરવામાં કે વાંચવામાં કાઢીએ. બીજુ શું કરીએ? રસોઇ કરીને શેઠને જમાડયા એટલે અમારૂ કામ પાર પડ્યું.

ચિન્તામણિ—શું વાંચો છો?

નવતર માણુસ—શેઠના ઘેર ઘણાં પુસ્તકોનો સંગ્રહ છે. તેમાંથી ગુજરાતી પુસ્તકો વાંચીએ. ઇંગ્રેજીમાં તો કાંઇ આપણી ઝાંખી ગતિ નથી.

ચિન્તામણિ—ત્યારે તો તમારી જોડે વાત કરવી તે કાંઇ

અભણ મૂર્ખની જોડે વાત કરવા જેવું નથી. માટે તમે કહો કે અભ્યાસ કરવાથી જ્ઞાનનો તો લાભ થાય કે નહિ?

નવતર માણુસ—મને વાંચવામાં તો આનંદ અને જ્ઞાન મળે છે. માટે અભ્યાસથી જ્ઞાન તો મળે એમાં કાંઇ શક જ નથી. પણ જ્ઞાનથી નિર્વાહનું સાધન પ્રાપ્ત થવા કરતાં ધંધો કરવાની શરીરની અશક્તિ અને મનનું ગુમાન વધવાના દાખલા આપણા દેશમાં બહુ જણાય છે. તેથી જ્ઞાન એ આપણા લોકને બોજારૂપ અને બેડી રૂપ થઇ પડે છે—એ પ્રમાણે આપવામાં આવે છે.

ચિન્તામણિ—એવું તમે શા ઉપરથી કહો છો?

નવતર માણુસ—આપ ખોટું ના લગાડશો. જ્યારે મેં અજાણુથી આપને રસોઇયાની નોકરી આપવાનું કહ્યું, ત્યારે તમે વાત ચાલતાં મારા પગાર વગેરે વિષે સાંભળીને એમ કહ્યું કે—કામ રસોઇયાનું! મેં વાંચ્યું છે કે મદ્રાસમાં બી. એ. પટાવાળા થઇ પોસ્ટના કાગળો આપવાની નોકરી કરે છે. પટાવાળા કરતાં કાંઇ રસોઇયાની નોકરી ઉતરતી નથી.

ચિન્તામણિ—તે ખરૂં પણ વકીલ કે ડોકતરના કામ બરોબર તો આ રસોઇયાનું કામ ગણાય નહિજ ને?

નવતર માણુસ—એક અસીલ, વકીલ ઉપર કે એક રોગી, દાકતર ઉપર જેટલો ભરોસો પોતાના દાવા અને દવા માટે રાખે છે તેટલોજ ભરોસો મારા શેઠ મારા ઉપર પોતાના ભોજનના સંબંધમાં રાખે છે. તો રસોઇયાનો ધંધો શી રીતયે ઉતરતો ગણુતાં તમે પોતે જ શીખ્યા? આટલી સમજણુ મને આપજ પાડો. આપે રજા આપી છે તેથી વાત કરૂંછું. માફ કરજો.

ચિન્તામણિઃ ખરી વાત! પણ ડાકટર બેઠા હોય તે પોતાની ડીસ્પેન્સરીમાં કેવો જણાય છે? અથવા વકીલ પોતાની ઓફીસમાં કેવો જણાય છે?

નવતર માણુસઃ—બેશક તે બંનેનો જે દબદબો પોતાના કામમાં બેઠા હોય છે ત્યારે ઘણોજ સારો દેખાય છે એનો કાંઇ હું ઇન્કાર કરતો નથી. પણ રસોઇયો પણ જ્યારે પોતાના કામમાં લાગેલો હોય છે ત્યારે તેની આસપાસ કાચનાં ઠીકરાંને બદલે ત્રાંબા પીતળ, કે સોના રૂપાનાં વાસણો હોય છે. ડાકટર જ્યારે મળમુત્ર કે લોહી પરૂવાળા ખરડાયલા હાથથી ભભકાબંધ જણાય છે. ત્યારે રસોઇઓ નાના વિધના ખાવાના અન્નની કણેક અને ખટરસ પકવાન્નોના લેપવાળા હાથથી શું ઓછો દબદબાવાળો જણાયછે? કેસની ફાઇલ પોતાની પાસે મુકીને વકીલ જેવો ટટાર રહે છે, તેજ પ્રમાણે પોળી રોટલી, માલપુડા, પુરી વગેરેની થોકડી આગળ બેઠેલો રસોઇઓ શું ટટાર રહેવાનો હક ઓછો ધરાવે છે? પોતાના કોલેજીયનોને પરીક્ષાપત્ર વહેંચતા પરીક્ષક પ્રોફેસર કરતાં પોતાના જમનારા શેઠીઆઓને રસોઇ પીરસતો રસોઇયો શું ઓછો શોભે છે?

ચિન્તામણિઃ—(પ્રસન્ન થઇને) મિત્ર! તમારી વિચાર કરવાની શક્તિ તથા વિચાર દર્શાવવાની ખુબી જોઇને મને અત્યંત આનંદ થાય છે, તથા તમારા પ્રત્યેની મારી મિત્રતાની લાગણી વધતી જાય છે. તથા તમને એક પ્રશ્ન વિશેષ પૂછવાની ઇચ્છા થાય છે. આપને શ્રમ આપું છું તે ક્ષમા કરશો.

નવતર માણુસઃ—આપના જેવા વિદ્વાન સદ્ગૃહસ્થ સાથે મારા જેવા ભઠિયારૂં કુટનારને વાતચિત્ત કરવા આવો રૂડો પ્રસંગ મળ્યો છે, તેથી હું તો મારાં ધન્યભાગ્ય સમજુ છું. આપના મનમાં મારે માટે જે ઉચ્ચ વિચારો અને લાગણીઓ બંધાય છે તેમાં તો

આપના હૃદયનો જ ઉચ્ચ સ્વભાવ કારણરૂપ છે. આપ કોઇપણ પ્રશ્ન પૂછતાં કે બોધ આપતાં જરીક પણ સંકોચશો નહિ.

ચિન્તામણિઃ—તો સાંભળો, મારા એક પ્રશ્નનો હું ખુલાસો મેળવવા ઇચ્છું છું તે એ છે કેઃ—

નવતરમાણસઃ-(વચમાંજ) જુઓ, મહેરબાન, આપના પ્રશ્નનો ખુલાસો હું કરી શકીશજ—એવી હિંમતથી કે ખાતરીથી આપનો પ્રશ્ન સાંભળવા ઇચ્છતો નથી. પણ આપના જેવા કેળવાયલા વિદ્વાનથી કાંઇપણ લાભ વાતચિત્તમાં મેળવી શકાશે એવી જીજ્ઞાસાથી જ આપની સાથે વાર્તાવિનોદની છુટ લેઉં છું. આપ જેવા વિદ્વાનના પૂછેલા સવાલમાં પણ કાંઇ વિશેષ ખુબી હશે, તેથી તેનું સમાધાન મને નહિ સુજે, તો પણ એવો ખુબી ભરેલો પ્રશ્ન પણ મારા જાણવામાં આવશે, તો તે બીજા કોઇ બહુશ્રુત પુરૂષને પૂછી જ્ઞાન મેળવવામાં મારે ઉપયોગી થઈ પડશે આટલી જ માત્ર ઇચ્છાથી આપનો પ્રશ્ન સાંભળવા ઇચ્છુંછું. બાકી આપ જેવા સમર્થ અભ્યાસીના પ્રશ્નનું સમાધાન આપવા જેટલી ગુંજાસ મારામાં નથી.

ચિન્તામણિ;— મિત્ર તમારી શક્તિ તમારા પોતાના કળવામાં આવતી નથી. કેમકે અમને મળે છે તેવી નવી કેળવણીએ તમને "પોતે જાણતા હોઇએ તેના કરતાં વધારે જાણીએ છીએ" —એમ માનતાં શીખવ્યું નથી. આપ મારા પ્રશ્નનો ઉત્તર દેવા બંધાયલા છો જ એવી વિવાદબુદ્ધિથી હું આપને મારો પ્રશ્ન પૂછતો નથી, ફકત આપણને ગમ્મત મળે તેટલા જ માટે આ વાર્તાલાપ કરીએ છીએ. મારો પ્રશ્ન એ છે કે દાકતર, વકીલ તથા ન્યાયાધીશ આદિકના ધંધામાં જેવો મનુષ્યને પોતાની અપાર બુદ્ધિનો ઉપયોગ કરવાનું બહોળું મેદાન મળે છે, તેવું બહોળું મેદાન રસોઇયા વગેરેના ધંધામાં કયાંથી મળે?

નવતર માણસઃ—(હસતાં નમ્રતાથી જે ધનવાન હોયછે, તેને પોતાના ધનનો સારો ઉપયોગ ક્યાં કરવો તેનો વિચાર અથવા ચિન્તા હોય છે, તેજ પ્રમાણે આપ બુદ્ધિમાન્ પુરુષ છો તેથીજ આપના સંસ્કારી અંતઃકરણમાં આ પ્રશ્ન ઉભો થયો છે. અમારા જેવાં સાધારણ બુદ્ધિવાળાં માણસો તો ગમે તેવા ધંધામાં પોતાની સાધારણ બુદ્ધિનો જ ઉપયોગ કરીને જ સંતોષ માને, એવાં મનુષ્યોને માટે તો પોતાનો રોટલો પ્રમાણિકપણે નિકળે એવો હરકોઈ ધંધો ઠીક જ છે. માટે આપનો આ પ્રશ્ન છે તેનો ખરો ઉત્તર શો હશે, તે તો મને સુજતો નથી; પણ જેવો તેવો ઉત્તર દેવાનો યત્ન કરૂં છું, તેમાં કાંઇ સુધારવા જેવું હોય તો આપ સુધારી લેશો. રસોઇયાનું કામ પણ એવું છે કે જેમાં આખા વૈદ્યકશાસ્ત્રનો પાયો અથવા મૂળ રહેલાં છે. આહાર કેવો જોઇયે, ખાનારની પ્રકૃતિ કેવી છે, કેવે પ્રકારે પકવ કરેલો આહાર હિતકર થાય છે, ખાનારને શું શું કેવા પ્રમાણમાં મુકિયે તો તે આહાર મિતાહાર ગણાય, ઋતુચર્યા પ્રમાણે કેવા પ્રકારનો આહાર જોઇયે, ખાનપાનની વસ્તુઓની અંદર રહેલા દોષરૂપ અંશને દૂર કરનાર તથા સ્વાદને વધારનાર મશાલા વગેરેનું જ્ઞાન, તથા વિવિધ પ્રકારની ખાનપાનની વસ્તુઓ બનાવવાની વિધિ —એ વગેરે બાબતોમાં એટલી બધી બુદ્ધિ તથા જ્ઞાનની જરૂર છે કે તેમાં જેટલી બુદ્ધિ વાપરીએ તેટલી વાપરી શકાય, તથા જેટલો અભ્યાસ કરવો ધારીએ તેટલો કરી શકાય. આખુ આહારના બંધારણ તથા પચન પાચન સંબંધી રસાયનશાસ્ત્ર એમાં હસ્તક્રિયા વડે કરાતા પ્રયોગો રૂપે તથા સિદ્ધાન્તોના જ્ઞાન રૂપે રહેલુ છે. આવી બાબતમાં અસીલ કરતાં વકીલને અને દરદી કરતાં દાકતરને વધારે જ્ઞાન હોવું જોઇયે, તેજ પ્રમાણે જમનાર કરતાં રસોઇયાને વધારે

જ્ઞાન હોવું જોઇયે. કૃપાળુ મિત્ર ! અમારો ધંધો જેટલી બારીકી-વાળો છે, તેટલી બારીકીવાળો અને તેટલા મહત્વવાળો વૈદ્યકનો પણ ધંધો ગણાય તેમ નથી; કેમકે પાચન અને ભક્ષણમાં થયેલી ભૂલ્યો-નેજ લીધે વૈદ્યકના રોગશમન ઉપાયોને પગલું દેવાનો અવકાશ મળે છે; એ ભૂલ્યોથી સાવધ રહેવું અને અને આહારદ્વારા ઉત્તમ પ્રકારે માનવપ્રવૃત્તિથી ઉપજલો શરીર બળનો તોટો પૂરો પાડવો એ અમારા ધંધાનું કામ છે.

ચિન્તામણિઃ—(વિચાર કરીને) તમારૂં કહેવું સાચું છે. આખી આરોગ્યવિદ્યા અને સ્વાસ્થ્યવિદ્યાનો સંબંધ તમારા ધંધામાં રહેલો છે. પણ એમાં કોઇ પ્રતિષ્ઠિત મનુષ્યો થયેલા ગણાતા નથી. એનું શું કારણ હશે?

નવતર માણસઃ—હા, સાહેબ. એ ધંધો હાલ રંધવારાનો ગણાઈ ગયો છે—એ વાત તો ખરી છે. તો પણ હાલ વિલાયતમાં શાસ્ત્રિય રીતિથી રાંધવાની કળા (Scientific Cookery) માં કુશળ થયેલા મનુષ્યો કાંઇ ઓછી પ્રતિષ્ઠા અને સંપત્તિવાળા નથી. વળી આપણા પ્રાચીન સમયમાં પાકશાસ્ત્રના આચાર્ય મહારાજાધિ-રાજા ચક્રવર્ત્તી નૈષધ નરેન્દ્ર પુણ્યશ્લોક **શ્રી નળરાજ** તથા મહા-પ્રતાપી અતુલિત બળી પાંડવ રાજાજી **શ્રી ભીમસેન** આદિક મહા પ્રતિષ્ઠિત પુરૂષો અમારા પાકશાસ્ત્રના આચાર્ય થઇ ગયા છે. તેથી અમારા ધંધામાં પ્રતિષ્ઠિત પુરૂષો થઇ શકતા નથી એમ માનવું એ તો હાલના ગાડરિયા પ્રવાહમાં ખેંચાવા જેવું છે.

ચિન્તામણિઃ—(ચકિત થઇને) આપને આપના ધંધા સબંધી જે જ્ઞાન છે, અને જે પ્રશંસાપાત્ર અભિમાન છે, તે એક ઘણી જ ઉંચ્ચ કેળવણી પામેલા વિદ્વાનને પણ શોભા આપે તેવું

છે. પ્રિય મિત્ર! જેમ જેમ હું તમારી સાથે વાત કરતો જાઉં છું, તેમ તેમ મને તમારો બુદ્ધિપ્રભાવ વધારે વધારે જણાતો જાય છે. જે ધંધાને હું એક ઘણા જ ઉતરતા દરજ્જાનો સમજતો હતો, તે વિષે મને એટલો તો ઉચ્ચ અભિપ્રાય આપે કરાવ્યો છે કે કાંઈ કહેવાની વાત જ નહિ.

નવતર માણસ—એ આપની નિરાભિમાન વૃત્તિનું જ ફળ છે. તથા આપને મળેળી કેળવણીનો ઉપયોગ આપ તત્વ તોળવામાં જ કરો છો તેથી જ આપને સત્ય વાર્તાઓ સ્પષ્ટ રીતે સમજાય છે.

ચિન્તામણિ—(સાનંદાશ્ચર્યથી) પોતાના ધંધાને ખરે સ્વરૂપે સમજનાર માણસની સાથે વાતચિત કરવી એ જ્ઞાનગર્વવાળા હજારો પોપટિયા પંડિતોના સમાગમ કરતાં પણ અધિક ઉપયોગી માહિતી આપે, તથા તેની સાથે દેશહિતના અને નિજહિતના સાધનો તરીકે ઉપયોગી થઈ પડે તેવા ઉન્નત વિચારોને ઉત્પન્ન કરે છે.

નવતર માણસ—પ્રિય ભાઈ! એકલા આ રાંધવાના ધંધા વિષેજ મારી તો પોતાની માહિતી છે, તેથી તે વિષે જ હું આપની આગળ આટલું કહી શકયો છું. પણ મને તો એવું જ ભાસે છે કે પ્રત્યેક ધંધાના સંબંધમાં એ જ પ્રમાણે હોવું જોઇએ. કોઇપણ ધંધો પ્રજાના ઉપયોગમાં આવે તેવું કામ ન કરતો હોય તો સંસારમાં હયાતીમાં જ આવી શકતો નથી. માટે જે જે ધંધા ચાલે છે, તે સઘળામાં મહત્વ રહેલું જ હોવું જોઇએ અને તે સઘળામાં મનુષ્ય પોતાની જેટલી બુદ્ધિ હોય તેટલી અજમાવી શકે છે અને પોતાનો નિર્વાહ અને જનહિત સાધી શકે છે; તથા પ્રતિષ્ઠા પણ પ્રત્યેક ધંધો સારી રીત્યે કરવાથી પ્રાપ્ત કરી શકાય છે; અને પ્રત્યેક ધંધો તેના કરનારાના દોષ અને અજ્ઞાનના પ્રમાણમાં સમયે સમયે વખો-

કાય પણ છે. આપના જેવા વિદ્વાનને એ તો સ્પષ્ટ જ સમજાય તેમ છે કે રાજાની પહેરી ખારી રાજ્ય કરતાં ન આવડે ત્યારે તે પણ લોકમાં અપ્રતિષ્ઠા અને હાસીને પાત્ર થાય છે, અને હજામનો ધંધો લેઇને પણ જો મનુષ્ય બરોબર કુશળતાથી બજાવે છે તો તે જ્યાં ત્યાં આવકાર પામે છે, અને આદકો તેને માટે તાણાતાણ કરે છે. માટે મહત્વ ખરૂં જોઇયે તો દરેક ધંધામાં છે. પણ તે ધંધો કરતાં આવડવો જોઇએ.

ચિન્તામણિઃ—ખરૂં છે. પણ એ પ્રમાણે ધંધા ઉપર ખરો કાબુ મેળવનાર ઘણા થોડા હોય છે, અને તેમાં પણ આપણા દેશમાં એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર ધંધાદારીઓ બહુ જ ઓછા છે, તેનું શું કારણ હશે અને એ કારણ દૂર કરવાનો શો ઉપાય હશે?

નવતર માણસઃ—ભાઈ! એ સબંધી વિવેચન કરતાં તો ઘણો લાંબો સમય જાય તેમ છે, અને હવે મારે ઉતરી પડવાનું સ્થાનક તો પાસે આવ્યું છે, તેથી કાંઇક સંક્ષેપમાં જ મારો વિચાર કહું છું, આપણા દેશમાં જુના વિચારના તેમજ નવા વિચારનાં માણસોમાં મિથ્યા મોટાઇ પેશી ગઇ છે. જેમાં કાયા નનાવીને કામ કરવુ પડે અથવા હાથ બગાડવા પડે, લુગડે લત્તે સાફસુફ રહેવાય નહિ, તેવા સર્વ ધંધાને આપણા સુધરેલા કહેવાતા અને નવી કેળવણી પામેલાં માણસો પણ નીચા ગણતાં શીખ્યાં છે. પોતાના ધંધાને પ્રતિષ્ઠાપાત્ર શી રીત્યે બનાવવો તેનો નિરંતર વિચાર અને ઉદ્યમ કરવાને બદલે પ્રતિષ્ઠાપાત્ર ગણાતા ધંધાઓની ખોળમાં ધાડાંને ધાડાં ધામધુમ અને ધમાધમ કરતાં ફરે છે અને આખા દેશને ધુળ મેળવે છે. દેશમાં ભભકો કેમ મારી શકાય એ વિચાર જેટલો આપણા દેશીઓના મગજમાં ઘુમ્યા કરે છે, તેટલો દેશને કોઈપણ રીત્યે ઉપ-

યોગી કેમ થઇ શકાય—તે વિચાર તેમને આવતો નથી—અરે બિલકુલ આવતો નથી. એમ કહીએ તો ચાલે.

ચિન્તામણિ:—વાત તો ખરી કહો છો; પણ આપણા દેશની આ ખામી દૂર શી રીત્યે થાય તેના ઉપાય વિષે પણ આપ સક્ષેપમાં કાંઇ કહો.

નવતર માણસ:—ટુંકામાં ઉપાય તો એજ કે એવી મિથ્યા માનની લાગણી આપણા લોકો છોડી દેઇને પોતાની બુદ્ધિ અને શરીર શક્તિને અનુકૂળ આવે તે ધંધો કરી તેને દીપાવવાને સંપૂર્ણ પુરૂષાર્થ કરવામાં કશી કચાશ રાખે નહિ. આ ઉપાય અમલમાં આવવાને શાં શાં પગલાં પ્રથમ ભરવાં જોઇયે તે વિષે બહુ લાંબુ વિવેચન ચાલે તેમ છે. પણ હવે મારે ટ્રામ્વેમાંથી ઉતારવાનું ઠેકાણું આ પેલું સામે જણાય. માટે લ્યો, ભાઈ નમસ્કાર! બોલ્યું ચાલ્યું માફ કરજો.

ચિન્તામણિ—આપને લીધે આનંદ થયો, તેને માટે આપનો આભાર માનવા જેવું છે, માફ કરવા જેવું કશું નથી. પણ આપનું નામ શું?

નવતર માણસ:—મારૂં નામ **વજેશંકર** છે. હું શેઠ ઝવેરમલજી જસ્ટીસ ઓફ્ ધી પીસને ત્યાં રહું છું. આપનું નામ શું છે તે જાણુવાની મને પણ ઇચ્છા છે.

ચિન્તામણી:—મારૂં નામ **ચિન્તામણિ** છે. ચોવટીયા મેહોલ્લામાં દરિયા મંડલ નામના મકાનને ત્રીજે માળ હું મારા એક મિત્ર સાથે રહું છું..

પછી વજેશંકરને ટ્રામમાંથી ઉતારવાનું સ્થાન આવ્યું કે તરત તે નમસ્કાર કરતે કે ઉતરી પડ્યો; અને આપણો ચિન્તામણિ

પોતાની ચિન્તાનો કાંઈક આનંદથી હલકા થયેલો ભાર લેઈને ટ્રામમાં આગળ ચાલ્યો. પંદર મિનિટમાં પોતાને ઉતરવાનું સ્થાન આવ્યાથી એ પણ ગાડીમાંથી ઉતરી પડયો.

પ્રકરણ ૮ મું.

સાહેબની સલાહ.

ચિન્તામણિ પોતાની શાળાના મુખ્ય અધ્યક્ષ સાહેબના બંગલા તરફ ગયો. જ્યારે તે બંગલાના કંપાઉન્ડ આગળ પહોંચ્યો. ત્યારે તેણે તે સાહેબને કંપાઉન્ડમાં કરેલા બાગમાં ઝાડોની આસ-પાસ ગોડ કરતા જોયા. તેમની પાસે રસાયણિક ખાતરની નાની નાની બે ત્રણ ટોપલિયો પડી હતી. તેમાંથી ખાતર લેઈને ઝાડની આસપાસ ફરતા હતા. સાહેબનું ધ્યાન તેથી આપણા ચિન્તામણિ તરફ ગયું નહિ. તેથી ચિન્તામણિ પાસે જઈને, સાહેબ ઉંચું પોતાની તરફ જુએ તેની રાહ જોતો ઉભો રહ્યો. થોડીક મિનિટમાં સાહેબે ચિન્તામણિ સામું જોયું. બંનેની દૃષ્ટિ એક થતાં ચિન્તામણિએ વિનયપૂર્વક સાહેબને સલામ કરી, અને સાહેબે પોતાના નિશાળી-આને પરીક્ષામાં તેને મળેલી ફતેહને માટે અભિનંદન આપ્યું. બાગમાં પડેલી એક પાટલી ઉપર સાહેબ પોતાનું કામ રહેવા દેઈને બેઠા અને ચિન્તામણિને પણ પોતાની જોડે જ બેસાડયો. ચિન્તામણિ પણ અદબ ભરેલી રીતે તે પાટલી ઉપર કાંઈક અંતર રાખી બેઠો.

સાહેબે પોતાની હમેશની ભલમનસાઈથી કહ્યું:—સંકોચાશો નહિ, મી. ચિન્તામણિ હવે તમે પણ મારી સમાન જ છો, હું કેમ્બ્રીજની પાઠશાળાનો ગ્રેડ્યુએટ છું, અને તમે અહીંની પાઠશાળાના છો, માટે બરોબર ખુલાસેથી બેસો.

ચિન્તામણિ:—(નમ્રતાથી) એ સઉ આપની કૃપા છે. પણ આપ મારા શિક્ષક છો, અને હું આપનો નિશાળિયો છું, સાહેબ. તેથી હું આપનો હમેશનો સેવક જ છું, હું આપની બરોબર કયાંથી?

સાહેબ:—શિષ્ય શિક્ષકની સમાન જ થાય છે, ત્યારેજ શિક્ષણનો શ્રમ સફળ થયો ગણાય છે. (હસતાં) પણ તમે આ વખતે અહીં કયાંથી આવ્યા? કાંઇ કામ કાજ ?

ચિન્તામણિ:—હું તો આપને શ્રમ આપવાને જ આવ્યો છું, પણ હું આપના કામમાં કાંઇ વિક્ષેપ તો કરતો નથી ?

સાહેબ:—બિલકુલ નહિ; હું કામ કરતાં જરીક થાકયો હતો તેથી તમારૂ આવવું મને આરામ આપનારૂ છે, અને તમારી સાથેની વાતચીત મને આનંદ આપે છે, કેમ હવે તમે આગળ અભ્યાસ ચલાવવા ઇચ્છો છો ?

ચિન્તામણિ:—હાલ તો હવે હું મારી તનની સ્થિતિ પ્રમાણે આગળ અભ્યાસ ચલાવી શકું તેમ નથી. તેમ નોકરી વિના બેઠે બેઠે આરામ લેઇને શરીર સુધારૂં તેવી પૈસા સબંધી પણ મારી સ્થિતિ નથી. તેથી ગમે તે કોઇ ખાતામાં મને મારી યોગ્યતા પ્રમાણે નોકરી મળે તેવી ભલામણનો પત્ર આપ સાહેબ મહેરબાની કરીને મને કોઇ ઇંગ્રેજ ગૃહસ્થ ઉપર આપો તો મારૂ કાંઇ ઠેકાણું પડે. એટલીજ અરજ કરવાને તથા આપને શ્રમ આપવાને આજે આવ્યો છું.

સાહેબઃ—(વિચારમાં પડીને) બધી ફેલોની જગાઓ તો એમ. એ થયેલા વિદ્યાર્થીઓથી પુરાઇ ગઈ છે. એટલે મારી પોતાની સત્તામાં તો કોઈ જગો નથી; અને બીજા કોઇ ખાતામાં ક્યાં જગો ખાલી છે, તેની મને ખબર નથી. તમને ખબર હોય તો મને કહો, એટલે તે ખાતામાં ઉપરી સાહેબ ઉપર હું તમને ભલામણની ચીઠ્ઠી લખી આપું.

ચિન્તામણિઃ—મને પણ ખબર નથી કે અમુક ખાતામાં જગો ખાલી છે. પણ આપને જો કોઈ ખાતાના ઉપરિ સાથે સારૂં ઓળખાણ હોય તો તેના ઉપર મને ભલાપણ પત્ર લખી આપો તો તે લેઇ હું જાતે જઈને કાંઇ યત્ન કરૂં.

સાહેબઃ—હું હરેક ખાતાના ઉપરિ સાહેબોને ઓળખુછું, અને તેઓ જો કોઈ પણ જોગવાઈ હોય તો મારી ભલામણ પાછી ઠેલે નહિ એવી મને ખાતરી પણ છે. માટે મારો વિચાર એવો થાય છે કે હું તમને પાંચેક ખાતાના ઉપરીઓ ઉપર પત્રો લખી આપું. તેમાંથી જ્યાં તમારો પત્તો લાગે ત્યાં રહી જજો.

ચિન્તામણિ—આપની સૂચના બરોબર છે, મારી પણ એ જ વિનંતી છે. આપને પ્રતાપે મારૂ ગમે ત્યાં પણ ઠેકાણુ પડશે.

સાહેબઃ—લ્યો હાલ જ, તમને પત્રો લખી આપું.

એમ કહીને સાહેબે પોતાનો નોકર જે પાસે ઉભો હતો, તેને કાગળ, કવર અને ખડીઓ કલમ આણવાનો હુકમ કર્યો, તે તરતજ બંગલામાંથી તે સઘળું લેઇ આવ્યો. પછી સાહેબે એક પછી એક લાંબા પાંચ ૭ પત્રો ભલામણના લખ્યા; તથા તે ચિન્તામણિને વાંચી બતાવ્યા. સાહેબે ખરા દિલથી ભલામણ લખેલી હતી, તેથી ચિન્તામણિને તે કાગળોમાં કંઈ વિશેષ લખવાનું સૂચવવા

જેવું નહિ લાગવાથી છેવટે તે કાગળો પડીકીયામાં ઘાલીને સાહેબે સરનામાં કરીને ચિન્તામણિના હાથમાં આપતાં બોલ્યા કેઃ—

આ પત્રોથી ગમે ત ઠેકાણે તમને નોકરી તો મળશે, પણ હું તમને એક પ્રશ્ન પૂછવા માગું છું—તે એ છે કે—તમારી જાતના માણસોનો ધંધો રોજગાર શો હશે ?

ચિન્તામણિઃ—(તે પત્રો લઇને) આપ મારા પ્રત્યે મહેરબાની રાખતા આવ્યા છો તેથી હું આપ સાહેબનો આભાર માનું છું, અમારી જાત બ્રાહ્મણની છે, અને આપના જાણવામાં જ હોવું જોઇએ કે અમે લોકો આપના પાદરીઓની પેઠે સર્વ હિંદુઓના પાદરીઓ છીએ, તેથી અમારા લોકોનો ધર્મગુરૂનો ધંધો છે. શાસ્ત્ર વગેરે અમારા લોકો ભણે છે અને લોકોને કથા વાર્તા સંભળાવે છે તથા ધર્મક્રિયા કરાવે છે.

સાહેબઃ—ત્યારે તમારો ધંધો ઘણો પવિત્ર છે, તમને સર્વ ઠાણે માન મળે એવો તમારો ધંધો છે, તે તમે કેમ નથી કરતા? બીજા ધંધાઓમાં પણ હોશિયારી હોય તો માન મળે ખરૂં, પણ તમો તો ધર્મોપદેશકના વર્ગના હોવાથી તમને ઘણું માન મળે અને તે પણ પૂજ્યભાવવાળું માન મળે.

ચિન્તામણિઃ—તે ખરૂં, પણ હું અહીં બી. એ. સુધી ભણ્યો તેથી હવે પાછો એ ધંધો જ કરૂં, તો એથી લોકોમાં હાંસિ થાય. હું ભણ્યો એટલે મારે કાંઇ બીજો ધંધો કરવો જોઇએ કે જેમાં મારે કોઇના આગળ હાથ ધરવો પડે નહિ.

સાહેબઃ—તમારૂં કહેવું મને સમજાયું નહિ. તમે બી. એ. થયા તે તો વધારે સારૂં. કેમકે અમારા પાદરીઓ તો એમ. એ. લગી અભ્યાસ કરીને પછી જ ધર્મગુરૂઓ થાય છે. એમની વિદ્વતા

એમને ધર્મગુરુ તરીકે કામ કરવા કરાવવાને વધારે શક્તિમાન બનાવે છે.

ચિન્તામણિઃ—(કાંઈક ગુંચવાઇને) હા સાહેબ, પણ અમારાં શાસ્ત્રો તો સંસ્કૃત ભાષામાં લખાયલાં હોય છે, તેથી બી. એ. કે એમ. એ. થવાથી અમે ધર્મગુરુ તરીકે કામ કરી શકીએ નહિ. એમાં તો અમારાં શાસ્ત્રોના અભ્યાસની જરૂર પડે.

સાહેબઃ—તેમાં પણ કાંઈ તમને અડચણ પડે તેમ નથી. આપણી કોલેજોમાં પણ સંસ્કૃતનો સારો અભ્યાસ કરાવવામાં આવે છે. મને તો એક હિંદુ ગૃહસ્થ કહેતા હતા કે ઈંગ્રેજી નિશાળોમાં ભણેલા છોકરાઓને સંસ્કૃત ભાષાનું અર્થજ્ઞાન ઘણું સારું હોય છે; અને તમે તો હું ધારું છું કે સંસ્કૃત ભાષાનો ખાસ વિષય લેઇને પાસ થયા છો. તો પછી તમને સંસ્કૃત ભાષામાં લખાયલાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવામાં કાંઈ વિશેષ અડચણ નડે જ નહિ એવું મારું માનવું છે.

ચિન્તામણિઃ—હાજી, આપનું કહેવું ખરું છે, પણ મેં કાંઇ અમારા ધર્મના ગ્રંથોનો અભ્યાસ કર્યો નથી, એટલે અમારે યજમાનવૃત્તિ છે છતાં પણ હું તેમને કાંઇ ક્રિયા વગેરે કરાવવા જતો નથી. અને મારા કાકા કાંઈ સંસ્કૃત ભણ્યા નથી તો પણ રોજના અભ્યાસથી યજમાન વૃત્તિ સાચવે છે.

સાહેબઃ—તો પછી છતે ધંધે બીજો ધંધો તમે શોધવા માથાકુટ કરો છો એ આશ્ચર્યની વાત છે ! એ ધંધામાં તમારું કુટુંબ જામેલુ છે તે છતાં બીજા ધંધામાં નવેસર જોડાવાની કડાકુટ કરો છો તે ઠીક નથી, કેમકે નવા રસ્તામાં તો તમારે નવેસરથી મહેનત કરવી પડશે.

ચિન્તામણિઃ—એ તો ખરૂં, પણ મારે પાછો અમારાં શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે. તેના કરતાં તો હું એલ. એલ. બીનો અભ્યાસ આગળ ચલાવીને વકીલાત કરૂં તે સારૂં.

સાહેબઃ—માફ કરજો મિ. ચિન્તામણિ! હજુ તમને તે ધંધાનો પણ અનુભવ નથી. એ ધંધો અમારા વિલાયતમાં તો એવો છે કે નવા માણસને ચાર પાંચ વર્ષ તો બેઠે બેઠે ઘણું કરીને માંખ્યો જ ઉડાડવી પડે છે. તે તમારા જેવી સ્થિતિના માણસને પાલવે નહિ; અને તમારા ગોરપદામાં તો અમારા પાદ-રીઓની પેઠે ચાલતી રોજી તો મળે ને મળે જ. સંસ્કૃત ભાષા તો તમે જાણો છો. પછી અભ્યાસ કરતાં શી વાર.

ચિન્તામણિઃ—એ તો ખરૂં, પણ સાહેબ! એ યજમાન-વૃત્તિના ધંધામાં આપ ધારો છો તેવી પ્રતિષ્ઠા કે આબરૂ ગણાતી નથી.

સાહેબઃ—એ તમારૂં સમજવું ગેરસમજ ભરેલું છે. અમે યુરોપિયનો કોઇપણ ધંધાને ઓછી પ્રતિષ્ઠાવાળો ગણતા જ નથી; અને તમે કેળવાયલા છતાં આવા વહેમી વિચાર ક્યાંથી શીખી લાવ્યા? એવા પ્રતિષ્ઠાના વિચાર કાઢી નાંખશો, ત્યારે તમે હિંદુઓ પોતાનો ઉદય કરી શકશો. કોઇ ધંધો તે ધંધો કરનારને પ્રતિષ્ઠિત કરતો નથી, પણ તે ધંધાના કરનારની કુશળતાથી જ તે ધંધો વખણાય છે. શું તમારા લોકમાં અમારી પેઠે પાદરીઓને પૂજ્ય ગણવાનો રિવાજ નથી? મેં તો સાંભળ્યું છે કે હિંદુઓ પોતાના પાદરીઓને પરમેશ્વરના અંશ ગણીને પુજે છે; એટલું બધું માન તો અમારા પાદરીઓને પણ અમે આપતા નથી.

ચિન્તામણિઃ—એ વાત તો આપે સાંભળી છે. તે ખરી છે. અમને અમારા યજમાનો સારે નરસે પ્રસંગે દેવની પેઠે જ પુષ્પહાર

ચંદન વગેરે ચઢાવીને પૂજે છે, અને તેઓ અમને ભૂદેવ જ કહે છે; અને ગમે તે જાતનો હિંદુ હોય તો પણ અમને બ્રાહ્મણને તો મહારાજ કહીને જ બોલાવે છે.

સાહેબ:—એવી રીતે તો અમારા રોમન કેથોલિક લોકો પોપને પણ પૂજતા નથી.અમારા લોકો પોપને માન આપે છે, પણ તે પરમેશ્વરના અંશ તરીકે નહીં; અને તમારી તો પરમેશ્વરની પેઠે જ પૂજા થાય છે, એમ તમારે મોઢે જ કહોછો. તો પછી તમારો ધંધો પ્રતિષ્ઠા વાળો નથી ગણાતો એમ કહેવાનું કાંઇ કારણ જણાતુ નથી.

ચિન્તામણિ:—લોકોમાં તો અમે અમારી વિદ્વતા વગેરે ખોઇ છે તે છતાં અમારા વિષે ઘણો પૂજ્યભાવ છે. પણ અમારા બ્રાહ્મણ લોકોમાંજ અમારો ધંધો ઘણો હલકો ગણાવા લાગ્યો છે તેથી હવે સહુ કોઇ બ્રાહ્મણોઓ ધંધો છોડી વ્યાપાર રોજગાર કે નોકરી કરવા લાગ્યા છે.

સાહેબ:—લોકોમાં પ્રતિષ્ઠા મળતાં છતાં પણ જે પોતાના આવા પવિત્ર ધંધાને હલકો ગણી બીજા ધંધા માટે ફાંફાં મારે તે લોકોમાં કાં તો તે ધંધો કરવાની યોગ્યતા ના હોવી જોઇએ કે કાં તો તે લોકોની અક્કલ ખસી ગઇ હોવી જોઇએ.

ચિન્તામણિ:—(હસતાં) આપનું કહેવું એક રીતે ખરું છે. પણ અમારો ધંધો ભીખારી જેવો ગણાવા લાગ્યો છે. તેથી તેની પ્રતિષ્ઠા ઓછી થઇ ગઇ છે. કેમકે તેમાં દાન લેઇ હાથ બાળવા પડેછે.

સાહેબ:—લોકોને ઉપયોગી થઇ પડીને તેઓની પાસેથી બદલો લેવો એ કાંઇ ભીખ નથી. જો એમ ભીખ ગણાતી હોય તો અમે અમારા પાદરીઓને જે ફી વગેરે આપીએ છીએ તે ભીખ જ

ગણાય. તેજ પ્રમાણે પ્રોફેસરોના પગાર, ડાક્તર અને વકીલની ફી અને વ્યાપારી અને કારીગરનો નફો તે બધું ભીખજ ગણાય. પણ તેમ તો કોઇ ગણતું જ નથી. માટે તમે તમારી જાતના ધંધા માટે જે વિચારો દર્શાવો છો તે મારાથી કાંઇ સમજી શકાતા નથી.

ચિન્તામણિઃ—પણ મારો અભીપ્રાય પુછો તો હવે અમારા લોક લોકોને ઉપયોગી થઇ પડતા નથી અને ઉલટા મફતીઆ ભીખ માગે છે; તેથી તે વિષે અમારા લોકોમાં હલકો વિચાર થઇ ગયો છે. તેથી અમારા લોકો હવે બીજો ધંધો લેવાને તૈયાર થઈ ગયા છે. કેટલાક બ્રાહ્મણો તો ભડીયારાનો એટલે રાંધવાનો ધંધો લેઈ બેઠા છે અને કેટલાક તો ભીસ્તી એટલે પાણી ભરવાનો ધંધો લેઇ બેઠા છે; પણ ભીખ માગવાનો ધંધો અમારામાં હવે કનિષ્ઠ ગણાવા લાગ્યો છે.

સાહેબઃ—એ તો વધારે સારૂ છે. એમાં કાંઇ પણ ખોટું નથી. જેઓ બ્રાહ્મણનો ધંધો બરોબર બજાવી લોકોને ઉપયોગી થઈ પડે નહિ, તેવા લોકો મફતિયા ભીખ માગવાનું છોડી દઇ ગમે તેવો બીજો ધંધો લેઇને લોકને ઉપયોગી થઇ પડે એવો કોઇપણ ધંધો કરે એના જેવું તો એકે નહિ. પણ તમારા જેવા વિદ્વાન્ પોતાનો બ્રાહ્મણોનો ધંધો કરે તો તેથી પ્રજાને ઘણો ફાયદો થાય. તમારા જેવા વિદ્વાન ગોર.લોકને કેવી સારી રીત્યે ધર્મનો ઉપદેશ કરે અને કેવી સારી રીત્યે ધર્મની ક્રિયા કરાવે અને તેનાથી કેવા સારા લાભ થાય તેનો વિચાર તમે પોતેજ સારી પેઠે કરી શકો તેમ છે, માટે હું તે વિષે તમને વધારે કહેવા માગતો નથી.

ચિન્તામણિઃ—લોકોમાં એવું અજ્ઞાન પેસી ગયું છે અને અજ્ઞાન બ્રાહ્મણો તેમનાં ગોરપદાં એવી હલકી રીત્યે અને ભીખલી

રીત્યે કરે છે કે વિદ્વાનનો તો કોઈ ભાવ પણ પુછે નહિ, અને આ ધંધામાં મળતર પણ કાંઇ રહ્યું નથી.

સાહેબ:—જો એવી અજ્ઞાની સ્થિતિમાં લોક અને ગોર આવી ગયા હોય તો તમારા જેવા વિદ્વાનોની તો ખાસ એ જ ફરજ છે કે એ ધંધો લેઇને તમારે તમારા ધંધાને પાછો ઉચ્ચ સ્થિતિમાં આણવો જોઇયે. જ્યાં અજ્ઞાન વધ્યું હોય ત્યાં જ તમારા જેવા જ્ઞાનીની જરૂર છે; અને તમારી જાતના લોકના સામાન્ય વૈભવ પ્રમાણે તમારો નિર્વાહ ચાલે તેટલી ઉપજથી સંતોષ પામીને તમારે તમારો જાતિધંધો કરવો જોઇયે. કેમકે તમે ઉપદેશકની જાતના હોવાથી તમે તમારા અજ્ઞાન લોકોનો ઉદ્ધાર કરવાને સમર્થ થઇ શકો. પછી ઝાઝા કે ઓછા મળતરનો વિચાર તમારે કરવો જોઇયે નહિ.

ચિન્તામણિ:—(શરમાઇને) પણ મને નાનપણથી મારો ધંધો કરવાનો અભ્યાસ નથી, તેથી મને હવે એ ધંધો કરવો ફાવે પણ નહિ. એ પણ મારે માટે તો એક મોટી અડચણ છે.

સાહેબ:—પોતાનો જાતિકો ધંધો કરવાની શક્તિ અને અક્કલ છતાં તે કરવાનો અભ્યાસ નહિ રાખવાની કુટેવ માટે મને હિંદુઓ પ્રત્યે તિરસ્કાર ઉપજે છે. તમે જુઓજ છો કે જો કે મેં વિદ્યાનો અભ્યાસ કર્યો છે અને તમારી કોલેજનો હું મુખ્ય શિક્ષાગુરૂ તરીકે નીમાયો છું તે છતાં પણ હું જાતે એક પ્રતિષ્ઠિત માળીનો દીકરો છું, તેથી શોખની ખાતર પણ હું મારા આ બગીચામાં ઝાડ વાવવા ઉછેરવા વગેરેનો અભ્યાસ રાખું છું. કોઇ કારણસર નોકરી છુટી જાય તોપણ મારો અસલ ધંધો કરીને મારી રોજી ચલાવવાને માટે હું શક્તિમાન્ થાઉં, એટલી મને હિમત છે. માટે મારો અભિપ્રાય

એવોજ છે કે જો તમારા હિંદુઓ આમ ભણીને પોતાનો અસલ ધંધો છોડી નોકરીને માટેજ આધાર રાખશે તો પછી તેમને નોકર તરીકે રાખનાર કોણ મળશે તે સમજાતું નથી. તેમજ કોઈ અપવાદરૂપ માણસની બાબત બાદ કરતાં આવુંને આવું વળણ ચાલવાથી પોતાની પેઢીધર ઉતરી આવેલી ધંધા સંબંધી કુશળતાનો નાશ થઈ "વહાણ જમીન ઉપર અને ઉંટ પાણીમાં" એવી પ્રજા ઉત્પન્ન થશે. તેને પાછી થાળે પડતાં કેટલી મહેનત અને સમયની જરૂર પડશે તેનો કાંઇ સુમાર પણ સમજાતો નથી.

ચિન્તામણિઃ— (વિશેષ શરમાઇને) એ વાત ખરી છે. અને તેને માટે મારે શરમાવુંજ પડે છે. આપને મારે માટે તસ્દી લેવી પડી તેથી હું આપનો આભાર માનીને રજા લઉછું.

સાહેબઃ— (મમતાથી) ભલે જાવ, તમને મારા કાગળોથી કાંઈ નોકરી મળી કે નહિ તેની મને ખબર આપજો. તમારે માટે મને એટલી લાગણી છે કે મારાથી બનતો પ્રયત્ન કરીને પણ હું તમને કોઇ કામે લગાડીશ. આવજો.

ચિન્તામણિએ સાહેબની આભારી અંતઃકરણથી રજા લીધી. તે પાછો પોતાના મુકામ તરફ જવાને નિકળ્યો. તેને પોતાની દશા અને પોતાના દેશની દશા વિષે ઘણા ઘણા વિચારો આવવા લાગ્યા. સાહેબની સાથે થયેલી વાતચિત ઉપરથી તેને વિલાયતના વિદ્વાનો અને અહીંના વિદ્વાનોની સમજણ વચ્ચેનો તફાવત વધારેને વધારે સ્પષ્ટ રીત્યે જણાવા લાગ્યો. પ્રમાણિકપણે પોતાના દેશના ધર્મના રક્ષક તરીકે અને બોધક તરીકે ગોરનું કામ કરી સાદી જીંદગી ગુજારી પોતાના યજમાનોને ધર્મ અને દેશના ઉદયના રસ્તે દોરવાનો ધંધો તેને વધારે માન ભરેલો શાન્ત અને સ્વાભાવિક જણાવા

લાગ્યો. પણ તેના મનમાં ઈંગ્રેજી ભણેલા નોકરીયાત બ્રાહ્મણોના બુટ, સ્ટોકિંગ, પાટલુંન, કોટ, છતરી લાકડી, પુણેરી પાઘડી વગેરે ભભકાવાળો અને બીજાઓ ઉપર રાજસ્ દાબ બેસે તેવો વેશ ક્યાં! અને ક્યાં ગોરનો સાદો વેશ, દાબ અને તરભાણું તથા પોથી!—તેનો તફાવત પણ જણાવા લાગ્યો. ભભકાને માનનાર હાલની પ્રજાના વલણને ઓળખીને વાસ્તવ બ્રાહ્મણપણું સ્વીકારવું ચિન્તામણિને કઠણ લાગતું હતું જ. મળેલી કેળવણી અને રહેલી સંગતિનું વાતાવરણ તેને ગોર મહારાજ બનવાને બદલે કોઈ ઓફીસના મીસ્તર સીરસ્તેદાર બનવાને વધારે લક્ષ્યાનુ જણાયું. તેથી તેણે સાહેબના ભલામણપત્રોનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો.

ચિન્તામણિએ પોતાના મકાન ઉપર જઈને કામેશ્વર પાસેથી થોડાક રૂપૈયા ઉછીના લીધા અને બહારગામ જઈને સાહેબે આપેલા પેલા ભલામણપત્રોનો ઉપયોગ કરવા જવાનો વિચાર કર્યો અને આશરે દશ બાર દિવસમાં તે બહારગામ ફરી આવ્યો. એ મુસાફરીની લાંબી હકીકત આપીને વાચકોનો સમય નકામો રોકવો યોગ્ય નથી. તોપણ પરિણામ શો આવ્યો તે ટુંકામાં કહીને વાચકોની જીજ્ઞાસા તૃપ્ત કર્યા વિના આગળ ચાલી શકાય જ નહિ.

સાહેબે ચિન્તામણિને આપેલો એક પત્ર લશ્કરી ખાતાના વડા ઉપર હતો અને તેમાં કોઈ કારકુનની જગોએ આપણા ચિન્તામણિને દાખલ કરવાની ભલામણ હતી. તે કાગળ ઉપરથી લશ્કરી ખાતાના સાહેબોએ તેને નોકરી આપવાની ઘણી ખુશી બતાવી પણ ખાતાના નિયમ પ્રમાણે મજબુત બાંધાના જ માણસોને કારકુન તરીકે પણ રાખવા એવો ઠરાવ હોવાથી લશ્કરી દાકતર પાસે ચિન્તામણિને તપાસરાવવા મોકલતાં દાકતરે તેના શરીરને લશ્કરી ખાતામાં

કારકુની કરવાને ઘણુંજ તકલેદા ગણ્યું અને તેને નાલાયક ઠરાવ્યો.

બીજો કાગળ રેવન્યુખાતાના ઉપરી ઉપર હતો. તેમણે લાચારીથી ચિન્તામણિને જવાબ આપ્યો કે ગ્રેજ્યુએટ ઉમેદવારોની ભરતી એટલી બધી હતી કે ઉમેદવારોના અનુક્રમ પ્રમાણે જોતાં તો તે બે વર્ષ ઉમેદવારી કરી ગાંઠના રોટલા ખાય તોપણ તેનો પતો લાગે તેમ નહોતુ; છતાં કદી બીજા ઉમેદવારો ઉપર તેને કુદાવીને જગો આપવા માટે વિચાર રાખે તો પણ તે ખાતામાં નોકરો એટલા બધા ભરપૂર હતા કે તેને શરૂઆતમાં પંદર રૂપૈયાની નોકરી આઊટ-ડોર તરીકે જ મળી શકે.

ત્રીજો કાગળ પોલીસખાતામાં ભલામણનો હતો. તેનો જવાબ એવો મળ્યો કે થોડા વખત પછી એક હંગામી પોલીસનું લશ્કર ગાટમાં તોફાન કરનાર ભીલોને વશ કરવા રાખવાનું છે તે વખતે તમને રૂપૈયા પચાસના પગારની ચીફ કોન્સ્ટેબલની જગો આપવામાં આવશે અને સાહેબનો ભલામણનો કાગળ છે તેથી શરીરની મજબુતી વિષે કોઇ વધારે ચેરચૂંથ કરવામાં આવશે નહિ. પણ હાલ તુરતને માટે તો કાંઇ જગો ખાલી નહોતી. આ ખાતામાંથી ચિન્તામણિને નિરાશા થઇ નહિ; પણ હાલ તત્કાળ નોકરી નહોતી તેમજ જગો કાળી ડગલી પહેરવાની એટલે તેને જોઇયે તેવો સંતોષ પણ આમ થયો નહીં.

ચોથો કાગળ ઇજનેરખાતા ઉપર હતો. પણ ત્યાં તો એન્જીનીયરીંગ પરીક્ષામાં પાસ થયેલા માણસો જ ઉમેદવારી કરવાને એટલા બધા હતા કે બીજા કોઇનો પતો જ લાગે તેમ નહોતો. તેથી આપણો ચિન્તામણિ પાછો જ આવ્યો.

પાંચમો કાગળ પોસ્ટખાતા ઉપર હતો, પણ ત્યાંએ વાહેક-

ચાર ઉમેદવારોની જબર ભીડ હતી, તે છતાં તે ખાતાના વડાએ સાહેબના ભલામણપત્રનું માન રાખીને ચિન્તામણિને એક પ્રગણામાં જવાની રૂ. ૩૦)ની પોસ્ટમાસ્તરની જગો આંખ્યો મીચીને આપવાની મરજી બતાવી. પણ તપાસ કરતાં ચિન્તામણિને જણાયું કે એ પોસ્ટઓફીસ એવી તો નઠારા હવા પાણીવાળા પ્રગણામાં છે કે વર્ષમાં ૯ માસ લગી ત્યાં તાવ જ રહે છે, પણ ત્યાં કાટમાલ ભરવા વ્યાપારીઓ થોડા થોડા માસને અંતરે જાય છે તેથી મનિઓર્ડર વગેરેની ઉપજ સારી છે, તેથી જ એ પોસ્ટઓફીસ ત્યાં રાખી છે. વળી તે પ્રગણામાં આગળ પાછળ ભીલ લોકોની જબરી વસ્તી હોવાથી કોઈ રોકડ જોડે લેઇ જઇ શકતું નહિ, તેથી સરકારી પોસ્ટઓફીસને ઘણો જ સારો લાભ થતો. હવા પાણી ખરાબ છે એમ જાણતાં જ ચિન્તામણિ તે પ્રગણામાં જતાં બીન્યો; અને તેની એ બીક વ્યાજબી જ હતી. કેમકે તેનું શરીર તકલેદી તન્દુરસ્તીવાળું હતું તે સહજ સુધરવા આવ્યું હતું, તેવામાં વળી એવા નઠારા પ્રદેશમાં પોસ્ટમાસ્તરની જગોએ જતાં કાંઇ શરીરને વધારે ધક્કો લાગે તો મોટી હાનિ થાય. સઉ જીવીને ખાવા ઇચ્છે છે—એ વાતે તેને સાવધ કર્યો અને તેણે પોસ્ટખાતાના વડાસાહેબનો આભાર માનીને પોતાનો રસ્તો પકડ્યો.

છેવટે ચિન્તામણિ નિશાળખાતામાં પણ કાંઇ પ્રયત્ન કરવાનો વિચાર કરીને પાછો ફર્યો. તે પાછો બહારગામથી આવીને સાહેબ પાસે ગયો અને બધી હકીકત નિવેદન કરી. સાહેબે તેના કહેવાથી તેને કેળવણીખાતાના વડાઓ ઉપર પણ ભલામણપત્રો આપ્યા, તેનો પરિણામ પણ એ જ થયો કે જગાઓ ખાલી થયે જોવાશે. ખાનગી નિશાળો ઉઘાડી ગ્રેજ્યુએટો પોતાનો નિર્વાહ કસાકસીથી

કરવા લાગ્યા હતા તેથી સરકારી નિશાળો પણ નિરાંતની નોકરી આપી શકે તેમ નહોતું.

પ્રકરણ ૧ મું.

નિરાશાના સાગરમાં હોડિયું.

શરીર સુખ અને મનની મોજનો વર્ષો લગી ભોગ આપીને ગ્રેજ્યુએટ થયા છતાં પણ નોકરીને માટે મારેલાં ફાંફાંનો જે પરિણામ આવ્યો, તે જોઇને બિચારા ચિન્તામણિને શંકા થવા લાગી કે—હું તે ચિન્તવેલી વસ્તુ પ્રાપ્ત કરી શકું તેવો ચિન્તામણિ ગણાઉં કે હું તે ચિન્તામાંને ચિન્તામાં દટાઇ રહું એવો ચિન્તામણિ ગણાઉં. તેને હવે પોતાના ભણતરની જ શરમ આવવા લાગી. યોગ્યતા છતાં યોગ્ય સ્થિતિ કે પદવીની પ્રાપ્તિ ન થાય ત્યારે માણસને તે યોગ્યતા ઉપર પણ એક જાતનો કંટાળો આવે છે. સાહેબના કાગળો લેઇને ખાતે ખાતે ફરી આવીને પાછો તે મુંબાઈ આવીને કામેશ્વરના ભેગો રહેવા લાગ્યો. કામેશ્વરની પ્રથમની જે નિરાશાવાળી સ્થિતિ હતી તેવી સ્થિતિમાં આપણો ચિન્તામણિ આવી પડયો. કામેશ્વરને કામિની સંબંધી જે નિરાશા પ્રથમ થઈ હતી તેનો તો પરિતાપ ટળી કામેશ્વરને આશાનો ઉદય થયો હતો, તેથી તે તો પોતાનો અભ્યાસ સબળ રીત્યે કરીને પાસ થઈ જવાના ઉત્સાહમાં પ્રયત્ન કરવા લાગી ગયો હતો, પણ આપણા ચિન્તામણિને તો હવે કંચન (પૈસા) સંબંધી ચિન્તા હતી. તે ચિન્તાથી

તેના શરીરની પ્રકૃતિ ઉપર એવી તો અસર થઇ કે તેના એકવડા અને નિર્બળ શરીર ઉપર વધારે નબળાઇની અસર થઈ. તેથી હવે શું કરવું તેની પણ તેને સુજ પડવા લાગી નહિ. એમ. એલ. બી. નો અભ્યાસ આગળ ચલાવવા જેટલી હવે તેના શરીરમાં તેને તાકાત ન જણાઇ, અને મન તથા મગજમાં નિરૂત્સાહ તથા ફેર આવતા હોય એવી પ્રતીતિ થવા લાગી. તેથી ચાહ્યે અણુચાહ્યે પણ તેને કેટલોક સમય લગી કાંઇ પણ કર્યા વિના આરામ લેઇને બેશી રહેવાની જરૂર પડી. પણ એ આરામ તે મગજને પોતાની સ્થિતિના વિચારો વારવાર કરવાને મળેલા અવકાશ શિવાય બીજું શું હતું ? તેથી તેણે છેવટે એક શેઠીઆને ત્યાં જઇ મિલના કોઇ-પણ ખાતાના કામમાં નોકરી મેળવવાને ઇચ્છા જણાવી. શેઠ કાંઇક દયાળુ હોવાથી તેને નોકરી રૂ. ૫૦) ના પગારથી હિસાબ ખાતામાં આપી. પણ મિલના કામદારોને, કારકુનોને અને અમલદારોને સવારના સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા લગી નોકરી ઉપર હાજર રહેવાનું હોય છે તેથી ચિન્તામણિનું શરીર કબુલ કરે તેમ નહોતું. આથી એક પખવાડીઆ પછી જ ચિન્તામણિ રાજીનામું આપી આરામ લેવાને ઘેર આવ્યો.

કામેશ્વર હવે પોતાના મિત્ર ચિન્તામણિની નિરાશા સમજી ગયો હતા; અને તે પણ તેના પિતાના જેટલો જ ઉદાર સ્વભાવવાળો હતો, તેથી ચિન્તામણિને પોતાનો જાન બચાવનાર મોટા મદદગાર તરીકે ચહાતો હતો.તે તેને પોતાનો જ દાખલો આપીને કહેતો હતો કે, જો તમે મારો જાન બચાવ્યો અને મુર્ખાઇ કરતાં અટકાવ્યો તો મને પણ મારા મનની ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત કરવાનો લાગ દૈવ રચનાથી ખુલ્લો રહ્યો છે. તેમજ તમે પણ હવે ચિન્તા છોડીને શરીરની તબીયત સુધારશો તો તમને પણ એક કરતાં

અનેક નોકરીઓ મળવાના પ્રસંગ આવશે. માટે તમે ચિન્તા છોડી દો અને આશા તથા ઉત્સાહને સેવો. વળી અહીં તમારે મારી જોડે રહીને ભોજનાદિક કરવું પડે છે તેનો જરીક પણ મનમાં સંકોચ રાખશો નહિ. મારા પિતા જો મારી સાથે મારી સંભાળ રાખવાને એકાદ ગુમાસ્તો મોકલે તો પણ તેમને એક ગુમાસ્તાનો પગાર અને ખાધા ખર્ચ જેટલુ ખરચ તો થાય જ અને ગુમાસ્તો તે કાંઈ તમારા જેવા મિત્રનો અર્થ સારી શકે નહિ. માટે તમે જે મારા ભેગા રહો છો તેમાં અમારા ઉપર કાંઇ બોજારૂપ થઇ પડતા નથી; પણ તમારા અહીં રહેવાથી તમે મને સત્સંગ અને સારી સલાહ તથા આનંદનો લાભ આપો છો. વળી તમારૂં જ્ઞાન મારા કરતાં વધારે સારૂં છે તેથી મને અભ્યાસમાં પણ કાંઇ શંકા થાય છે તો તેનું સમાધાન આપી સમજાવો છો. તેથી મારા એક શિક્ષક તરીકે પણ તમે મને લાભ આપો છો.

એ પ્રમાણે કામેશ્વર તરફથી વારવાર મળતા શાન્તવનથી ચિન્તામણિ સંતોષ પામીને કામેશ્વર સાથે રહેતો તો પણ વિદ્યા પ્રાપ્ત કરી તૈયાર થયેલા યુવાનોનું ભવિષ્ય આગળ જતાં કેવું ભયંકર નિવડશે તેના વિચાર તો તેને નિરંતર આવ્યા જ કરતા હતા. ચિન્તામણિને પોતાના સંબંધી ચિંતા કરવાનો વધારે અવકાશ ન મળે તેટલા માટે કામેશ્વર પોતાના અભ્યાસમાં જે કાંઇ સમજતો હતો તેવી બાબનો પણ નહિ સમજવાનો ઢોંગ કરીને તે તે બાબનો પોતાને શીખવવામાં ચિન્તામણિને રોકતો. આ પ્રમાણે ચિન્તામણિના દિવસો જતા હતા, તેવામાં એક દિવસે ચિન્તામણિના નામનું એક મોટું પડબીડીઉં, સરકારી કાગળ હોય તેવું, ટપાલના સિપાઇએ લાવીને તેને આપ્યું. તેમાંથી કાગળ કાઢીને જોતાં ચિન્તામ-

ણિને પોલીસ ખાતાના વડાનો હુકમ જણાયો અને તેમાં તેને પોલીસ ખાતાનું કેટલુંક લશ્કર હંગામી નીમાવાનું હતું, તેમાં ચીફ કોન્સ્ટેબલની જગો રૂ. ૫૦) ના પગાર તથા તે ઉપરાંત ભથ્થુ મળે તેવી રીત્યે આપેલી હતી. આ લશ્કરનું કામ ઘાટઉપર ભીલો તોફાન કરતા હતા તેમને જેર કરવાનું હતું. રૂપૈયા પચાસનો પગાર અને તે ઉપરાંત ભથ્થુ અને ભભકાબંધ બંધબેસતો પોલીસનો ડ્રેસ તથા કમરે લટકતી ઇંગ્રેજી ફેશનની તલવાર તેમજ અનેક સિપાઇઓ ઉપર અમલદારી તથા પોલીસના જેવી ભડકવાળી સત્તાના વિચારો આવવાથી તત્કાલ તો ચિન્તામણિની ચિન્તા દૂર થઇ ગઇ અને ઉત્સાહ તથા આશાવડે છાતી ટટાર થઇ ગઇ. ચિન્તામણિને પોતાના શિક્ષાગુરૂ સાહેબે આપેલા ભલામણ પત્રોમાંના એકનો તો આવો સારો પરિણામ થયેલો જોઇને તેના મનમાં સાહેબના આભારનો ઉભરો ચઢી આવ્યો. સાહેબ લોકો જેને માગે કહે તેને પાર પાડે, તથા સાહેબો એક બીજાની ભલામણનું કેટલું બધું માન રાખે છે. વગેરે વિચારોનાં સૂત્રો અને પ્રશંસા ભરેલી ટીકાઓના તર્કનું વાદળું ને વાદળું ચિન્તામણિના મગજમાં ચિન્તાને બદલે ગાદીએ બેઠું. એ હુકમ તેણે કામેશ્વરને બતાવ્યો. કામેશ્વર પણ ચિન્તામણિનું ઉત્સાહ ભરેલું મુખ જોઇને ખુશી થયો અને હંગામી ચીફ કોન્સ્ટેબલની પણ એકદમ નોકરી મળી તેથી ચિન્તામણિને તેણે અભિનંદન આપ્યું, હંગામી તો હંગામી પણ તમને સારી જગો મળી તેને માટે હું તમને મુબારકબાદી આપું છું,—એમ કામેશ્વર બોલ્યો કે તરત જ ચેતેલા ઉત્સાહવાળો ચિન્તામણિ બોલી ઉઠ્યોઃ—આપણા પ્રિન્સિપાલ સાહેબની ભલામણના પત્રથી આ પાયો મંડાયો છે, એટલે હવે આગળ ઉપર આપણને બહાલી જગો મળી જતાં કાંઇ પણ વાર લાગશે નાહ.

કામેશ્વરઃ—હા, એ તો હંગામી કામ થઈ રહેશે ત્યાર શોરી કોઇ ચીફ કોન્સ્ટેબલની જગો ખાલી પડી કે તરત જ તે તમને આપવાની. ઉપરાંઓમાં વસીલો અને તે પણ આપણા સાહેબની ભલામણ દ્વારા થયેલો, તેથી ધારીએ તે કરી શકાય. પણ આ જ પોલીસનો વડો હોય તો તો તેની ધ્યાનમાં આ ભલામણ રહે જ.

ચિન્તામણિઃ—એની તો ચિન્તા જ નહિ. બીજો સાહેબ આવે તો પણ આ સાહેબ તેને સૂચના કરતો જ જાય. સાહેબ લોકોનો એવો નિયમ જ હોય છે. છતાં કદી જરૂર પડે તો પાછી આપણા પ્રીન્સિપાલ સાહેબની પાસેથી ભલામણની ચાર લીટીઓ લેઈ ગયા કે બસ. આ બાબતની તો મને કાંઇ ચિન્તા નથી, પણ મારૂં શરીર બરોબર મજબુત નથી તેથી પોલીસ ખાતાનો પરિશ્રમ મારાથી સહન થઇ શકશે કે નહિ તે વિષે મને જરીક ફિકર રહે છે વળી તોફાની ભીલોને વશ કરવાને માટે આ હંગામી જગાઓ કાઢેલી છે તેથી તોફાન સેતાનમાં આપણે પહોચી શકીએ કે કેમ તેની જ મને તો ચિન્તા રહે છે.

કામેશ્વરઃ—ત્યારે એ બાબતની સમજણ હું પાડું. તમને એ વિષે કશી માહિતી નથી માટે તમે ગભરાવ છો. મારી માના કાકાના દીકરા એવા હંગામી લશ્કરના ચીફ કોન્સ્ટબ તરીકે વાગડની સરહદ ઉપર ગયા હતા. ત્યાં એકવાર હું પણ તેમને મુકામે આશરે પંદર વીસ દિવસ રહ્યો હતો; અને તે શી રીત્યે કામ કરતા હતા તે મેં નજરે જોયું છે. એક નાની છોકરીની કુકા રમવાની રમત કરતાં તેમને કાંઇ વધારે કામ કરવાનું નહોતું. હું ખરેખરૂં કહૂં છું કે એ મારી નજરનું જોયેલું છે, યાર !

ચિન્તામણિએ આતુર થઇને પૂછ્યું:—ભાઇ સાહેબ ! ત્યારે તો મને એ બધું સવિસ્તર કહે તો સારૂં થાય. મને તો આ જ

બાબતની ફક્ત ગભરામણ થાય છે. બાકી તો મને આ નોકરી બહુ જ ગમે છે.

કામેશ્વરઃ—સાંભળો ત્યારે તમારે તો ત્યાં હંગામી હેડક્વાર્ટર્સ અથવા મથકને મુકામે બધું લશ્કર લેઇને રહેવાનું. ત્યાંથી કેટલાક જથાબંધ સિપાઇઓ ઠેરવેલાં મુખ્ય મુખ્ય ઠેકાણે મોકલવાના તથા વખતો વખત એક સ્થળનાં માણસો બીજે સ્થળે અને બીજાનાં ત્રીજે સ્થળે જાય તેવા હુકમો કરવાના અથવા નિયમો બાંધી દેવાના. તથા તે તે ઠેકાણેથી તેમ જ તમારા હેડક્વાર્ટર્સમાંથી ટુકડીઓ કરીને રોજ જંગલમાં ફેરા ફાંટા માટે મોકલવાની. કોઈ ભીલો તથા સિપાઇઓ વચ્ચે મારંમારા થાય ત્યારે ભીલો નાસી ગયા પછી પણ પુરતાં માણસો લેઇને તકરારને ઠેકાણે પંચક્યાસ કરવા જવાનું; અને હેડક્વાર્ટરમાં હો ત્યારે તો રોજ સવારમાં ડ્રેસ પહેરી ભભકો મારીને ડ્રિલ માસ્તર સિપાઇઓને કવાયત કરાવે ત્યારે કવાયત જોતા અને સિપાઇઓને અડાવતા ઉભા રહેવાનું, તે પણ મરજીમાં આવે તેટલો જ વખત. ચોકીઓ ઉપર મૂકેલાં માણસ તથા ફેરણીમાં મોકલેલી પાર્ટીઓ બરોબર બંદોબસ્ત રાખે છે કે નહિ, તે વખતો વખત તમારા રક્ષણને માટે તમારી જોડે જેટલાં જોઇયે તેટલાં સંખ્યાબંધ માણસો રાખીને સાહેબીની સાથે ફરવું, બેસી રહેવું અને સુઇ રહેવું તથા ખાઈ પીને ડાયરીઓ લખી મોકલવી કે આટલું ફર્યા અને આટલું ફર્યા અને આટલું કામ તપાસ્યું વગેરે. તમારે જરીકે ચિન્તા કે શ્રમ કરવાનો નથી. આ પ્રમાણે મારા પ્રભાશંકર મામા કામ કરતા .અને સાહેબી સાથે ભપકા મારતા. સિપાઈઓ તો હાં સાબ ! હાં સાબ કરતા હાજર તહેનાતમાં ને તહેનાતમાં. પચીસ પચીસ ગાઉથી જે જોઇયે તે ચીજ સિપાઈઓ અને પગીઓ લાવે; અને સરકારી ટપાલની પણ પુરેપુરી

સગવડ માટે તમે કશીએ વાતની ફીકર જ રાખશો નહિ, અને ઘણી વાર તો મુકામે બેઠા બેઠા ડાયરીઓ લખી મોકલશો તો પણ કોઈ કાકોએ પૂછે નહિ.

ચિન્તામણિ હસતો હસતો બોલ્યો:—એમજ છે કે ? ત્યારે તો બરોબર કામ કેમ ચલાવવું તે મને આવડી ગયું. મારા મનમાં તો એમ થતું હતું કે ભીલો જોડે તલવારો ખેંચીને લડવું પડતું હશે, તેમજ ભયંકર બનાવોમાં જાતે જઈને ભાગ લેવો પડતો હશે.

કામેશ્વર:—જાતે એ પ્રમાણે ભાગ લેવો તો જોઈએ. પણ વતરણાં વડે કાગળ ખંજવાળનાર મુસદ્દીઓ તો એવા જોખમમાં ઉતરેજ નહિ. બહાદુર સિપાઈઓ હોય તેમને જ જોખમવાળી ચોકીઓએ ગોઠવીને તથા જીભને ટેરવે અને કલમની અણીએ કામ લેઈને જ સેંકડે નવાણું અમલદારો ખાનબહાદુર અને રાવબહાદુર થએલા તથા ખાનસાહેબ અને રાવસાહેબ થયેલા હોય છે. કપાઈ મરવું એ તો અભણ અને ટુંકા પગારના સિપાઈઓનું જ કામ છે. મુત્સદ્દીઓ તો મગજ, કલમ અને જીભથી જ ઝુઝે, માટે તમે પણ કાંઈ ચિન્તામાં મૂઝાશો નહિ.

કામેશ્વરના કહેવાથી ચિન્તામણિના મનની ચિન્તા તો દુર થઈ અને તેને એમ ભાસવા લાગ્યું કે પોલીસખાતાના અધિકારીની નોકરી બજાવવામાં કાંઈ ઘણી મુશ્કેલી નથી, પરંતુ ઉત્સાહના આવેશમાં કામેશ્વરે ચિન્તામણિને કહ્યું કે:—તમારા ઓફીશીઅલ ડ્રેસમાં કિરચ બાંધીને જ્યારે તમને ઘોડે બેઠેલા જોઈશ, ત્યારે મને ઘણો આનંદ થશે. તેથી બે માસની રજામાં હું પણ તમારો મુકામ હશે ત્યાં તમને મળવા આવીશ.

આ વચન સાંભળીને કામેશ્વરની પેઠે ચિન્તામણિને પણ ઉત્સાહનો આવેશ આવીને તે કાંઈ કહેવા જતો હતો તેવામાં તેને

વિચાર આવ્યો કે મને ઘોડે બેસતાં તો આવડતું નથી. તેથી ફરીને પાછો ચિન્તામાં પડી જઈને બોલ્યો કે-ભાઈ ! એ વાત તો હું અદ્યાપિ સગી ભૂલીજ ગયો હતો કે મને ઘોડે બેસવાનો મ્હાવરો તો બીલકુલ નથી. બેઠો તો હોઈશ પણ જ્યારે નાનો હોઈશ ત્યારે વખતે કોઈ સગા વહાલાને ત્યાં લગ્નનો પ્રસંગ હોય અને સાયબેલો થયો હોય્શ ત્યારે બેઠો હોઈશ. પણ તેથી કાંઈ ઘોડે બેસતાં આવડે?

કામેશ્વર-પણ મોટા થયા પછી તમે એકે વાર ઘોડા ઉપર મુસાફરી પણ કરી નથી ?

ચિન્તામણિઃ—ના, ફક્ત એક વાર મારા કાકાની જોડે હું અંબાજી માતાએ ગયો હતો, ત્યારે નાના સરખા પહાડી ટટ્ટુ ઉપર બેઠો હતો પણ તે ટટ્ટુ બિચારો બહુ ગરીબ હતો.

કામેશ્વરઃ-આ તો તમારે પોલીસના નિયમ પ્રમાણે અમુક ઉંચાઈવાળો ઘોડો રાખવો પડશે. પણ જો તમે કોઈ ગરીબ સ્વભાવનો ઘોડો રાખશો તો તે સીધો સીધો તમારે જ્યાં જવું હશે ત્યાં લેઈ જશે. પણ જો તોફાની ઘોડો રાખશો તો વખતે પાડી નાંખશે. ગરીબ ઘોડો રાખવો અને ધીમે ધીમે મુસાફરી કરવી એટલે કાંઈ હરકત પડશે નહિ.

ચિન્તામણિઃ-તે ખરું પણ ઘોડો વખતે દોડે કે ઉતાવળો ચાલે તો મારાથી તેના ઉપર ટકી રહેવાય નહિ,

કામેશ્વરઃ-સીધે સીધો તોફાન કર્યા વિના ઘોડો દોડે તેમાં કાંઈ પડી જવાતુ નથી. તમે થોડાક દિવસમાં બેસવાનું શીખી જશો, ફક્ત કાચા સવારે તોફાની ઘોડો રાખવો નહીં. ગરીબ ઘોડો લેજો, ભલે પાંચ રૂપૈયા વધારે બેસે તેની હરકત નહિ.

ચિન્તામણિઃ-એ તો પાંચને બદલે પચાસ વધારે બેસે તેની હરકત નહિ. મને મારો પોતાનો જીવ વહાલો છે ને ! પડીએ તો

વાગે તો વાગે અને વળી હાથ નીચેના સીપાઇઓમાં ફજેતો થાય તે જુદો !

કામેશ્વરની જોડે આ વાતચિત્ત થયા પછી કામેશ્વર પાસે થોડાક રૂપીયા ચિન્તામણિએ માગ્યા અને કામેશ્વરે ઘણી ખુશીની સાથે આપ્યા. તે રૂપીયા ઉછીતા લેઇને ચિન્તામણિએ નોકરી ઉપર જવાને જોઇતા સરસામન, કપડાં લત્તાં, વગેરે તૈયારી કરવા માંડી. બે ત્રણ દિવસમાં બધી તૈયારી થઇ રહી. ચિન્તામણિએ પોતાના માતપિતાને પણ પત્ર લખી ખબર આપી કે મને નોકરી મળી છે અને નોકરી ઉપર ફલાણે દિવસે હું હાજર થવાનો છું. ઘોડો લેવાનું તેણે આગળ ઉપર રાખ્યું અને ચિન્તામણિને તે માટે રૂપૈયા જોઇયે ત્યારે મંગાવી લેવાને માટે કામેશ્વરે કહ્યું. ચિન્તામણિના પિતાએ જોશી પાસે મુહૂર્ત જોવડાવીને કાગળ લખ્યો તે આવી પહોંચ્યો એટલે તેજ મુહૂર્તે ચિન્તામણિ પોલીસ ખાતાના વડા સાહેબ પાસે હાજર થવાને નિકળ્યો. પણ આ સ્થળે આપણે ચિન્તામણિની કૃતજ્ઞતાને ન્યાય આપવાને માટે કહેવું જોઇએ કે તે નોકરી ઉપર જવાને માટે તૈયારીઓ કરતો હતો તે દરમ્યાન એક કરતાં વધારેવાર તેને ભલામણની ચીઠી આપનાર કોલેજના પ્રિન્સિપાલ સાહેબની પાસે જઇ તેઓ સાહેબનો આભાર તે માની આવ્યો હતો; અને તે સાહેબે પણ પોલીસ ખાતાના વડા સાહેબે તેમની ચીઠીનું માન રાખી ચિન્તામણિને તાકીદે કામે લગાડયો તે વિષેનો આભાર માનીને એક પત્ર લખીને ચિન્તામણિને આપ્યો, અને તેમાં ચિન્તામણિને માટે ખાસ બે બોલ વધારે લખીને વિશેષ ભલામણ કરી. તે પત્ર ચિન્તામણિએ પોલીસના વડા સાહેબને આપ્યો. તે સાહેબની વિશેષ સૂચનાઓ સાંભળી લેઇને તે ઘાટ ઉપર પોતાની નોકરી ઉપર હાજર

થતા ચાલ્યો. એક જમાદાર સાથે હંગામી પોલીસના માણસો તો તે સ્થળે કયારનાએ જઈ પહોંચ્યા હતા. ગામે ગામથી ગાડાં વેઠે કઢાવતો કઢાવતો તે ઠેઠ ઘાટ ઉપર હંગામી પોલીસના મુકામે જઈ પહોચ્યો. જતાં જતાં તેના પ્રવાસમાં આવતાં ગામોના પોલીસ અમલદારો પોતાના ખાતાના માણસ તરફની મમતાથી તેને પોતાના ઘોડા મુસાફરી કરવાને આપવાને કહેતા ખરા, પણ આપણા ચિન્તામણિને ઘોડે બેસતાં આવડતું નહિ, તેથી એવું બ્હાનું બતાવતો કે, મને કમરે વા આવ્યો છે તેથી હાલમાં તો ગાડામાં જ મુસાફરી કરવી સગવડ ભરેલી થઇ પડશે, વળી આગલે મુકામેથી ઠીક પડશે તો ઘોડો લઈશ.

આ પ્રમાણે આપણો ચિન્તામણિ ઘાટ ઉપરના અરણ્યમાં આવી પહોચ્યો. તેને માટે બનાવેલા હંગામી હેડક્વાર્ટરના બંગલામાં તે રહ્યો. તેને નવી જ નીકળેલી જગો મળવાથી જુના દફતરની માહિતી મેળવવાને સમય ગાળવો પડે તેમ નહોતું જ. તેથી તેને પોલીસની વડી ઓફીસમાંથી મળેલાં છાપેલાં પત્રકોના નમુના પ્રમાણે પોતાનું દફતર નવેસરથી બાંધી લીધું. આ કામ તો તેણે રસ્તામાં મુસાફરીમાંજ કરી લીધું હતું એટલે દફતર સંબંધી અને ચાર્જ લેવા આપવા સબંધી કાંઇ વિશેષ વિચારનો ભાર રહ્યો નહોતો.

જે દિવસે તે પહેલ વહેલો હેડ ક્વાર્ટર પાસે આવ્યો, ત્યારે આગળથી બીજા નજીકના પોલીસ અમલદારની હાથ નીચેના માણસોથી ખબર પડ્યાથી ચિન્તામણિના હાથ નીચેનો જમાદાર હેડક્વાર્ટરના સઘળા પોલીસના માણસો સાથે ચિન્તામણિને સલામી આપવાને ઉભો હતો. ચિન્તામણિ જેવો નજીક આવ્યો તેવી જ તેને આર્મ્ડ પોલીસની ટુકડીએ હથિયાર ઉચાં નીચાં કરીને સલામી આપી. ચિન્તામણિએ પણ પહેલેથી પોતાનો ડ્રેસ પહેરી લીધો હતો.

તે જ પ્રમાણે જે સવારો હાજર હતા તેમણે પણ ચિન્તામણિને સલામ આપી. ચિન્તામણિને તો આ વખતે નેપોલિયન બોનાપાર્ટ અને જનરલ વેલિંગટન જેવો લ્હાવો વીતતો જણાયો. થોડાક દિવસમાં ચિન્તામણિના ભલા સ્વભાવથી તેના હાથ નીચેના સઘળા સવારો અને સિપાઈઓમાં તે પ્રિય થઇ પડયો, અને તેના તાબાના સવારોના ઘોડાઓમાં જે ઘોડાઓ સહુથી ગરીબ અને શાન્ત હતા તેના ઉપર બેસતાં બેસતાં તે સાધારણ રીત્યે ઘોડા ઉપર બેસતાં શીખ્યો; અને તે જ સવારો એક ગરીબ ઘોડો ચિન્તામણિને માટે શોધી લાવ્યા તે ચિન્તામણિએ ખરીદી લીધો અને તેની કિંમતના રૂપૈયા કામેશ્વર પાસેથી મંગાવીને આપી દીધા.

ચિન્તામણિએ પણ કામેશ્વરની જોડે પોલીસ કામ કરવાની જે વાતચિત થઈ હતી તે જ પ્રમાણે દેખરેખ રાખવામાં અને ચોકીએ ચોકીએ ફરીને તથા થાણે થાણે ફરીને તપાસ રાખવામાં અને રિપોર્ટો કરવામાં તથા ડાયરીઓ ભરવામાં હોશીઆરી રાખી. કોઈ ઠેકાણે ભીલો ઉતર્યાનું સંભળાતું તો ત્યાં જથાબંધ હોંશિયાર સિપાઈઓ અને સવારોને લેઇને જતો અને પોતે એક નિર્ભયસ્થાને પુરતાં માણસો સાથે મુકામ રાખીને બહાદુર સિપાઇઓ કે સવારની ટુકડી તે ભીલોની સામે મોકલતો. ભીલો કાંઇ પગ રોપીને લડનાર નહોતા, તેથી તેઓ તો કોઇ જતા આવતા મુસાફર કે માલનાં ગાડાં લુંટીને જતા રહેતા. પછી લુંટના સ્થળનો નકશો અને પંચક્યાસ વગેરે કરીને તે પોતાની નોકરી નિભાવવા લાગ્યો. કોઇ કોઈવાર ઉપરી તરફથી તેના કામમાં કાંઇ કાંઇ ભૂલ્યો કાઢવામાં આવતી તથા તેને માટે સભ્ય રીત્યે ઠપકો પણ આવતો. પરંતુ લુંટ થયા પછી તરતજ જઇ પંચક્યાસ વગેરે કરવાથી તેમ જ લુટનાર

બીલોનો પીછો લેવાના રિપોર્ટ વગેરે ઝડપથી કરવાથી આપણા ચિન્તામણિએ કાઢેલા પોલીસ અમલદારના વેશમાં કોઇ મોટી ખામી કાઢી શકતું નહિં. ઉલટો તેનો ઉપરિ અમલદાર જે એક ખ્રીસ્તી થયેલો હિંદુ હતો અને જેનામાં બહાદુરી કે વિદ્યા કાંઈપણ નહતાં, પણ તેનું વટલાવું એજ તેની પોલીસ ખાતે મોટે હોદ્દે ચઢવાની લાયકી હતી, તેણે વળી બધો જન્મારો તંબુમાં કે બંગલામાં બેશીને ખોટી ખરી ડાયરીઓ લખીને મોટી પદવી મેળવેલી હતી, તે કાંઇ આપણા ચિન્તામણિની ખોડ કાઢી શકે એટલી હોશીઆરી કે અનુભવ ધરાવતો નહોતો.

એમ કરતાં બે માસ પણ આવી પહોચ્યો, અને કોલેજમાં રજાઓ પડી એટલે કામેશ્વર પણ આપણા ચિન્તામણિની સાહેબી જોવાને માટે ચિન્તામણિ પાસે ગયો. ચિન્તામણિની સવારી એક ચોકીએથી બીજી ચોકીએ જતી અને એક થાણેથી બીજે થાણે ફરતી તેની સાથે આપણો કામેશ્વર પણ ફરતો. આ પ્રમાણે બંને મિત્રો આખો માસ આનંદ કરતા એક બીજાની સાથે રહ્યા. પોલીસ ખાતાનાં માણસો હજાર ગાઉની ચીજ પણ પોતાના ખાતાના માણસોની મદદથી લાવીને જંગલમાં રજુ કરે. ત્યાં વિવિધ પ્રકારનાં ભોજન, પાસેનાં ગામોથી આવતાજતા મુસાફરોએ કહેલી વાતોની ગમત, આવતા જતા મુસાફર, ખેલાડી, ગાનાર, નટ, નાટકની કંપનીઓના માણસ વગેરેના ખેલગાન વગેરેનો આનંદ, પરસ્પરનો વાર્તાવિનોદ—એ સર્વને લીધે બંને મિત્રોને જંગલમાં મંગલ જેવું થઇ પડ્યું. સવાર અને સિપાઇયોમાંના કેટલાક પોતાની નોકરીમાં પહેલાં અનુભવેલા બનાવોની અને સાહસિક કામોની વાતોથી ચિન્તામણિને તથા કામેશ્વરને એવી તો ગમ્મત આપતા કે તે ડિટેકટીવ નોવેલ્સ નામની વાર્તાઓને પણ ભૂલી જતા.

કોઇ કોઇ વાર તો લૂટારાઓને સેહ દેવાને માટે ખરેખરા અરણ્યમાંજ પુષ્કળ સવારો અને પોલીસ સિપાઇઓ સાથે એક નાની સરખી છાવણી નાંખીને આપણો ચિન્તામણિ રહેતો, ત્યારે તો સવારમાં ક્ષિતિજમાંથી નિકળતા સૂર્યના અને પ્રાતઃકાળના સૃષ્ટિ-સૌંદર્યની રચના જોઇને, બપોરે ખરા તાપમાં પણ પોલીસસત્તાને પ્રતાપે જવાસાની ટટ્ટીઓ અને છંટકાવને લીધે શિયાળાના નિવાસસ્થાન જેવા તંબુમાં ઠંડાં શરબત અને ફળાદિકનો અત્યંત શાન્તિ-જનક આનંદ લેઇને, તથા સાયંકાળે અસ્ત થતા સૂર્યની શોભા નિ-રખ્યા પછી રાત્રીના ચંદ્રોદયની શોભા જોતા ઠંડી પવનની લહેરોમાં ફરતાં અને ચિન્તામણિ સાથે સ્નેહવાર્તા કરીને આપણો કામેશ્વર બે માસની રજાની સફળતા માનતો હતો.

બંને મિત્ર હવે નિશ્ચિન્ત થયા હતા. કામેશ્વરની જે ભણી ગણી ચતુરા ઉપર ચિત્તવૃત્તિ ચોટી હતી, તેણે હજુ લગી પોતાનો હાથ બીજા કોઇને આપ્યો નહોતો તેથી જલદીથી બી. એ. પસાર કરવાની હોંશમાં તેનો આશા અને સુખનો ભરેલો અભ્યાસ સંતોષના શેરડામાં ચાલતો હતો. ચિન્તામણિને પોતાની નોકરી સંબંધી જે ચિન્તા હતી તેનો પણ હવે અંત આવ્યો હતો એટલુંજ નહિ, પણ નોકરીને બદલે સાહેબી મળ્યાથી તેને સંતોષ થતો હતો. ગ્રેજ્યુ-એટને શિરસ્તેદારી કે દિવાની વસુલાતની અધિકારને બદલે કાળી ડગલી અથવા ચઢતા દરજ્જાની પણ સિપાઇગિરી મળ્યાથી થતા સહજ અસંતોષને સાહેબીનો સંતોષ દાબી દેતો હતો.

આખી બે માસની રજા વિશ્રાન્તિ અને આનંદમય વાર્તા-વિનોદમાં ચિન્તામણિની સાથે ગાળીને જુન માસની તેરમી તારીખે કામેશ્વરે પાછા કોલેજના અભ્યાસ માટે જવા સારૂં ચિન્તામણિ

પાસેથી વિદાયગીરી લીધી. ચિન્તામણિએ પણ ઘણા સ્નેહની લાગણી સાથે રજા આપી અને ફરીને પણ અવકાશનો વધારે સમય મળે તો તે પોતાની સાથે આવીને ગાળવાને ઘણા જ આગ્રહ સાથે કહ્યું. ચિન્તામણિ કામેશ્વરને પાંચ સાત ગાઉ લગી તો વળાવવા ગયો અને વાહન તથા ચોકીપહેરાની એવી તો સારી ગોઠવણ કરી આપી હતી કે કામેશ્વર જાણે પોતાના ઘરના ઓરડામાં જ બેઠો હોય, તેવાં સુખ અને સવડની સાથે તે તેને જવાના રેલ્વેસ્ટેશને પહોંચ્યો. પછી રેલ્વેની મુસાફરી તો નાના છોકરાની રમત જેવી જ હતી. છેવટે જુદાં પડતાં ચિન્તામણિએ આપણા કામેશ્વરને કહ્યું હતું કે, ગમે તેમ સુખદુઃખ આવે તો પણ તમારે તમારા જીવ ઉપર આદરવાની છોકરમત ફરીને કદિ પણ કરવી નહિ. આ શિખામણ ચિન્તામણિએ ખરા મિત્રભાવથી તથા ખરેખરી લાગણીથી આપી હતી. બન્ને મિત્રો એક બીજાથી છુટા પડી પોતપોતાને સ્થાને ગયા, તે પછી જે બન્યું તે જાણવાને માટે જીજ્ઞાસુ વાચક આતુર હશે.

પ્રકરણ ૧૦ મું.

આશાના આષાઢમાં એકદમ ઉઘાડ.

કામેશ્વર પોતાના સ્થાને જઇ અભ્યાસમાં જોડાયો, અને ચિન્તામણિ પાછો પોતાનો પોલીસ અધિકારીનો વેશ ભજવતો સુખમાં દિવસ કાઢવા લાગ્યો. એક દિવસ ચિન્તામણિ થોડાક મુસાફરો લુટાયા હતા તેમના લુટાયાને સ્થળેથી નકલા અને પગ-

કુમાસ કરીને આવ્યો હતો અને સાંજે પોતાના હેડ ક્વાર્ટર્સ પાસે ખુરશી નાંખીને બેઠો બેઠો સાયંકાળની પવનની શાન્તિ આપનાર લહેરોનો આનંદ લેતો હતો, તેવામાં તેના અંતઃકરણમાં વિચાર આવવા લાગ્યા કે જો આ હંગામી જગો ઉપરથી કાયમની જગો મળે તો હવે લગ્ન કરવાની પણ પેરવી કરવી જોઇએ. ચિન્તામણિનું શરીર હવે બહારની હવાને લીધે તથા ગોખણપટ્ટી અને મગજમારીની મહેનત નહી હોવાથી વધારે સારૂં થયું હતું. વળી થોડો થોડો અનુકૂળતાવાળો પ્રવાસ પણ થતો તેથી શરીરને કસરત મળવાથી શરીરમાં બળ તથા મુખ ઉપર તેજ પણ આવ્યું હતું. પ્રથમ ચિન્તામણિને વિદ્યાભ્યાસમાં કરેલા શ્રમની નિષ્ફળતાને લીધે જે પરિતાપ થતો હતો, તે હવે એના મન પ્રમાણે સારા પગારની અને સિપાઇગિરિની પણ અમલદારી મળી હતી તેથી શાન્ત થયો હતો. હવે તેને સહજસહાજ એવો વિશ્વાસ પડતો જતો કે વિદ્યાનું સેવન કદિ પણ વૃથા જતું નથી. આવા જ પ્રકારના તરંગોમાં તથા પરણવાના વિચારોમાં તેનું મન રોકાયલું હતું, તેવામાં એક સવારે રોજના ટપાલની સાથે એક તેના ઘેરથી આવેલો ખાનગી કાગળ આવ્યો તે ઉપરના સરનામાના અક્ષર ઉપરથી ચિન્તામણિએ જાણ્યું કે તે પત્ર તેના પિતાનો લખેલો હતો. ઓફીસની ટપાલમાં કોઇપણ પાકીટ ઉપર 'જરૂરી' કે 'મુદ્દામ જરૂરી' નો શેરો નહોતો. તેથી ઓફીસની ટપાલ નિવૃત્તિએ વાંચવાની રાખી સઉથી પહેલો તેણે પોતાના પિતાનો પત્ર વાંચવાને માટે પડબીડિયું ફોડયું. તેમાં તેના પિતાએ જે સમાચાર લખેલા હતા તે ચિન્તામણિના મનમાં ચાલતા વિચારને અનુકૂળ જ હતા. તે પત્રમાં ચિન્તામણિના પિતાએ લખ્યું હતું કે;—આપણી નાતનો એક માણસ ચિન્તામણિને પોતાની કન્યા આપવા તૈયાર થયો છે, અને તેની માગણી

મેં કબુલ રાખ્યા છે. જે કન્યા વિષે ચિન્તામણિના પિતાએ લખ્યું હતું તે ચિન્તામણિના ઓળખવામાં પણ આવી અને તે કન્યાનાં માતપિતા પણ સુશીલ હતાં. તેથી ચિન્તામણિને સારૂં વેવિશાળ મળવાથી ઘણો આનંદ થયો.

ચિન્તામણિનું કુળ તો ઘણું ઉચ્ચું હતું, અને તેના પિતરાઇઓ જેઓ શ્રીમંત હતા તેમના છોકરાઓને તો ઉતરતી રૂ ૧૦૦૦) ને આશરે પહેરામણી મળતી. પણ ચિન્તામણિના પિતાની અત્યંત ગરીબ દશા થઇ જવાથી ચિન્તામણિને કોઇ કન્યા દેવા અત્યાર લગી આવ્યું નહોતું. પરંતુ સોએ સહસ્ત્ર વંચાય તે પ્રમાણે ચિન્તામણિને જો કે હંગામી નોકરી મળી હતી તોપણ લોકોમાં તો વાતો ચાલી કે ચિન્તામણિને તો મોટી પોલીસની જબરી જગો મળી છે, તેની તેનાતમાં સેંકડો સિપાઇઓ અને સવારો છે, તે તો બાંધે તેને બાંધે અને છોડે તેને છોડે એવો અખિકાર મળ્યો છે—વગેરે. આથી કંકુ ને કન્યા ચિન્તામણિને મળવાનો પ્રસંગ આવ્યો. પિતરાઇને પહેરામણી મળે અને પોતાના છોકરાને ફકત કંકુને કન્યા મળે તે માટે ચિન્તામણિના પિતાએ જરાક અસંતોષ દર્શાવ્યો હતો. પણ આપણો ચિન્તામણિ એવા વિચારનો હતો કે વહેવારનું બાંધ્યું કાંઇ બેશી રહેતું નથી અને કન્યાવિક્રયની પેઠે વરવિક્રય પણ જગતમાં અનેક રીત્યે અડચણ તથા હાનિ કરનાર છે માટે પહેરામણી સબંધી કાંઇપણ ચરચરાટ ચિન્તામણિને તો થતો નહોતો. પણ જ્યારે કન્યાની યોગ્યતા વિષે અને ભાવીના સાસુ સસરાની ભલમનસાઇ ઉપર તેનું ધ્યાન જતું ત્યારે તેને ઘણો જ સંતોષ અને આનંદ થતો. તે જ વિવાહ સબંધી કાયને માટે ઘરમાં વિચાર કરવાને માટે તેમ જ પોતાના પુત્રની સાહેબી જોવાને માટે ચિન્તા-

મણિના પિતા દશબાર દિવસ પછી ચિન્તામણિની પાસે આવવાના હતા.

દશ બાર દિવસ તો સહજ ચાલ્યા ગયા, અને ચિન્તામણિના પિતા ચિન્તામણિ પાસે આવ્યા. પિતા પુત્રે લગ્ન સબંધી બધી વાત વિચાર કર્યો અને ચિન્તામણિની સાહેબી જોઇને તેના પિતાને ઘણો સંતોષ થયો. આવેલું માગું સર્વ પ્રકારે યોગ્ય છે એથી ત્યાં લગ્ન કરવું જ એવો ઠરાવ કરીને ચિન્તામણિના પિતા પાછા પોતાને ગામ ગયા. થોડાંક સગાં વહાલાં જમાડવા શિવાય બીજું કાંઈ ખર્ચ કરવાનું નહોતું, અને નાત રીત પ્રમાણે થોડાક દાગીના કરવા જેટલી સવડ કરવાનું હવે ચિન્તામણિને ભારે પડે તેમ નહોતું. ચિન્તામણિ પોતાની પોલિસ ઓફીસરની સાહેબીની સાથે પ્રવાસ કરતાં અને નવરાશની વખતે હવે સંસારસુખના વિચારોને પણ અવકાશ આપતાં શીખ્યો. ચિન્તામણિ આપણા કામેશ્વર જેવો પ્રેમઘેલો નહોતો. તે વ્યવહારદક્ષ તેમ ઘરસંસાર વિવેકી સ્વભાવે તેવી જ કન્યાને પસંદ કરતો હતો અને તેવી જ કન્યા તેને મળી હતી. જો કે તે કન્યા કાંઇ ભણી નહોતી તોપણ તેણે તેના માતાની પાસે ઘર કામ વગેરેમાં ઘણી કુશળતા મેળવી હતી; અને તે કન્યા ચાલાક જણાતી હતી, તેને થોડું લખવા વાંચવા જેટલું શીખવવામાં ચિન્તામણિને ઘણો પ્રયાસ પડે તેમ નહોતું.

ચિન્તામણિ પોતાની ભવિષ્યની સુખમય જીંદગીને માટે આશાનાં સ્વપ્નાં આણતો હતો, તેવામાં વળી તેના ખાતાના ઉપરી સાહેબ તરફથી એવો પણ પત્ર આવ્યો હતો કે—ચિન્તામણિની તથા ચિન્તામણિના હાથ નીચેના પોલીસની હંગામી નિમણુંક થયા પછી તે ભાગમાં લુંટફાટ તથા તોફાન બહુ જ ઓછાં થઇ ગયાં હતાં, તેથી ઉપરી સાહેબ તથા સરકાર તરફથી ચિન્તામણિને શાબાશી

આપવામાં આવે છે; તથા થોડાક બહારટીઆ કે જેઓ તોફાન સેતાનના આગેવાન હતા, તેમને પકડીને જલદી હસ્તગત કરવામાં આવશે તો ચિન્તામણિને પગારના વધારા સાથેની કાયમની જગો સુલેહવાળાં પ્રગણામાં આપવામાં આવશે. તથા તેના હાથ નીચેના અમલદારો તથા સિપાઈઓની પણ જાનુને માટે કદર કરવામાં આવશે. ચિન્તામણિનાં સુખનાં સ્વપ્નામાં આ પત્રથી વધાર પ્રકાશ ઉમેરાયો અને સ્વપ્નાં તે પણ એને જાગ્રત અનુભવ જેવાં જણાવા લાગ્યાં; કાયમની સુખી જગો, પરણેલા ગૃહસ્થની સ્થિતિ અને પોલીસ જેવો ઉમ અધિકાર એના વિચારથી આપણા ચિન્તામણિનું મગજ આષાઢ માસના આકાશની પેઠે ઘેરાયલું રહેવા માંડ્યું.

પણ જેમ અબ્બટામાં પવન એકાએક ફેરફાર કરી નાંખે છે, તેમ દૈવરૂપ પવન પણ આશાઓના વાદળમાં એકાએક ફેરફાર કરવાને સમર્થ છે. ઘાટ ઉપરના ભીલોમાં જેઓ આગેવાન બહારવટીઆ હતા તેમાંના મુખ્ય આગેવાન એક ધીંકુ વિંગ.જો કરીને હતો. તે ઘણોજ શૂરવીર તેમજ બુદ્ધિમાન પણ હતો. મારીને નાસી જવામાં અને થોડો સમય દબી રહી પોતાના પ્રતિપક્ષીને અસાવધ બનાવીને તેને એકદમ થાપ મારવામાં ઘાટના લુંટારા ઘણા હોંશિયાર ગણાય છે. આ ઘાટ ઉપર ચિન્તામણિના હાથ નીચે એ હંગામી પોલીસ લશ્કર નિમાયું તેથી ધીંકુ વિંગાજો અને તે ટોળાના માણસો થોડો સમય દબીને બેશી રહ્યા, અને કાંઈ વિશેષ નુકશાન ન કરતાં ઘણા દિવસને અંતરે એકાદ નાનું નાનું ગોળું પાડવું જારી રાખ્યું. તેથી સહુને એમ માલમ પડવા લાગ્યું કે હવે લુંટફાટ શાન્ત થવા ઉપર છે. તેમજ જે એકાદ ગેળું દર પખવાડીએ કે અઠવાડીએ પડતું અને તેમાં એ હંગામી લશ્કર જે ચ તાલી કે બહાદુરીથી કામ કરતું તેનો અંદાજ પણ પેલા લુંટારાઓના કળવામાં આવી ગયો

હતો. નવા હંગામી લશ્કરનાં કળબળ હવે ધોંડુવિંગોળે વગેરે લુંટારાઓના સમજવામાં આવી ગયાં હતાં. તેઓ સમજી ગયા હતા કે એ હંગામી પોલીસ લશ્કર તે સાધારણ ચોકિયાતો કરતાં કાંઇ પણ વિશેષ શૌર્ય, શક્તિ કે યુક્તિ ધરાવનારૂં નહોતું. તેમ જ ચિન્તામણિ પોતે પણ કાંઇ લડાયક બાંધાનો અનુભવવાળો નથી એમ પણ સર્વ પ્રકારની બાતમી મેળવનાર ધોંડુ વિંગાળેની જાણમાં આવ્યા વિના રહ્યું નહોતું.

હવે ધોંડુવિંગાળે અને તેના સોબતીઓએ પોતાનું પરાક્રમ ચિન્તામણિના હંગામી લશ્કરને દેખાડવાનો નિશ્ચય કર્યો. તો તેવું પરાક્રમ દેખાડવાના યોગ્ય પ્રસંગો તે લુંટારાઓના તરંગી વિચાર પ્રમાણે આવ્યા નહિ તેથી ચિન્તામણિને ચમકાવવાના તેમના વિચારો અમલમાં મૂકી શકાયા નહિ. જો કે બીજા લુંટારાઓ તો ગમે તેમ કરીને લુંટ કરવામાં જ પોતાના પરાક્રમની પરાકાષ્ટા સમજતા હતા, તો પણ ધોંડુવિંગાળેના મગજનો કાંકો કાંઇક સ્વદેશાભિમાન અને વીરત્વના સ્પર્શવાળો હતો. તે સાધારણ મુસાફરોને તો પોતાના અને પોતાના ટોળાના ગુજરાન પુરતા જ લુટટો, અને તેમાં પણ ગરીબ માતબરનો વિવેક રાખીને લુટતો. એટલું જ નહિ પણ તે લુંટારો હોવા છતાં યોગ્ય રીતે ઉદાર હતો. કુંવારી કન્યાઓને પરણાવવાને માટે તથા પોતાના છોકરાઓને જનોઇ દેવાને માટે ટેલ કરીને અથવા ટીપ કરીને જે બ્રાહ્મણો રૂપૈયા ઉઘરાવીને ઘેર જતા હોય, તેમના પાસેના રૂપૈયામાંથી એક પાઇ પણ લુટતો નહિ અને લુટાવા દેતો નહિ, પણ ઉલટો તે ટીપમાં સેંકડો રૂપૈયા રોકડા પોતાની સવડ પ્રમાણે આપતો. વિદ્વાનો, ઉપદેશકો, સંન્યાસીઓ, કવિઓ, ભાટ, ચારણો વગેરેને તે લુટતો કે કનડતો નહિ, પણ જંગલમાં સુરક્ષિત તેમને સ્થળે પહોંચાડાવતો. પણ સંન્યા-

સીઓ પાસે પૈસા હોય તો તે તરત પડાવી લેતો પણ તેમને કોઇ શરીરે હરકત કરતો નહિ. આંધળા અને લૂલાં તથા બાળકોને તે કોઇ પણ ત્રાસ કે ભય આપતો નહિ, ઉલટું બનતું સાહાય્ય આપતો. સાસરવાસણી, પરણવા જતી જાનો તથા પરણીને પાછાં વળતાં વરકન્યા અને સગર્ભાસ્ત્રીઓને તે જરીક પણ ભય ઉપજાવતો નહિ. પણ એક રૂપિયાથી તે પાંચ રૂપિયા સુધી આંકડો કરતો અને સુરક્ષિત પોત પોતાને સ્થાને તેમને પહોંચાડતો. તે હમેશાં તાલુકાના આમલતદારોની તિજોરીઓ ખરી મોસમ હોય ત્યારે લુટતો, પાદરીઓના ફંડનાં નાણાં જતાં આવતાં હોય ત્યારે લુટતો. અને તેવા ખબર મળે તો જ્યાં હોય ત્યાંથી લુટતો. ગરીબ લોકોને ખોટાં વ્યાજ ગણીને વ્યાજ વણી નાખનાર તરીકે સુમ ગણાતા કાંધીઆઓને લુટતો અને તેમને ઘેર ખાતર પાડતો અને પડાવતો. આવા આવા અનેક પ્રકારના તરંગોળા સ્વભાવની વિચિત્રતા ધોંડુવિંગાળેમાં હતી. આથી સરકારમાં ધોંડુ એક કાળો કેર કરનાર સેતાન તરીકે ઓળખાતો. પણ સામાન્ય ભલા અને અસીલ લોકોમાં તે એક ગરીબના બેલી ને નામે ઓળખાતો.

આ ધોંડુવિંગાળે પોતાનો ચમત્કાર ચિન્તામણિને બતાવવાને લાગ શોધતો હતો, તેવામાં તેને તેવો પ્રસંગ મળ્યો. એકવાર ચિન્તામણિ બપોરે પોતાના હેડ ક્વાર્ટર્સમાં બેઠો બેઠો નિવૃત્તિથી ઓફીસનો રોજનો પત્ર વ્યવહાર લખતો લખાવતો હતો અને સહીઓ કરતો જતો હતો, એવામાં એક વેશ્યા તેની સાથેના સાજીંદા સાથે આવી અને ચિન્તામણિ આગળ ફરિયાદ કરી કે—સાહેબ મારા દોઢ લાખ રૂપિયાના દાગીના સોનાના અને ઝવેરાતના અહીંથી આઠમા નંબરના થાણાની નજીક જ ઘાટી લુંટારો લુંટી ગયો.

ચિન્તામણિએ જાણ્યું કે આ એકદમ તોફાન શું? પણ ચિન્તામણિની તહેનાતના નાયકે પૂછ્યું કે:—તમને માર બાર તો પડ્યો નથી? તેના ઉત્તરમાં પેલી વેશ્યાએ કહ્યું કે—મેં તેમને ગાળો દીધી ધમકી દીધી પણ મને તો તે લુંટારાઓએ કહ્યું કે-સ્ત્રી જાતિ જાણીને તને ખોખરી કર્યા વિના જવા દેઇયે છીએ, પણ આ મારા તબલચી અને સારંગીદારે જરીક અમેતએ કરી તેથી તેમને ચાર ચાર સોટા ઝુડી કાઢયા છે.

ચિન્તામણિએ તે તબલચી અને સારંગીદારને વાગેલો માર જોયો. ફક્ત જબરા સોટા પડેલા હતા પણ કાંઈ લોહી નિકળેલું નહોતું, તો પણ ચિન્તામણિએ તો પોતાના કારકુનને યાદી લખી તેમને હેડકવાર્ટર્સના દાક્તર તરફ મોકલવાનો હુકમ કર્યો. પણ પાસે ઉભેલા શિરસ્તેદારે કહ્યું કે:—આ માર મટી જાય એવો છે માટે નકામો કેસ ભારે સ્વરૂપનો થાય તે ઠીક નહીં, માટે હમણાં તો આ લોકોને લેઇને તાબડતોબ ગુન્હાની જગોએ પધારો અને ગુન્હાના ઠેકાણાનો નકશો કરો, તથા હરામખોરોનો પીછો લેવાને માટે શું શું કરવામાં આવ્યું છે તેનો તપાસ કરો અને જે કાંઈ વિશેષ વહાર મોકલવી હોય તે મોકલો.

પોતાના શિરસ્તેદારની વ્યવહારકુશળ–સલાહ પ્રમાણે ચિન્તામણિ પોતાનો ડ્રેસ પહેરી હથિયાર સજી પોતાની સાથે પુરતાં માણસ લેઇને તથા ફરિયાદણ વેશ્યા વગેરેને પોતાની સાથે લેઇને પોતે પોતાને ઘોડે સવાર થઇને લુટને સ્થળે નકશો અને તપાસ કરવાને ચાલ્યો. રસ્તે ચાલતાં તેના હાથ નીચેના જમાદારે પોતાની પોલીસવિદ્યા વાપરીને પેલી વેશ્યાને અડાવવા માંડી અને થયેલી લુંટનું સ્વરૂપ કાંઇક હલકું થાય તેવી યુક્તિ વાપરવા માંડી.

જમાદારે વેશ્યાને કહ્યું:—અયે રંડી! તેરી પાસ દેડ લાખ

રૂપે કે દાગીને ફસાંસે ? સાલી ? તુંભી એસેઇ ઝુટ ભીડાતી હે ક્યા ?

વેશ્યા બોલી:—જમાદાર સાહેબ ! વેશ્યા કહી મને વેશ્યા ન જાણશો. હું તો મોટાં મોટાં રજવાડામાં ફરનારી છું. મારા એક એક નાચ ઉપર મોટા મોટા સરદારો મરી મટે છે. મારા એક જ મુજરાનું ઇનામ તમારા હાકેમ સાહેબના દરમાયા કરતાં પણ વધારે છે.

જમાદાર:—સુભાન અલ્લા ! સાલી જઇ તું કુચ આશમાનમેંસે આઇ હોગી. સાલી તીન પૈસેકી તેરી ગુન્જાસ, ઓર બડાઇકી ગપ્પે ક્યા ઠોક રહી હે ?

સાજીંદો:—જમાદાર સાહેબ ! એ ગપ્પ નથી. એના ઉપર અર્જુનનગરના મહુર્મ મહારાજા તો એવા આફરીન થઈ ગયેલા હતા કે તેમની સત્તર રાણીઓની ઉપર આ અમારી 'દિલમજાન' સરદાર તરીકે હતી. પણ અમારા કમનસીબે એ મહારાજ ગુજરી ગયા અને તેમના કુંવર ગાદી ઉપર આવ્યા, તેમણે અમને રાજ્યમાંથી દેશનિકાલ દીધો તેથી અમારી પાસે ફક્ત દોઢલાખના જ દાગીના હતા, તે લેઇને ચાલી આવ્યાં હતાં; બાકી અમારી ત્યાંની સાહેબી તમે જોઇ હોય, તો મિયાં ! તમારી અકલ ગણ કહ્યું ન કરે.

ચિન્તામણિ બોલ્યો:—આવાં તાયફા ટોળાંએ જ અમારા રાજાઓને ખરાબ કર્યા, અને આખો દેશ ખરાબ કર્યો, એક રીતે આ લુટારાએ તારા જેવી સત્તર રાણીઓને રગડનાર જુલમી ગણિકાને જે સજા કરી છે તે યોગ્ય જ છે. પણ સરકારી નોકર તરીકે મારે તને દાદ આપવી જોઇયે તેથી જ આ મારી ફરજ હું બજાવું છું. ગુન્હાઓમાં પણ પરમેશ્વરનો શિક્ષક હાથ હોય છે, એવું મને આજે તારા કેસ ઉપરથી સમજાયું.

આ પ્રમાણે વાતચિત્ત કરતાં તેઓ પોતાનો રસ્તો કાપતાં હતાં, તેવામાં એક પાદરી અને તેની સાથેના ચાર પાંચ દેશી ખ્રીસ્તીઓનું

ઝોલું આવતું જણાયું. પાદરીને તેની સાથેના દેશી ખ્રિસ્તીઓએ ડોળી જેવું બનાવીને ઉચક્યો હતો. આ લોકોએ ચિન્તામણિને પોલીસના અધિકારી તરીકે ઓળખ્યો, અને ચિન્તામણિને ઉભો રાખી ફરિયાદ કરી કે આ પાદરી સાહેબ અને અમે અમારા મુખ્ય મિશન હાઉસમાંથી ખ્રિસ્તીધર્મ ફેલાવવાને રૂપૈયા પાંતરીશ હજાર લેઇને આવતા હતા ત્યારે અમને આ ભાગમાં ફરતા બ્હારવટીઆએ લુટયા, અને બધા રૂપૈયા લેઇ ગયા એટલુંજ નહિ, પણ અમારા આ પાદરી સાહેબને એવા તો ઝખમ તલવારોના માર્યા છે કે તે હવે ઘડીસાહેત છે, અમને પણ દરેકને જબરી વ્યથા કરી છે અને અમારા કાન કાપી નાખ્યા છે, આવો જબરો જુલમ થયો છે. સાહેબ! તાકીદથી તપાસ કરી ગુન્હેગારોને પકડી આપો, નિકર અમે કલેકટર સાહેબને અને પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબને રાવ કરીશું.

એક તોફાનનો તો તપાસ હજુ કરવાનો જ હતો, તેવામાં વળી આ બીજું ખુનનો કેસ બને એવું રમખાણ આવીને ઉભું, તેથી ચિન્તામણિ તો આભો જ બની ગયો. શું કરવું તેની પણ તેને સુજ પડી નહિ. છેવટે તેણે દાક્તર ઉપર યાદી લખીને જમાદારને આપતાં કહ્યું કેઃ–લ્યો આ યાદી લેઇને પાદરી સાહેબને તથા આ ઝખમી ખ્રિસ્તીઓને દાકતર પાસે લેઇ જાવ; અને તેમની હકીકત સાંભળીને તેઓ લુટાયા હોય તે તરફ બીજા થોડાક સવારો લેઇને તમે તપાસ કરવા જજો.

પણ જમાદારે પોલીસખાતામાં લગભગ વીસ વર્ષ ગાળ્યાં હતાં, તે બધી બાબતમાં કુશળ હતો, અને ચિન્તામણિના ભલા સ્વભાવને લીધે તે ચિન્તામણિ ઉપર પ્રીતિ રાખતો હતો. તેથી જમાદારે ચિન્તામણિને એક બાજુએ લેઈ જઇને કહ્યું—“ સાહેબ! આપ બસ બાતસેં કામેલ હો, લેકીન આપ ઇસબખ્ત બચ્ચેકી

તરહ ખીઝમત કરતે હો. યે કેસમેં તો ગોરા મારા ગયા હે ઔર ગોરા તો ગોરા લેકિન પાદરી—એ તો ગોરે લોકકા પીર કહલાતા હે—ઉનકા કેસ હૈ વાસ્તે આપ યે કેસમેં તપાસ કરનેકો પધારો; ઔર યે તો એક રંડીકા હે, ઉસમે મેં જાઉંગા તો ભી ચલે.

આટલા ઈશારા ઉપરથી ચિન્તામણિએ જમાદારની હોંશીઆરી કબુલ કરી પોતાની કાનપટી પકડી. જમાદારે ફરી બોલવું આદર્યું:—હમેં સમજ ગયે સા'બ ! આપકું જો નોકરીકી જરૂર હોવે તો યાદ રખના કિ ગોરે કે મુડદે એક ખીલી બરોબર હજાર કાલે લોક હે, તો અબ આપ યે કામમેં જલદીસેં ચલે જાવ. મેં યે રંડીકી સાથ, જાતા હું.

પછી ચિન્તામણિએ પોતાનો વિચાર શાથી બદલ્યો તે બીજાઓના કળવામાં આવે નહિ તેટલા માટે પોતે વિશેષ તપાસ કરવાનો ડોળ કરી ખ્રિસ્તીઓને પુછયું:—આ લુટારાઓએ તમારે કાને ઇજા કરી છે, તે શું તેમાં કાંઇ સોનાની કે મોતીની વાળીઓ હતી તેથી કાન કાપી લીધા છે ?

ખ્રીસ્તીઓમાંથી એક બોલ્યો:—ના સાહેબ ! વાળીબાળી તો અમે વિશવાસીલોક પહેરીએ નહિ. એક લુટારાએ અમને લુટતી વખત પુછયું કે અલ્યા તમે કોણ છો ? ત્યારે અમે કહ્યું કે અમે ખ્રીસ્તી છીએ એટલે પેલા લુટારાએ કહ્યું કે તેમાં તમારો વાંક નથી તમારા કાનનો વાંક છે કે તેમણે ખ્રીસ્તીનો ઉપદેશ સાંભળી તમને ભ્રષ્ટ કર્યા—એમ બોલીને તે લુટારે અમારા કાન કાપી લીધા.

બીજો ખ્રીસ્તી બોલ્યો—મારા કાન કાપવા આવ્યો ત્યારે મેં લુટારાને કહ્યું કે હું તો પેટને માટે ખ્રીસ્તી થયો છું, મારા કાન કાપશો નહિ ત્યારે તે લુટારાએ મારા કાન કાપીને પછી મારા પેટમાં પણ અસ પાળી મારી છે, તે લોહી નિકળે છે જુઓ સાહેબ!

ચિન્તામણિ તો આ અવનવું કૌતક જોઇને મનમાં આશ્ચર્ય પામી ગયો. પણ અમલદાર તરીકે ભભકો મારીને બોલ્યોઃ—સાળા! બદમાસ બહારવટીઆઓએ કેવો જુલમ કર્યો છે! ધર્મના નકામા ઝનૂનને લીધે બેવકુફ લોકો કેવો કેર વર્તાવે છે! ચાલો હું દાક્તર સાહેબને તમારી ભલામણ કરૂં અને તમારા કેસનો તપાસ પણ હું જાતે જ કરીશ.

આટલી વાતચિત્ત થઇ એટલામાં પેલા પાદરીને કાંઇક ભાન આવ્યું, તેથી તેણે ચિન્તામણિને ધીમે ધીમે સેહ દેવા માંડી કે ગમે તેમ કરીને તમે આ લુટારાને પકડો નિકર હું તમારા ઉપરીને લખી તમને નાલાયક ઠરાવીશ. ચિન્તામણિએ પણ તેનું મન સભ્ય વર્તણુંક સાથે પોતાની હોશિયારીની સહજ ફોકિયત મારીને મનાવ્યું, અને હાલ તરતો તરત તો તેની વૈદકીય સારવાર સગવડ સાથે થાય, તેમ કરવા કહી તેને શાન્ત્વન આપ્યું. પછી ચિન્તામણિયે પોતાના જમાદારને પેલી વેશ્યાની લુટનો તપાસ કરવા મોકલ્યો અને પોતે પાદરી સાહેબની સાથે દાક્તરની પાસે ચાલ્યો.

દાક્તરે તે પાદરીના ઝખમ ઘણા ભયંકર છે એમ ચિન્તામણિને કહ્યું. પાદરી મરી જશે તો પ્રલય થશે એવા વિચારમાં ચિન્તામણિ ઉભો હતો; અને દાક્તરે પાદરીને વાગેલા ઝખમો તપાસવાને અને ધોવાને ઉઘાડયા એટલે પાદરીને તો મૂર્છા આવી ગઇ. ચિન્તામણિ વિશેષ ચિન્તામાં પડયો. એટલામાં એક સંન્યાસી ચિન્તામણિને ખોળતો ઇસ્પિતાલમાં આવ્યો; અને તેણે ચિન્તામણિને ફરિયાદ કરી કે—મ્હને બ્હારવટીઆઓએ લુંટીને મારી પાસેથી રૂ. ૫૦૦૦] ની મહોરો પડાવી લીધી. આ વિષે મેં રસ્તામાં તમારા જમાદાર મળ્યા તેમને ફરિયાદ કરી પણ તેમણે તો મને કાંઇ પણ દાદ ન આપી અને ઉલટો મને ધડાવ્યો કે તું જુઠી ફરિયાદ કરે

છે, સંન્યાસીની પાસે દ્રવ્ય હોય જ નહિ, કેમકે ધનનો સંગ્રહ કરવાની ધર્મપુસ્તકોમાં સંન્યાસીને મના જ લખેલી છે.

ચિન્તામણિ તો વળી આ ત્રીજી વધામણિ સાંભળીને દિગ્મૂઢ જ બની ગયો. જમાદારે સંન્યાસીને જે જવાબ આપ્યો હતો, તે ઉપરથી ચેતીને ચિન્તામણિએ પણ પોલીસવિદ્યા ચલાવી:— એમાં જમાદારે શું ખોટું કર્યું ? શાસ્ત્ર પ્રમાણે વિચારીએ તો તમારી પાસે કાંઇ પણ પૈસા હોવા સંભવતા નથી.

સંન્યાસી:—શાસ્ત્રમાં સંન્યાસીને પૈસા રાખવાનો નિષેધ છે, એ વાત ખરી, પણ મારી પાસે તો પૈસા હતા.

ચિન્તામણિ:—તમે શો વ્યાપાર કરવા ગયા હતા કે તમારી પાસે એટલાં બધાં નાણાંનો જમાવ થાય ? જ્યાં લગી તમે તમારી પાસે એ પૈસા કેવી રીત્યે આવેલા તે સાબીત નહિ કરી આપો ત્યાં લગી કાયદા પ્રમાણે અમારે એ જ અનુમાન કરવાનું કે તમારી પાસે પૈસા હતા જ નહિ, તો તમે લુટાવ શી રીત્યે ?

સંન્યાસી—સાચું પૂછો તો તે પૈસા મેં ગોરક્ષણને નામે ઉઘરાવેલા હતા; અને તે પૈસા ગોરક્ષણના છે, એમ પણ તે પાપી લુટારાઓને મેં કહ્યું હતું, પણ તેમણે મને કહ્યું કે સંન્યાસી પાસે પૈસો રખાય નહિ. તેથી તે પૈસા અમને સોંપો, અમે કોઈ ગોરક્ષક મંડલીને જ સોંપી દેઈશું અથવા ગુપ્ત રીત્યે મોકલાવી દેઈશું.

ચિન્તામણિ હસીને બોલ્યો:—ત્યારે તમારો મુદ્દો તો પાર પડ્યો. હવે તમારે તે પૈસા ગયા સબંધી કાંઇ ખળભળ કરવાની જરૂર નથી. જે કામ માટે તમે પૈસા મેળવ્યા હતા તે કામમાં જ તે પૈસા જશે.

સંન્યાસી:—ગોરક્ષણનું તો નામ જ હતું, પણ પૈસા તો મારે જ રાખવાના હતા, અને તેનો માલિક તો હું જ છું.

ચિન્તામણિઃ—ત્યારે તો તમે ઠગાઈ કરીને પૈસા ભેગા કર્યાં માટે ઠગાઇના ગુન્હા માટે તમને પકડીને તમારા ઉપર કેસ ચલાવવો જોઇયે. માટે ઉભા રહો, (સીપાઇને) સિપાઈ! આ સ્વામીજીને ચેરામાં રાખજો. એમની પોતાની ઠગાઈ અને લુટારાની લુટ બંને કેસ સાથે જ ચાલશે.

સંન્યાસીએ જાણ્યું કે આ તો ઉલટી બલા વળગી તેથી પોતાનું કાંઈ ગયું નથી, એમ કહીને ચિન્તામણિને હાથે પગે લાગીને રજા મેળવીને ત્યાંથી ચાલ્યા ગયા. ચિન્તામણિએ જાણ્યું કે એક કેસની તો બલા ગઇ. ગુન્હાનું રજીસ્ટર ભારે થતું તેટલે દરજ્જે તો અટક્યું પણ એવામાં બીજુ લુટાયલાં માણસોનું એક ટોળું ચિન્તામણિ પાસે આવ્યું. તેમાં એક અવલકારકુન તથા એક તજવીજદાર અને બાર સિપાઇઓ તથા તેરમો નાયક હતો. અવલકારકુને ચિન્તામણિને જાહેર કર્યું કેઃ—અમે બધા બેંગણપુર તાલુકાની કચેરીમાં એકઠી થયેલી તિજોરી લઇને મુખ્ય તાલુકે ભરવા જતા હતા. તેવામાં તમારા ડિસ્ટ્રિકટના ૨૦ મા નંબરના થાણા આગળ અમને આ ભાગમાં ફરતા બહારવટીઆઓએ લુટી લીધા. તેમાં રૂ. ૪૪૦૦૭) ની તિજોરી તથા આ બધા સિપાઇઓની બંધુકો નંગ ૧૩ ગયાં છે. તથા આ સિપાઇઓ સામા થયા તેમને માર મારીને તેમની કમરમાં રાખેલા સરંજામના કારતુસો નંગ ૧૫૬ તથા તેટલી જ કુલીઓ (percussion caps) પણ ગઈ છે. આ પ્રમાણે સઘળો સરકારી માલ તથા રૂપિયા ગયા છે. આ ફરિઆદી અમારી લખી લ્યો અને અમે ફરિયાદી જાહેર કરી છે તે બાબતનો દાખલો મામલતદાર સાહેબ પાસે રજુ કરવાને લખી આપો.

આ મોટા વરઘોડો થયેલો જોઇને તો આપણો ચિન્તામણિ આભો જ બની ગયો. તેને એમ જ થવા લાગ્યું કે આજનો દિવસ

કેમકે ફેલીએ પળમાં ઉગ્યો છે કે ચારે તરફથી લુંટફાટ અને તોફાનની જ ખબર ઉપર ખબર આવ્યા કરે છે. તો પણ તેણે ધૈર્ય રાખીને પેલા અવલ કારકુનની ફરિયાદ મુજતે હાથે લખી લીધી અને તેને મામલતદાર ઉપર એક દાખલો પણ લખી આપ્યો, અને તપાસમાં મુદ્દામાલ ઓળખવા કરવાને માટે અવલકારકુનની સાથેની પોલીસપાર્ટિના નાયકને પોતાની સાથે રાખ્યો અને બીજા બધાને સરકારી નોકરીમાં અડચણ ન આવે માટે રજા આપી.

પછી ચિન્તામણિએ સઉથી પહેલી તો આ સરકારી તિજોરી લુંટાયા સબંધી ગુન્હાનો તપાસ કરવા જવાનો વિચાર કર્યો, પણ ઉપરથી પેલા મરણ પથારીએ પડેલા પાદરીને સારૂં લગાડવાને માટે તે પાદરીને તેણે કહ્યું કે:—સાહેબ! આપના સંબંધી લુંટની તપાસ હું સઉ પહેલો કરવા જાઉં છું; માટે બીજા કેસોને તેથી વિલંબ થશે, તેથી અમારા ઉપરી સાહેબ અમારા ઉપર ગુસ્સે થવાનો સંભવ છે. માટે આ દાકતર સાહેબ મારા સુપ્રીન્ટેન્ડંટ સાહેબ ઉપર ભલામણની ચિઠ્ઠી લખે તેમાં આપ સાહેબ સહી કરીને મોકલાવી આપો તો મોટી મહેરબાની. મરવા પડેલા પાદરીએ તે વાત કબુલ કરી. દાકતરે ચીઠી લખી અને પાદરીએ સહી કરી અને તે દાકતરે પોતાની ટપાલ ભેગી વિદાય કરવાને પોતાના ટપાલના કાગળો ભેગી મૂકી.

હવે ચિન્તામણિ સઉથી પ્રથમ સરકારી તિજોરી લુટાયલી તેની તપાસ કરવાને માટે ચાલ્યો, કેમકે જે જે લુટો આજરોજ થએલી તેની આગળ જાહેર થઈ હતી, તે તેના સરકલની ચાર જુદી જુદી દિશાએ થઈ હતી; અને તપાસ કરનાર તે એકલો તેથી એક કાળે બધી જગોએ તપાસ થઇ શકે તેમ નહોતું. વળી હેડ ક્વાર્ટર્સમાંથી બધા સવારોને અથવા અડધા સવારોને પણ બહારવટી-

આઓનો પીછો લેવાને માટે મોકલવાનું પણ ચિન્તામણિને સલામતી ભરેલું લાગ્યું નહિ. કેમકે એમ કરવાથી હેડ ક્વાર્ટર પુરતા બચાવવાળું નહિ રહેવાથી હેડકવાર્ટર ઉપર જ બહારવટીઆ આવીને એકદમ તુટી પડે, તો હેડકવાર્ટર્સમાંનો બધો દારૂગોળીનો સામાન તેઓના હાથમાં જાય; તોપણ એક પ્રકારે મોટી હાનિ થાય.

ચિન્તામણિ તિજોરી લુટાઇ હતી તે ઠેકાણે ગયો અને ત્યાં આગળ જગાઓનો નકશો કરતો હતો. તેવામાં સરકારી ટપાલીઓ તેની પાસે આવ્યો અને તેણે કહ્યું કે:—આપની હદમાં મને બહારવટીઆઓએ માર મારી મારી પાસેથી ટપાલની કોથળી સીલબંધ હતી તે લેઇ લીધી તેમાં કેટલીક કિમતી માલની પણ બેંગીઓ હશે. માટે તેને માટે તાબડતોબ તપાસ થવી જોઈએ. તિજોરીની લુટની જગોનો નકશો માત્ર કરીને તથા પગલાં વગેરેનાં નિશાન નોંધી પગીઓને તે પગલે ચઢાવીને ચિન્તામણિ આ નવી ટપાલની લુટની તપાસ માટે ત્યાંથી ચાલ્યો. રસ્તે જતાં વેશ્યાની લુટની તપાસ કરીને પાછો આવતો જમાદાર ચિન્તામણિને મળ્યો. તેણે બધી હકીકત કહી અને ચિન્તામણિએ તથા તે જમાદારે મસલત કરી, તેમાં એવું ઠર્યું કે મુખ્ય બહારવટીઓ તો એક વિંગાળો છે અને તેના ટોળાનાં માણસોએ જ આ બધી લુટો કરી છે, માટે જુદી જુદી દિશામાં પીછો લેવાને ટુકડીઓ મોકલવાની જરૂર નથી, પણ જથાબંધ માણસોની એક ટુકડી લેઇને જમાદારે પોતે તે બહારવટીઆનો પીછો લેવાને જવું, અને ગુન્હાની જગોના નકશા વગેરે દફતરી કામ બધું ચિન્તામણિએ તૈયાર કરવું.

ઉપર પ્રમાણે મસલતના ઠરાવ પ્રમાણે એક આખો દિવસ જમાદાર તથા ચિન્તામણિ પોતપોતાના કામમાં રોકાયા. તેઓ

ખાવા પીવાને પણ નવરા પડયા નહિ; અને છેવટે થાકીને તેઓ પાછા હેડકવાર્ટર્સમાં આવ્યા, ત્યારે તેમણે સાંભળ્યું કે પેલા ઝખ્મ-ખાયલા પાદરી સાહેબ ગુજરી ગયા હતા. તેમની લાશને માટે યોગ્ય સવડ કરવામાં આવી.

આહને રાત્રે ચિન્તામણિ બનેલા ગુન્હાની ઝડપ અને મહત્વનો વિચાર કરતો બેઠો હતો. મોટી આશ્ચર્યની વાત તો એ હતી કે આ બધા ગુનાહ એક એક કરતાં ચઢિયાતા હતા, અને તે ખરે બપોરે ધોળે દિવસે કરવાની હિંમત તે બ્હારવટીઆઓએ ધરાવી હતી. થાણાઓની પોલીસે તેમજ હેડકવાર્ટર્સમાંની પોલીસે પોતાથી બનતું જોર મારી હરામખોરોનો પીછો લીધો હતો, તોપણ પોલીસ કાંઈ પણ ફતેહ પામી શકી નહોતી. બેશક શરમ ભરેલું તો પોલીસને માટે બન્યું હતું અને ભવિષ્યમાં પોતે શું વધારે જોર મારી શકસે તે પણ ચિન્તામણિને સમજાઇ ગયું હતું, આ પ્રમાણે વિવિધ પ્રકારની ચિન્તામાં ચિન્તામણિ બેઠો હતો, અને ઉપરી તરફથી ઠપકાઓ આવ્યા અને આવશે એવી ફિકરથી તેનું અંતઃકરણ કુદાંની પેઠે ફડફડતું હતું, તેવામાં તેનો જમાદાર તેની પાસે આવ્યો તેને જોઇને ચિન્તામણિ બોલ્યાઃ—કેમ જમાદાર તમે પણ હજુ ઉંઘ્યા નથી કે ?

જમાદાર બોલ્યોઃ—આજે જે બનાવો બન્યા છે, તે સાથે પણ અમલદારને ઉંઘ આવવા દે તેવા નથી. સાહેબ ! આપને ઉંઘ નથી આવતી તેમ અમને પણ ઉંઘ આવતી નથી. હું અત્યારે આવ્યો છું, તે બીજા કશા માટે આવ્યો નથી, પણ આપણે પોતાને માટે પાણી પહેલી પાળ બાંધવાને માટે આવ્યો છું. આ બધું બન્યું છે ખરું, પણ આપણને ઠપકો ન આવે અને આપણી નોકરીને

કે બહેતરીને ધક્કો ન પહોચે તેવી કાંઇ પેરવી આપણું કરવી જોઇયે. ગુન્હાનો પતો લગાડવાને તથા બહારવટીઆઓને પકડવાને તો હું પોતાનો મારો જાન જશે તો પણ પ્રયત્ન કર્યા વિના રહેવાનો નથી. પણ આપને જે સાહેબનો વસીલો છે તેમને લખીને સુપ્રીન્ટેડંટ સાહેબને આ વખતે ભલામણ લખાવો કે ઠપકો દફતરે ચઢે નહિ.

ચિન્તામણિએ પોતાના જમાદારની અનુભવી સલાહનાં પોતાના મનમાં વખાણ કર્યાં. તેણે પેલા મરનાર પાદરી પાસે પોતાના ખાતાના સુપ્રીન્ટેંટેડંટ ઉપર લખાવેલી ભલામણની ચીઠ્ઠીની વાત પોતાના આ જમાદારને કહી તેથી જમાદારે પણ ચિન્તામણિની અગમચેતીનાં વખાણ કર્યાં. વળી ચિન્તામણિએ પોતાની અને પોતાના ખાતાનાં માણુસોની બેકસૂરની દલીલો બતાવીને તથા બહારવટીઆઓની સંખ્યા અને લુટ્ચાઇ વગેરેનું અતિશયોક્તિવાળું પણ સાચું જણાય તેવું વર્ણન કરીને એક રિપોર્ટ તૈયાર કર્યો અને તેમાં ખાસ હોશિયારી વાપરીને એવો પણ ચોકસ રીતે પ્રસારો કર્યો કે, આટલા ભયંકર ગુન્હા થઇને પણ પત્યું અને આટલેથીજ અટક્યું તે ચિન્તામણિની પોતાની અને તેના હાથ નીચેના જમાદાર વગેરે સિપાઇઓની બહાદુરી તથા કુશળતાને લીધે જ હતું. આ રિપોર્ટ ચિન્તામણિ અને જમાદારે ફરી ફરીને વાંચી જોયો. પછી સહી કરીને તે રિપોર્ટ મુદ્દામ સવાર જોડે પોલીસ સુપ્રીન્ટેંડંટની ઓફીસે વિદાય કર્યો.

ત્યાર પછી એવીજ મતલબનો એક પત્ર પોતાની ભલામણ કરનાર પેલા કોલેજના મુખ્ય શિક્ષાગુરૂને પણ લખ્યો. તેમાં પોલીસ સુપ્રીન્ટેડંટને ખાસ એવી ભલામણ કરવાની ચિન્તામણિએ પોતાના પ્રોફેસર સાહેબને વિનંતી કરી કે, પોલીસ સુપ્રીન્ટેંડંટ સાહેબ

આવા તોફાની વખતમાં ખાતાનાં માણસો પાસેથી તેમને અકળાવ્યા વિના ધીરજથી કામ લેશે તો વધારે સારું કામ થશે. આ પ્રમાણે ખાણી પહેલી પાળ બાંધીને આપણો ચિન્તામણિ તથા તેનો જમાદાર એક જ ખંડમાં તે રાત્રે સુઈ રહ્યા. આખી રાત તેઓને દિવસનો થાક લાગ્યા છતાં પણ તેમને ઉંઘ આવી નહિ. તેઓએ વિવિધ તર્ક વિતર્ક કરીને એક બીજાની સાથે વાતો કર્યા કરી. છેવટે ચિન્તામણિએ પોતાના હાથ નીચેના હુમાની પોલીસ લશ્કરમાં વધારો કરવાની માગણીનો પુરવણી રિપોર્ટ કરીને પણ બીજો ખાસ મુદ્દામ સવાર મોકલ્યો. ત્યાર પછી રાતના બાર વાગતાં તેઓ ઉંઘી ગયા.

આપણે આ પ્રકરણમાં કહી ગયા તે પ્રમાણે ધોડુંવિઆળ ઉપરાઉપરી જબરી લુટોનો સપાટો ચલાવીને પાછો હબાશને બેસી ગયો. તે પાછો એવો તો હબાશને બેશી ગયો કે તે પ્રદેશમાં જાણે કોઇ લુટારા કે બહારવટીઓ હતો જ નહિ. આશરે માસ પોણા માસમાં તે રસ્તો પાછો ચાલતો થયો અને મુસાફરો સલામતીથી એ રસ્તે થઇને મુસાફરી કરવા લાગ્યા. આનો લાભ લેઇને ચિન્તામણિએ પોતાના હાથ નીચેના અનુભવી જમાદારની સલાહ પ્રમાણે પોતાના ખાતાના ઉપરી સાહેબને પાછા ફેકિયત ભરેલા રિપોર્ટ પણ કરી દીધા કેઃ—આ ભાગમાં મુસાફરોની સલામતી માટે અમારા હાથ નીચેની પોલીસ તરફથી જબરજસ્ત ખાપનો રાખવાની બંદોબસ્ત કરવામાં આવી છે, તથા તેની સાથેજ ગુન્હેગાર હરામખોરોનો પીછો લેવામાં તથા પત્તો લગાડવામાં પુરેપુરી કાળજીથી ઉદ્યોગ ચાલુ છે." તોપણ ચિન્તામણિના મનમાં નિરંતર એવી ચિન્તા ઉત્પન્ન કરતી કે—ઉપરી સાહેબ તરફથી હવે કેવા પ્રકારના

હુકમો આવે છે. આશરે સવા માસ આ પ્રમાણે વીતી ગયો પણ રીપોર્ટ લઇને જનાર સવાર જે રિપોર્ટના બીડા પહોચાડયાની પહોચો લેઇને આવતો, તે સિવાય બીજો કોઇપણ કાગળપત્ર ઉપરી સાહેબ તરફથી ચિંતામણિ તરફ આવ્યો નહિ. આથી ચિન્તામણિને એમ ભાસવા લાગ્યું કે ઉપરી સાહેબે આ લુટોને આવા તોફાની પ્રગણાના સાધારણ બનાવો તરીકે ગણી કાઢી હશે; પરંતુ તેના હાથ નીચેના અનુભવી જમાદારનું માનવું એથી જુદા જ પ્રકારનું હતું. જમાદાર તો ચિન્તામણિને રોજ કહેતો કે ઉપરી ઓફીસ તરફથી આ લુટો સબંધી કાંઈ પત્ર આવતો નથી અને આ પ્રમાણે વધારે વિલંબ થાય છે તેથી ઉપરી ઓફીસ કાંઇક અસાધારણ હુકમો કાઢવામાં અને તે હુકમનો અમલ કરવાની ગોઠવણની વ્યવસ્થા કરવામાં રોકાયલી હોવી જોઇયે. થોડાક સમયમાં કાંઇ નવાજુની થશે જ એમ જમાદાર કહેતો હતો, પણ ચિન્તામણિ એમજ સમજતો કે હવે તો બધું બળી હોલાયું.

ઉપર વર્ણવી ગયા તે લુટો થયાને આશરે પોણા બે માસ થયા હશે અને એકવાર સવારમાં ચિન્તામણિ બેઠો બેઠો દાતણ કરતો હતો અને જમાદાર તેની આગળ ઉભો ઉભો લુટારાઓને પકડવા માટેની યોજનાને માટે જે બાતમીદારો કામે લગાડેલા હતા તેઓની હકીકત તેને નિવેદન કરીને તે વિષે પોતાના વિચારો જણાવતો હતો, તેવામાં તેમને કાને બ્યુગલનો અવાજ પડયો; અને તે વિષે ચિન્તામણિ અને જમાદાર વિવિધ તર્કવિતર્ક કરતા હતા તેવામાં દૂરથી તેમને એક ત્રણુસેં માણસની લશ્કરી ટુકડી આવતી જણાઇ. થોડા જ સમયમાં તે ટુકડી તથા તેનો ઉપરી ચિન્તામણિ પાસે આવીને ઉભા. ઉપરી ગોરો હતો. તેણે પોતાની 'હેવરસેક'

બગલથેલીમાંથી એક લીફાફો કાઢી ઇંગ્રેજીમાં પૂછ્યું:—આ હેડકવાર્ટર્સનો પોલીસ હેડ કોણ છે? ચિન્તામણિએ કહ્યું કેઃ—હું જ મુખ્ય અમલદાર છું, તે ઉપરથી તે ઇંગ્રેજ અમલદારે ચિન્તામણિને પેલો લીફાફો આપ્યો. તે ફોડીને વાંચતા પહેલાં ચિન્તામણિને હજાર પ્રકારના વિચાર આવ્યા. તેના મનમાં એમ થયું કે—શું હંગામી પોલીસ લશ્કર કાઢી નાંખીને સરકારે ખાસ લશ્કરી ટુકડી રાખવાનો તો ઠરાવ નહિ કર્યો હોય? જો સરકારે એમ જ કર્યું હોય તો નવા હંગામી અમલદાર ચિન્તામણિને તો પાછું પોતાને ઘેર જ જવું પડે. જો કદિ સરકાર આટલી નોકરીને સારી ગણે તો બીજે કોઇ ઠેકાણે જગો ખાલી હોય તો તે ચિન્તામણિને આપે. પણ આટલી થોડી નોકરીના અરસામાં આટલી બધી લુટો એકે દિવસે બની, તેને નાલાયકીના કારણ તરીકે ગણે તો ચિન્તામણિને પોલીસ ખાતાને માટે નાલાયક પણ ઠરાવે. એવા અનેક વિચારોના તરંગો ચિન્તામણિના અંતઃકરણમાં પેલો બીડો ફોડતાં અને વાંચતાની વચગાળાના વખતમાં આવી ગયા. પણ જ્યારે તેણે તે બીડામાંનો હુકમ વાંચ્યો ત્યારે તેના મનમાં શાન્તિ ઉપજી પોલીસ ખાતાના ઉપરી સાહેબે ચિન્તામણિએ તેની નિમણુંક પછી ઘણા માસ લગી તે ભાગમાં સુલેહ જાળવી હતી તેને માટે તેને શાબાશી આપી હતી, તથા જ્યારે બહારવટીઆએ ઉપરા ઉપરી ગુન્હા કર્યા, ત્યારે પણ બનતી હોશી આરી અને ઝડપ વાપરવાને માટે અને બહારવટીઆઓને પકડવાને માટે ચાંપતા ઉપાયો ચાલું રાખવાને માટે પણ તેનાં વખાણ કર્યાં હતાં. આપણે આ ઠેકાણે સમજવું જોઇયે કે આ બધા ચિન્તામણિના પ્રોફેસર સાહેબની ભલામણ ચિઠ્ઠીના તથા પેલા મરનાર પાદરી સાહેબના કાગળના પ્રતાપ હતા. પરંતુ પોલીસ ખાતાના ઉપરી સાહેબે સદરહુ હુકમના છેલ્લા ફકરામાં લખ્યું હતું કે—બહારવટી-

ઓને જલદી હસ્તગત કરી શકાય તથા તેમ બનવું અશક્ય લાગે તો જલદીથી નાશ પમાડી શકાય તેટલા માટે તમારી મદદમાં ખાસ લશ્કરી ખાતાની ટુકડી સાર્જન્ટ લેમોનેડની સાથે મોકલી છે. તેઓ તમને સારી પેઠે મદદ કરશે. પણ તમારે તેમની સાથે રહીને જાતે જ હરામખોરો ઉપર હુમલો વગેરે લેઈ જવાની સલાહ અને સુચના વગેરે આપવાં. એમાં જો તમે કાંઇ કસુર કરો છો એમ સાર્જન્ટ મજકુર જાહેર કરશે તો તમારી સખત નોટીસ લેવામાં આવશે ઇ૦

'સખત નોટીસ' એ શબ્દો વાંચીને ચિન્તામણિને કાંઇક ગભરાટ થયો, પણ તે હુકમના પહેલા પેરેગ્રાફમાંના સાબાશી અને વખાણના શબ્દોનો વિચાર આવતાં ચિન્તામણિના અંતઃકરણને કંઇક ઠંડક વળી. તેની સાથે તેણે પોતાના મનથી એવો દૃઢ નિશ્ચય કર્યો કે મદદ કરવા આવેલા સાર્જન્ટની સાથેને સાથે રહી જંગલમાં તેમ જ પહાડમાં બહારવટીઆ સામે પગલાં ચાંપતી રીતે ભરવાં. કેમકે આવા ખાસ લશ્કર અને ઇંગ્રેજ સાર્જન્ટની જોડે તેને બહારવટીઆથી ભય ન લાગે તેવી હુંફ લાગતી હતી. તેથી તેણે સાર્જન્ટ લેમોનેડને પણ એવી પોતાની હિંમત દર્શાવીને તથા મિત્રતાની લાગણી દર્શાવીને પાસેના મેદાનમાં ટુકડીનો મુકામ રાખવાની સલાહ આપી. લશ્કરની ટુકડી સાથે જ તેના અંગનું મોદીખાનું વગેરે હોવાથી તેમનો સગવડ કરવામાં ચિન્તામણિને લેશ પણ તસ્દી પડે તેમ નહોતું. તેથી થોડા જ સમયમાં ત્રણસો કેટલાયકની લશ્કરની રાવટીઓથી હેડકવાર્ટર પાસેનું મેદાન છવાઈ ગયું ...ની વચ્ચે તે લશ્કરના ઉપરી સાર્જન્ટનો તંબુ પણ તેના ઉપર ઉડતી લશ્કરી વાવટાથી ઓળખાતો હતો.

આ લશ્કરના આવ્યા પછી ચિન્તામણિએ પોતાના જમાદારની સલાહથી બહારવટીઆના રહેઠાણનો પત્તો મેળવવાને માટે અનેક બાતમીદારો કામે લગાડયા. કેમકે તેમના રહેઠાણનો પત્તો મળ્યા વિના તેમને પકડવાને અથવા તો તેમનો નાશ કરવાને માટે કોઇ પ્રયત્ન કરવામાં નવું આવેલું લશ્કર ઉપયોગમાં લઇ શકાય તેમ નહોતું.

એવું બનવા માંડયું કે જે બાતમીદારો ચિન્તામણિ મોકલતો તેમાંના કેટલાક તો પાછા જ આવતા નહિ, અને જેઓ પાછા આવતા અને કાંઇ બાતમી આપતા તે ઉપરથી ચિન્તામણિ સાર્જંટ સીમોનેડના લશ્કરમાંથી એકાદ નાની ટુકડી લેઇને સાર્જંટને પોતાની સાથે બહારવટીઆને પકડવાને માટે લેઇ જતો. પણ પેલા બાતમીદારે બતાવેલે ઠેકાણે તો બહારવટીઆ કે કોઇનું પણ ઠેકાણું હોય તેમ જણાતું નહિ. આ પ્રમાણે એક કરતાં વધારે વાર બહારવટીઆને પકડવાના પ્રયત્નમાં તેમનો કાંઇ પત્તો નહિ લાગવાથી તથા અથડાઇને પાછું આવવું પડવાથી, પેલા સાર્જંટે એકવાર ચિન્તામણિને તથા તેના હાથ નીચેના જમાદારને કહ્યું:—હરામખોરોના રહેઠાણનું ખરૂં ઠેકાણું બતાવવું એ તમારૂં કામ છે, તે તમે બતાવો નહિ ત્યાં લગી મારાથી કાંઇપણ થઇ શકે નહિ. હું હલ્લો કરવાને હમેશ તૈયાર તથા ખુશી છું, પણ તમારી મેળવેલી બાતમી સેંકડોવાર ખોટી પડી ચુકી છે, તેથી હું મારા ઉપરી અમલદારને હવે લખીશ કે અહીં જે અમારૂં રોકાણ થાય છે, તે પોલીસ દુશ્મનોનો પત્તો મેળવી શકતી નથી તેથી જ થાય છે. મેં અત્યાર લગી તમારી સાથેનો સ્નેહનો નાતો જાળવ્યો, પણ હવે મારે મારા ઉપરીને વિલંબનું કારણ લખ્યા વિના ચાલે તેમ નથી. સરકારની સેના

પોતાના કામમાં ફતેહ મેળવ્યા વિના લાંબો સમય એકને એક ઠેકાણે પડી રહે તો તે ઘણું નામોશી ભરેલું ગણાય છે. માટે મારે હવે મારા ઉપરીને ખુલાસો લખવો જ પડશે.

સાર્જન્ટ લેમોનેડનું એ પ્રમાણે કહેવું થયું તેથી ચિન્તામણિના હોંજા તો ગડગડી ગયા. વળી તેના હાથ નીચેનો જમાદાર જે પોતાના ખાતાના દાવપેચના અનુભવનો વધારે ફાંકો રાખતો હતો તેણે તો ચિન્તામણિને એવો બ્હીવરાવી દીધો કે,—જો લશ્કરી ગોરેકા અભિપ્રાય આપણે વાસ્તે સરકારમે ખરાબ લીખ ભેજા ગયા તો સારી ઉમર ભરકી નોકરીકે ઉપર પાની ફિર જાયગા. ચિન્તામણિ તો આથી મહા ચિન્તામાં પડયો. શું કરવું તેની સૂઝ તેને પડતી નહોતી. છેવટે નાલાયક થઇને નિકળવું પડશે તો કેવી અપ્રતિષ્ઠા થશે તેના ભયથી તેને રાત્રે ઉંઘ પણ આવતી બંધ થઇ ગઇ. હવે તેને સમજાયું કે પોલીસ ખાતાની સાહેબી અને રોફની નીચે કેવા પ્રકારનો ઉજાગરો કરવો પડે છે અને કાંટાની પથારીમાં સૂતો હોય તેવો અનુભવ થાય છે. ચિન્તામાં ને ચિન્તામાં ચિન્તામણિ બાવરા જેવા થઇ ગયો, અને થોડા દિવસમાં તો તેના હાથ નીચેના સઘળા સિપાઇઓ પણ જાણી ગયા કે ચિન્તામણિ કેવી મહાભારત ચિન્તામાં પડયો છે. બેસતાં ઉઠતાં અને હરતાં ફરતાં સઉ સિપાઇઓમાં ચિન્તામણિની ચિન્તાતુર સ્થિતિની જ વાતો ચાલતી.

ચિન્તામણિનું અંતર જો કે ચિન્તાથી ભરપૂર હતું, તોપણ તે પેલા સાર્જન્ટ લેમોનેડને બહારથી કુશળતાનો દમામ બતાવીને એવી આશાઓ આપતો કે હવે થોડા દિવસમાં ગુન્હેગારોની સંતાઇ રહેવાની જગોનો ખરેખરો પતો મેળવી શકાય એવાં બાતમીનાં

સાધનો મેં યોજ્યાં છે. તેની સાથે તે પોતાના અનુભવી જમાદારને બાતમીને માટે બનતી કોશીશ કરવાને પણ હમેશાં ટોકતો રહેતો. જમાદાર પણ અનુભવી તેમ જ ખંતીલો હતો, તેથી તે પણ ખરા અંતઃકરણથી બાતમીને માટે વિવિધ પ્રકારે તેની પોતાની મતિ પ્રમાણે ફાંફાં તો મારતો. પણ બહારવટીઆઓની પેઠે તે કંઇ પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર નહોતો. સઉને જીવને માન અને હોદ્દો ભોગવવાની ઇચ્છા હોય છે, તે પ્રમાણે જમાદાર સાહેબને પણ ઇચ્છા હતી, તેથી તે ચીપીએ દેવતા સંકોરતો પણ અંગારામાં હાથ ઘાલવાની હિમ્મત ધરી શકતો નહોતો. પરંતુ તે જમાદાર ચિન્તામણિ કરતાં વધારે વ્યવહારકુશળ હતો અને તે સમજતો હતો કે જે બાતમીદારો ઠેઠ બ્હારવટીઆઓના રહેઠાણ લગી પહોંચે છે તેઓ પાછા જ આવતા નથી એનું કારણ એ જ છે કે બ્હારવટીઆઓ કાંતો તે બાતમીદારોને કેદ કરી રાખે છે કે કાંતો ઠેઠ પરમેશ્વરને ઘેર પહોચાડી દે છે; અને જે બ્હારવટીઆના રહેઠાણની ખબર કહેવાને આવે છે તે બ્હારવટીઆના રહેઠાણનો તપાસ કરવાને ન જતાં બારોબારથી 'કહેતા કહેતી' જેવી વાતો લાવીને કહેનાર બાતમીદારો છે. પરંતુ બ્હારવટીઆના રહેઠાણોમાં જઇને જાતે જ ઝુકાવવા જેવી હિમ્મત તે જમાદાર ધરાવી શકતા નહીં. તોપણ જાતે કાંઇપણ જોર મારી શકે નહિ તેવા અમલદારો જેમ પોતાના હાથ નીચેના અમલદારોની હોશિઆરી ઉપર આધાર રાખીને જશ મેળવવાની આશાઓના કિલ્લા બાંધે છે તે પ્રમાણે આપણો ચિન્તામણિ પણ પોતે આશાઓ બાંધતો હતો અને સાર્જંટ સેમોનેડને પણ આશા આપતો હતો કે, ઓ બ્હારવટીઆનો પત્તો લાગ્યો સમજજો, કેમકે મારાં એવાં સાધનો મેં કામે લગાડયાં છે કે તેથી ફતેહ મળ્યા વિના રહે જ નહિ.

પ્રકરણ ૧૧ મું.

જાગિરદાર બાતમીદાર.

ઉપર વર્ણવી ગયા તે પ્રમાણે મનમાં નિરાશા અને ઉપરથી ઉત્સાહ ચાલાકીનો ભભકો એવી દશામાં આપણો ચિન્તામણિ દિવસ ઉપર દિવસ કાઢતો હતો; અને તેના હાથ નીચેનો જમાદાર પણ બીજા બાતમીદારોના આધાર ઉપર—આજ શું હુવા અને કલ તો શું હોયગા એમ કરી કરીને પોતાની હોંશીઆરીનો દમામ ચાલુ રાખતો હતો, પરંતુ બ્હારવટીઆ લુંટારાની સંતાઇ રહેવાની જગોનો પણ આટલા દિવસ લગી પત્તો લાગતો નહોતો તેથી પેલો સાર્જંટ લેમોનેડ તો અધીરો થઇ ગયો, અને તેણે ચિન્તામણિને કહ્યું કે તમે અને તમારી તરફથી બાતમીની વ્યવસ્થા રાખનાર જે કોઈ તમારા હાથ નીચેનો અમલદાર હોય તે આજ બપોરે મારા તંબુમાં આવો તો આપણે નિરાંતે મસલત કરીને નિશ્ચય કરી શકીએ કે હજુ આ કામમાં કેટલું રોકાવાનું થશે. એ પ્રમાણે તે અંગ્રેજે હુકમથી ચિન્તામણિને પકડયો, તેથી હવે તે સાર્જંટની પાસે પેલા જમાદારને લેઇને પોતાને ગયા વિના છુટકો નહોતો.

ચિન્તામણિએ પોતાના મુકામ ઉપર જઇને પોતાના જમાદારને બોલાવીને બધી હકીકત કહી કે આજે તો સાર્જંટ સાહેબની પાસે આપણે બંને જણને બાતમીના સંબંધનું કામ કેવી રીત્યે ચાલે છે તે સંબંધી ખુલાસો આપવા જવું પડશે, માટે તમે તૈયાર થઈ રહેજો, નહિતો ફજેતો થશે.

જમાદાર બોલ્યા:—યે બાતમેં આપ બેફિકર રહો, એસે ગોરે અમલદારોકું તો મૈંને કંઇ જાલે કે પિછુ ફિરાયે હૈ. વો લોકકું સમજાનેમેં કુછ બડી મુશ્કેલી હૈ નહિ. આપ પાસ બેઠકે મેરી બાતકું ટેકા દેતે રહિયો ફિર દેખો કેસા સમજા દેતા હું ? તુંમારે હિંદુ લોક ઉપર ગોરે લોકકા ઇતના ભરોંસા નહિ કે જીતના હમારે મુસલમીનકે ઉપર ભરોંસા હૈ. વો ગોરે લોક ઇસા પેગંબરકી ઉમ્મત હૈ વ હમલોક મહમદ પેગમ્બરકી ઉમ્મત હૈ લેકીન વો લોકભી પેગંબરકું માનને વાલે ઔર હમ લોક ભી પેગમબરકું માનને વાલે, ઉસ લિયે હમ લોક ઉપર વો લોકકા જાદા ઇતબાર રહતા હૈ, તો મેં સાર્જંટ સાબ તો કયા લેકિન સાર્જંટકા બાપકું બી સમજા દઉંગા, ઔર અપની બાતમીકા કામ તો મેં એસી સિતાબીસે ચલા રહા હું કે ન પુછીએ બાત.

ચિન્તામણિ:—ત્યારે, હવે હું નિશ્ચિન્ત રહું છું: તમારી હોશીઆરી ઉપર હું પણ પૂરો ભરોંસો રાખું છું.

જમાદાર:— બેલાશક ભરોંસા રખો. સાબકું સપાટેમેં સમજા દઉ!

ચિન્તામણિ:—ત્યારે હવે તમે તમારી રોટી ખાઈ કરીને તૈયાર થઇને આવો. હું પણ જમી લેઉ, પછી આપણે આજે બપોરે સાહેબને તંબુએ જઇએ.

પછી ચિન્તામણિ તથા જમાદાર બંને ખાઈ કરીને તૈયાર થયા અને બંને જણ સાહેબના તંબુએ ગયા ત્યારે સાહેબ અંદર તંબુમાં બેઠા હતા અને પાસે વિજળીથી ચાલતો પંખો હતો તેથી પંખો ચાલતો હતો; વળી રોજની ખાસ ટપાલમાં બરફ સોડાવોટર વગેરે આવતું હતું તેથી ત્યાં ઠંડક અને તાજગી આપનાર પદાર્થો પણ પડેલા હતા. તેમની પાસે ચિન્તામણિ અને તેના હાથ નીચેનો

જમાદાર બંને ગયા. ચિન્તામણિએ તો રીતસર ' ગુડ ડે ' કહ્યું, પણ જમાદારે તો અસલ મોગલાઇ રીત પ્રમાણે નીચે ઝુકીને સલામ કરી. તેની સાથે જ તેના કદાવર શરીરના દેખાવ વગેરેની અસર એવી તો સારી સાર્જંટ સાહેબના મન ઉપર થઇ કે કાંઈ કહેવાની વાત નહિ. સાર્જન્ટ લેમોનેડ સાહેબે ચિન્તામણિને તથા જમાદારને પોતાની પાસે પડેલી બે મુસાફરી ખુરશીઓ ઉપર બેસવાનો હસતે ચેહેરે ઇસારો કર્યો. તે બંને જણ તે ખુરશી ઉપર બેઠા, અને મસલતનું કામ શરૂ થયું.

સાર્જન્ટ લેમોનેડે પૂછ્યું;—એ જમાદાર તુમારા બાતમીકા કામપર દેખરેખ રખતા હૈ ?

જમાદાર ચિન્તામણિનું માન વધારવાને માટે બોલ્યો:—હાં ખુદાવિંદકું બંદેકી યહ અર્જ હૈ કિ જહાં કુચ અકલમંદિકી જરૂર હોતી હૈ વહાં તો યે હમારે સાબ હમકું સબ સમજા દેતે હે, ઔર ઉસકા જો અમલ કરનેકા કામ હૈ વો તો આપકા તાબેદાર મેં કરતા હું.

ચિન્તામણિ આ પ્રસંગનો લાભ લેઇને બોલ્યો:—સાહેબ, બાતમીનું કામ ઘણું ખાંચખુંચવાળું છે, તેમાં યુક્તિવાળા માણસની ખાસ જરૂર છે. ટાંપાં કરનાર અને આથડનાર માણસો હજારો હોય, પણ તેમને સઉને ખરી યુક્તિયે ચઢાવનાર માણસ એક હોય તો જ બધી મહેનત સફળ થવાનો સંભવ રહે છે. નિકર મહેનત અને પૈસાનો ખર્ચ નકામો જાય છે.

સાર્જંટ હસતાં બોલ્યા:—તે તો ખરૂં છે પણ જો બતાવેલી જુક્તિનો અમલ કરનાર માનસ પણ હોશિયાર અને મહેનતુ ન હોય તો તે જુક્તિ પણ ફેઇલ થાય છે.

ચિન્તામણિ પોતાના જમાદારનાં વખાણ કરવાને બોલ્યોઃ—હું એ બાબતમાં તો હું ભાગ્યશાળી છું. મારા આ જમાદાર એવા અનુભવી અને ચાલાક છે કે જે કાંઇ યોજના એમને હું સમજાવું છું. તેનો તે એવો સમજીને અમલ કરે છે કે આપણને સંતોષ થયા વિના રહે જ નહિ. એમણે ઘણાં વર્ષ સરકારી નોકરીમાં ગાળ્યાં છે અને પોતાના ઉપરીઓને હમેશ સંતોષ જ આપતા આવ્યા છે.

જમાદાર સહજ ફુલાઇને નમ્રતાથી બોલ્યોઃ—સાહેબ બહાદુર, યે મારી પાસ જો સાબ લોકકી મેને ખીદમત ઉઠાઈ હૈ, ઉનકે, સારેકા સેર્ટિફિકટ હૈ વો આપ હજૂરકો રોશન કરનેકો મંગતા હું, તો આપ જરા તસ્દી લેકે ઉસ્કે ઉપર થોડી થોડી નિધેબક્ષી કીજીયે.

એ પ્રમાણે બોલીને જમાદારે પોતાના ખીસામાંથી આખો સર્ટિફિકેટોનો ભારોને ભારો કાઢયો અને સાહેબને એક પછી એક આપતાં બોલ્યોઃ—સાબ, યે તો મેજર મ્યુલ સાબકા સેર્ટિફિકટ હૈ, ઔર યે તો કપ્તાન કેમલકા, ઓર યે તો સાર્જંટ સેન્સીબલકા, યે તો બ્રિગેડ જનરલ બોટલકા, યે તો રેવરન્ડ ફુંડાર્ડકા, ઓર હૈ સો યે તો રેસિડેનસ લાસ્કલકા, ઔર યે પોલીસ કમિશનર હનિમુનકા, ઔર યેતો સર્જન કિલરકા ઔર......"

જમાદારની એ વંશાવળી જેવાં નામો સાંભળવા જેટલી સાર્જંટ લેમોનેડને ધીરજ નહિ રહેવાથી તેણે એકદમ જમાદારના હાથમાંથી બધી સર્ટિફિકેટોની થોકડી લઇ લીધી અને ઉપર ઉપરથી કેટલાંક સર્ટિફિકેટો જોઇ ગયો. તેમાં મિયાંભાઇની મોગલાઇ ખુશામતથી ખુશી થયેલા અને ઠગાયલા અમલદારોએ જુદે જુદે પ્રસંગે તેનાં વખાણ કરીને સર્ટિફિકેટો આપેલાં હતાં તે ઉપરથી સાર્જંટ લેમોનેડ સાહેબનો પણ આ જમાદાર વિષે ઘણો ઉંચો અભિપ્રાય થયો.

પછી સાર્જંટ સાહેબે જમાદારને કહ્યું:—દેખો જમાદાર ! તુ-મારે પે સબ સર્ટિફિકટસેં તુમ બડે બાહોશ ઓર બહાદુર સિપાઈ દેખ પડતે હો. ઔર હમકું ઉમેદ હૈ કિ યે બહારવટીએ લોકકા મામલેમેં તુમ હમારી પાસસેં બી બડી બહાદુરીકા સર્ટિફિકેટ લે સકોગે.

જમાદાર ખબરદારીથી બોલ્યા:—વો તો ખુદાકી ઔર આપ-કી મહેરબાની હોવેગી તો સબ હો સકેગા, ઉસમે કુછ અંદેશા નહિ.

સાર્જંટ સાહેબ બોલ્યા:—લેકિન આજ તક તુમને બાતમીદા કિસ તરહસેં ચલાયા હે વો હમકું સમઝાય, તો હમ ઉસમે કુછ કમી જાસ્તી કરનેકા હોવે તો ઇસારા કર દેવે.

જમાદાર બોલ્યો:—મેં આજ તક તો અપને બાતમીદાર ઓર પગી લોકકો ભેજ કે બાતમી નિકાલતા થા, લેકિન પંદર દિનસે મેંને આસપાસ કે જાગિરદાર લોકકું બી ટટાર કિયે હૈં; સબ આગે પીછે કે જાગિરદાર લોકકે ઉપર હમારે યે ઇન્સ્પેક્ટર સાહેબસેં યાદીઆં લિખવા કે ભેજી હે કે તુમારી હદમેં જો જો બહારવટીએ લોક હોવે ઉસકું ઢુંડઢુંડ કે પકડના ઓર સરકારકે હવાલે કર દેના, જો તુમ પકડ ન સકો તો બાતમી રખકે હમકો ખબર દે દો, તો હમ પકડનેકો આવેગે અગર જો યે કામમે જરાબી કસુર રખોગે તો સરકારકી ખફગીમેં આવોગે,—એસી ખબર એ લોકકોં બડી તાકીદસે હમને દિલવાઈ હૈં.

સાર્જંટ સાહેબ બોલ્યા:—વો તો ઠીક હે અગર યે જાગિરદારકુ અપને કરનેકા કામ સોંપનેસેં કયા હાંસલ ?

જમાદાર બોલ્યો:—સાહેબકો ઇસ બાબસેં મેરી યે અર્જ હે કિ ગુન્હા કિયે વો બહારવટીએ લોકકા પાઉં સરકાર બહાદુરકે તેજસેં અપણી હદમેં તો ઠેરતાઇ નહિ હે, તો વો લોક જાકે જાગિ-રદારોકી હદમેં ઘુસકે પડે રહેતે હે, ફિર જબ ઠંડા પડ જાતા હે

તો ફિર નિકલકે અપની સરકારી હદમેં લૂટ નુકશાન કરતે હે.

સાર્જન્ટ સાહેબ:—અબ સમજમેં આયા. જદ તો હમ ફીર સબ જાગિરદારોકે ઉપર આજ ઉસ બાબતકી તાકીદ લિખ ભેજેંગે.

એમ કહીને સાહેબ ઉઠીને પાસેના તંબુ કે જ્યાં તેની ઓફીસ ચતી હતી ત્યાં ગયો અને પોતાના લશ્કરી કારકુનને બધા જાગિ-રદારો ઉપર લખવાની યાદીઓના સંબંધી સૂચનાઓ આપવા બેઠો. એટલે ચિન્તામણિ અને જમાદાર એકલા પડયા તેમને વાત કર-વાનો લાગ મળ્યો.

ચિન્તામણિ બોલ્યો:—જમાદાર ! ખરૂં પૂછો તો આપણી હદમાંથી આગળ તો કદી પગલું પણ જતું નથી અને તમે બિચારા જાગિરદારોના સંબંધમાં આ હાથીની આગળ પૂળો નાંખ્યો, એ બિલકુલ ઠીક ન કર્યું. બિચારા દેશી જાગિરદારોએ આપણને મદદ કરવાને તેમનાથી બનતી મદદ કરી છે અને કરે છે, તે છતાં તેઓને આમ વિટંબણામાં નાંખવા એ આપણું દેશી લોકનું કામ નહિ.

જમાદાર ગંભીરતાથી બોલ્યો:—સાહેબ ! આવો તાલીઓ હોટો રાખીને બધું વ્યાજબી ગેરવ્યાજબી તોલશો તો પોલીસની નોકરીમાં આપથી ઠેરી શકાવાનું નથી. આ તો મેં છેવટ લગી આપણે માથેથી બલા ઉતારી શકાય તેની સડક રચી રાખી: અને ગુનેગારો પકડાય તો જસ લેવાનો રસ્તો પણ ખુલ્લો રાખ્યો. મારા મહેરબાન ! મારા મુરબ્બી સાહેબ ! જો કદી મહેનત કરતાં પણ ગુન્હેગારનો પત્તો ન જ લાગે તો આખરે એમ કહેવા થાય કે દેશી જાગિરદરો બ્હારવટીઆને પોતાના રાજ્યમાં સંતાડી રાખે છે, અને જો પકડી શકીએ તોપણ કહેવા થાય કે બહારવટીઆને આવો જાગિરદારોનો આશરો મળતો હતો તોપણ અમારી ચાલાકી અને બહાદુરીથી અમે પકડી શકયા. જો આમ પાની પહેલી પાળ

બાંધતાં ન આવડે તો પોલીસખાતામાંથી રૂકસત લેઇને ઘેર પધારી જાવ સાહેબ !

ચિન્તામણીને જમદારનું બોલવું સાંભળીને ખાતરી થઇ કે જો નોકરીમાં નભવું હોય તો જમાદારના કહેવા પ્રમાણે ચાલવુંજ પડે તેમ છે. તોપણ ચિન્તામણિના કેળવાયલા અંતઃકરણમાં એમ તો આવ્યું જ કે કેવળ પેટની ખાતર આ પ્રમાણે અસત્ય ભરેલો દેશદ્રોહ કરવો પડે છે એવી સ્થિતિમાં આપણે આવી પડયા છીએ એથી બીજી અધમસ્થિતિ આપણા લોકોની કયાં થવાની હતી ? મારા જેવા બ્રાહ્મણના દીકરાએ ભિક્ષાવૃત્તિ કરવી એ સારૂ ગણાય, પણ આ રીત્યે રાજશ્રી થઇ ફરવું એ બહુજ નઠારૂ છે; પણ મારા હૃદયમાં એવું સદ્ગુણનું બળ મને હણાઇ ગયેલું જણાય છે. આ શબ્દો મનમા બોલી ચિન્તામણિએ ઉંડો નિશ્વાસ નાંખ્યો. એટલામાં સાર્જન્ટ સાહેબ પોતાની ઓફીસના તંબુમાં ગયો હતો તે પાછો આવ્યો, તેથી જમાદાર અને ચિન્તામણિ બંને જણ સ્વાભાવિક રીત્યે ઉભા ગયા.

સાહેબ બોલ્યો:—બેસો, બેસો. જમાદાર ! તો પન કેટલા વખતમાં એ ગુન્હેગારોનો પત્તો મલી શકે એમ તમારૂં ખિયાન પહોચે છે ?

જમાદાર બોલ્યો:—વો તો સાબ કુછ કહા જાય નહિ, મગર હમારી તરફસે ઇસ મામલેમે એસી સિતાબી ચલ રહી હે કે પત્તા લગે તો એક દિનમેં ભી લગ જાવે ઓર ન લગે તો ... ...

જમાદાર પોતાનું બોલવું પૂરૂં કરી રહ્યો નહિ તેવામાં તંબુની બહાર હાજર રહેનાર ઑરડરલીનો એક ગારદી આવ્યો અને તેણે સાહેબને લશ્કરી રીત પ્રમાણે સલામ કરીને કહ્યું:—કે એક જુવાન જાગિરદાર સાહેબની પાસે આવવા રજા માગે છે, અને કહે છે કે ઘણી તાકીદનું કામ છે. સાહેબે તેને આવવા દેવા કહ્યું.

તેથી પેલો ગારદી પેલા જાગિરદારને કહેવા પાછો બારણું ગયો કે તરતજ જમાદારમિયાં બોલ્યાઃ—મેંને આપ સાહેબકું અગસે જો કહા કે હમને સબ જાગિરદારકો ટકોર દિયે હે ઈસકી એ રૂબરૂ સાબીતી દેખ લીજીયે.હમલોક સરકારકા પગાર ખાકે કુછ નિકમ્મે બેઠ—

જમાદારના શબ્દો અધુરા હતા એટલામાંજ પેલો જુવાન જાગિરદાર આવ્યો અને સાહેબ સાથે હાથ મેળવી 'શેકહેન્ડ' કર્યા બાદ એક કેળવાયલા જાગિરદાર જેવા દબદબાથી પાસે પડેલી ખુરશી ઉપર તે બેઠો. તેણે સાહેબ સાથે ઈંગ્રેજીમાં જ વાત ચલાવી.

આ નવા આવનારની નાની સુધરેલી ફેશનની મરાઠી ઘાટની પાઘડી તેની જુવાન પણ કરડી મુખમુદ્રાને કસાયલા શરીર જેવી વધારે જોરથી દર્શાવી આપતી હતી. તેના નેત્રમાં ધૈર્યનો ઢગલો જણાતો હતો, પણ ઢગલાની ઉપર ચપળતાની અને સમયસૂચકતાની ધ્વજા અને પતાકા ફરકતી હતી. તેના કરડા દેખાવમાં નિડરતા તો એટલી પ્રકાશતી હતી કે તેનું તેજ સહન કરવાને મોટામાં મોટા દરજ્જાના માણસ અશક્ત થઇ જાય તેમ હતું. તેણે મલમલનું તંગ અને ઉંચું અંગરખું પહેર્યું હતુ અને ઉરેબી પાયજામો પણ પહેર્યો હતો અને તેના એક પગમાં તેણે સોનાની બેડી તથા બંને પગે નો સ્ટોકિંગ સાથે વારનિશનાં બુટ પહેર્યાં હતાં. તેણે પોતાનો બારીક અને વજનમાં હલકો દુપટ્ટો જે ચહેરીનો બનેલો હતો તેને પોતાની સોનાની મુઠવાળી તલવારની સાથે લોચોવાળી સહજ સ્વભાવે પકડેલો હતો. તેના મરાઠી ઢબના કાનશીઆ તેની કરડી મુખમુદ્રાને કાંઇક વધારે કરડી બનાવતા હતા. તેના અંગરખા નીચે પહેરેલા કબજાનાં સોનેરી બટનો અંગરખાના ઝીણા પોત નીચે ફાનસ જણાતા દીવાઓની પેઠે ઝગમગતાં જણાતાં. તેના હોઠ એવી

હબથી બીડેલા રહેતા કે તે હમેશાં શો હુકમ કરશે એવી શેહ રસ્તે જનારને પણ લાગે તેમ હતું. તેના રવાબથી સાર્જન્ટ સાહેબ, ચિન્તામણિ અને જમાદાર ત્રણે જણ ઉપર તેનું તેજ પડી ગયું હોય એમ જણાતું હતું તેણે સાર્જન્ટ સાહેબ જોડે સહજ હસતુ મુખ કરીને ઇંગ્રેજીમાં વાત કરવી શરૂ કરી. તેનું હસવું પણ તેની કરડી મુખમુદ્રાને કેવળ લશ્કરી દબદબો જ આપતી હતી. તેણે સાહેબ સાથે જે વાત ઇંગ્રેજીમાં કરી તેનો ગુજરાતી તરજુમો જ અત્રે વાંચનારની સવડ માટે આપીશું. તેનું ઇંગ્રેજી જો કે વ્યાકરણની રીતયે દોષ વિનાનું હતું તોપણ તેના ઉચ્ચારો મરાઠા ઇંગ્રેજી કરતાં વધારે સારા નહોતા પણ તેનું બોલવું એવુ તો અસ્ખલિત અને તેના બોલવાના હાવભાવ એવા તો જમામર્દી ભરેલા હતા કે સાર્જન્ટ લેમોનેડ અને ચિન્તામણિ તથા તેનો જમાદાર તેના સામું બાઘા ચકવાની પેઠે જોયા કરતા હતા. સાહેબ અને આ નવતર મરાઠા જાગિરદાર વચ્ચે નીચે પ્રમાણે વાત ચાલી:—

નવતર મરાઠો જાગિરદાર બોલ્યો: સાર્જન્ટ સાહેબ ! હું મને પોતાને ઓળખાવું છું તે અવિવેક ક્ષમા કરશો. હું મારૂતિગઢના વૃદ્ધ જાગીરદારનો પાટવી દીકરો છું. હું રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરવાને માટે રહું છું, પણ લાલ પંદર દિવસથી જ મારા પિતાની તબિયત બગડવાને લીધે હું ઘેર રજા લેઇને આવ્યો છું. પિતાશ્રી માંદા છે અને આ પોલીસ અધિકારી તરફનો પગી જોઆમાજી મારા પિતા ઉપર એવો હુકમ લેઇને આવ્યો કે:—અમારી જહાગિરનાં ગામોની હદમાં બહારવટીઆ સંતાઈ રહે છે, તેમને પકડવાને અને પકડાવવાને અમારે તાકીદે કોશીશ કરવી. (ચિન્તામણિને) આપ સાહેબનો હુકમ લેઇને આવનાર પગી આશરે સાતેક

દિવસ ઉપર આવ્યો તેને તાવ આવે છે તેથી અમારે ત્યાં તેની સાવજત અમારી જાગિરનો વૈદ્ય કરે છે, પણ તે દરમ્યાન મને અમારાં માણસોથી બાતમી મળી કે બહારવટીઓ વિંગાળો અમારી જાગિરની હદ બહાર થોડેક છેટે સરકારી હદમાં જ એક જંગલમાં સંતાઇ રહ્યો છે, તે ઉપરથી તેને પકડવાની ગોઠવણ કરીને હું આપને સઉને અહીં તેડવા આવ્યો છું. આપ જો મારી સાથે હાલને હાલ પધારશો, તો બહારવટીઆને હું પકડાવી શકીશ અને આપને ખાતરી કરી આપીશ કે તેવા બહારવટિયાઓને મારા વૃદ્ધ પિતા કદિ પણ આશરો આપતા નથી. મારા વૃદ્ધ પિતા સરકારને ઘણા જ અસલના વખતથી વફાદાર છે, અને હું એક તેમનો કેળવાયલો વારસ છું. એવા હરામખોરોને અમે આશરો આપનાર નથી, એ વાતની આપ જેવા સરકારના બહાદુર અમલદારોને ખાતરી કરી આપવાને માટે જ સરકારી હદમાંથી પણ ગુન્હેગારોને પકડી આપવાની અમારે ખાસ પેરવી અને કાળજી રાખવી પડી છે, તેનું કારણ તો એ જ છે કે જો મારા વૃદ્ધ પિતા અને મારા વિષે નામદાર સરકારનો અભિપ્રાય બગડે, તો મારી જાગિર અને મારા ભવિષ્યના વારસ તરીકેના હકમાં ઘણુંજ નુકશાન થવાનો સંભવ રહે છે. તેથી આપ જલદી પધારો અને ખાતરી કરી લ્યો કે અમે બહારવટીઆને સંઘરનાર નથી. પણ હવે આપ સાહેબો જલદીથી મારી સાથે ચાલવા તૈયાર થાવ.

જમાદારઃ—(સાર્જન્ટ લેમોનેડને પુછાઇને) મેને આપકું પહેલેંસે અભી કહાથા કે અમલોક ચાર તરફસેં જબરદસ્ત કોશેશો કર રહે હે. હમ સરકારકા પગાર ખાકે સો રહેનેવાલે નહિ હૈ. (ચિન્તામણિના કાનમાં) દેખો સાહેબ મેરી કિતની કોશેશ થી. અગર એસે કામ કુચ ઘડીભરમેં નહિ હો સકતે હૈ. બાતમીકા કામ

બડા મુશ્કીલ હૈ. મેને તો સારી ઉમર યે પોલીસખાતેમેં નિકાલી હૈ, તો મેરેકું સબ માલમ હૈ. અબ જરાસી સાહેબકું સફાઇ દિખલાવેગેં.

ચિન્તામણિઃ— (જરી ટટાર થઇને) સાહેબ ! અમે કાંઇ સુક્તિ પ્રયુક્તિથી મહેનત કરવાને તથા જેને ટોકવા ઘટે તેને ટોકવાને અને ખબર વગેરે મેળવવાને જાતે પણ મહેનત કર્યામાં તો બાકી રાખતા જ નથી; પણ જ્યાં લગી કાંઇ પણ મળે નહિ, ત્યાં લગી અમારાથી કાંઇ છાતી કાઢીને બોલાય નહિ. ઉપરી તરીકે યોજના શોધી કાઢવી અને સૂચવવી તથા તેનો અમલ કરવાની સમજણ પાડવી એ કામ કરવામાં અને જરૂર પડે તો જાતે પણ ઝુકાવામાં હું જરીક પણ કસર રાખતો નથી. પરમેશ્વરની કૃપાથી આ મારા જમાદાર પણ અનુભવી અને આપણા બતાવ્યા પ્રમાણે બિન કસૂરે અમલ કરે તેવો બહાદુર અને બાહોશ છે.

જમાદારઃ—(મોટી મુલાજમીથી) સાહેબ ! મેં તો આપ લોકકા કદમકી રજ હું. (ચિન્તામણિ તરફ આંગલી કરીને)લેકાન યે હમારે સાહેબ બી હૈ તો છોટી ઉમ્મરમે લેકિન હોશિયારી ઓર બહાદરીમેં એસા અમલદાર અમારે સારે ખાતેમેં નહિ હૈ. હૈ તો નયે આદમી લેકિન કામ કરનેમેં ઉસકી વાકિફગારી તો કોઇ હજાર સાલ કે આદમી જેસી હૈ. અબ આપ દો સરદાર ઇધર બડી મજેમેં બેઠ રહો, મેં એકીલા યે જાગિરદારસાહેબ કે સાથ જાકે વો બહારવટિયાકુ પકડકે લે આતા હું.

સાર્જંટ લેમોનેડ સાહેબઃ—(જાગિરદારના છોકરાને) તમારૂં નામ કોણ ?

જાગિરદારનો છોકરોઃ—સાહેબ ! મારૂં નામ રાનરાવ છે.

પણ આપ સઘ હવે જે આવતા હો તે જલદી કરો.

સાર્જંટ લેમોનેડ:—મિ. રામરાવ, તમે તેને પકડવાની કેવી ગોઠવન કરી છે ?

રામરાવ:—જ્યાં તે બહારવટીઓ સંતાયો છે, ત્યાં રહેનાર જંગલી લોકોને ફોડી રાખ્યા છે, તેઓ તેને દારૂ ખૂબ પાઇને બેભાન બનાવી રાખશે. એટલે તેને પકડતાં કાંઇ ખુનરેજી થશે નહિ અને મહેનત પણ પડશે નહિ.

ચિન્તામણિ:—(આ યુક્તિ સહેલી અને સલામતી ભરેલી સાંભળીને) એ ઠીક છે, પણ હું અને જમાદાર બંને તો તમારી સાથે આવીશું જ કારણ કે બધી જોખમદારી મારે માથે છે; અને જમાદારને મારી સલાહની જરૂર પડયા વિના રહેવાની નહિ. સાર્જંટ સાહેબને તસ્દી આપવાની કાંઇ જરૂર નથી,

રામરાવ:—તો જેવો આપનો સઉનો વિચાર; પણ જે આવતા હો તે ઝટ જલદી કરો. આવા કામમાં વખત ગાળવાનું કામ નથી.

ચિન્તામણિ:—અમે બંને તૈયાર થઇ ઘોડે ચઢીને આવીએ છીએ.

એ પ્રમાણે કહીને ચિન્તામણિ તથા જમાદાર બંને ઉઠીને પોલીસ લાઇન તરફ ગયા. હવે સાહેબ અને પેલો રામરાવ એકલા પડયા એટલે રામરાવે સાહેબને ધીમે રહીને કહ્યું:—'સાહેબ, આ પોલીસે અમારા ઉપર જે હુકમની યાદી લખી તેનો જવાબ તો અમારે દેવો સહેલો જ હતો કે—અમારી જાગિરના ગામોની હદમાં કોઇ પણ બહારવટીઓ સંતાઇ રહેલો જ નથી. પણ સરકારી હદમાં પણ બહારવટીઆને પકડાવવાનુ જોખમ જે અમે વહોરીને મહેનત કરી છે, તે તો ફક્ત આપ સાહેબ બહાદુરને ખાતરી કરી આપવાને કે પોલીસ અમારા ઉપર તહોમત મૂકે છે તે

પ્રમાણે અમે હરામખોરને આશરો આપનાર નથી. તેમ જ આપ સાહેબને હાથે આવા ભયંકર બહારવટીઓ પકડાવવાને માટે જે આવી સલામતી ભરેલી યુક્તિ રચી છે, તે એટલા જ માટે કે આપ સાહેબની કદર સરકાર કરે અને આપસાહેબ જેવા અંગ્રેજ અધિકારીના બે સારા શબ્દ તે અમારા જેવા નાના જાગિરદારોનું આખા જન્મનું દારિદ્રય કાઢી આપે. અમારી કોલેજના પ્રિન્સિપાલ સાહેબ મિ. પાર્શિઅલ સાહેબ અમને રોજ એવી શીખામણ પણ દે છે કેઃ—કામ કરવું તો અંગ્રેજ અધિકારીઓના હાથ નીચે જ કે કદર તો થાય. અમારા દેશીઓ તો એક બીજા ઉપર બળનારા અને કુતરાં જેવા અદેખા છે. બધી આબરૂ એકલા પોલીસવાળા જ લેઇ જશે અને મારી કદર નહિ થાય તેમ સરકારને કાને કોઈ આ બાબતમાં મારી મહેનતની વાત પહોચવા દેશે જ નહિ. હું તો આપના હુકમ પ્રમાણે આ પોલીસ ઇન્સ્પેકટર અને જમાદારની સાથે જ જઇને મારી ફરજ બજાવીશ. પણ આપ જેવા કદરદાન અંગ્રેજી અમલદાર હુકમ પ્રમાણે કર્યાની ઉમેદ મારા મનમાં જ રહી જશે. ખેર ! જેવી ઇશ્વરની ઇચ્છા !

રામરાવના આ શબ્દો સાંભળીને સાર્જંટ લેમોનેડ સાહેબે પણ વિચાર્યું કેઃ—આ જાગિરદારના છોકરાને મારા ઉપર આસ્થા છે, માટે હું તેની જોડે હોઇશ તો બહારવટીઆને પકડાવવાનું કામ તે ઘણા ઉત્સાહથી કરશે; અને એકલા કાળા પોલીસ અમલદારો આ બહારવટીઓ પકડી આવ્યા એમ કહેવાતાં મારૂં આટલું બધું લસ્કર લેઇને આવવું તે નકામું ગણાશે; માટે આવી સહેલાઇમાં મળતી આબરૂ જવા દેવી નહિ. એવો વિચાર કરીને સાર્જંટ

લેમોનેડ ઉભો થયો અને હસતાં મિત્રભાવથી બોલ્યાઃ—વેલ મિ. રામરાવ, હું પોટે ટમારી સંઘાટે આવીસ. સરકાર ટમારી કદર કરશે જ એ હમે પોતે કાલજી કરાવો છે.

ચિન્તામણિ અને જમાદાર તૈયાર થઇ આવ્યા, તે પહેલાં તો સાર્જન્ટ લેમોનેડ ડ્રેસ પહેરી ઘોડે ચઢીને ઉભા.

ચિન્તામણિ મનમાં આનંદ પામતો હતો કે આવી સહેલાઇથી જશ મળવાનો વખત આવ્યો છે—એ એક ખરેખરા અનુકૂળ પ્રારબ્ધનો જ પરિણામ છે, ચિન્તામણિના મન ઉપર જે ચિન્તાનો ભાર હતો, તે હવે આશા—કમાન મજબુત થવાથી ઓછો લાગવા માંડયો. પણ જમાદાર મિયાંના અંતઃકરણમાં તો શેખશલ્લી કરતાં પણ મોટી મોટી બાદશાહીઓ બંધાવા માંડી. તેમના મનમાં તો દારૂ પી બેભાન થયેલા બહારવટીઆને પકડવા સંબંધી મુશ્કેલીના કશા વિચાર હોય જ નહિ, પણ તેમના મનમાં તો એ જ વિચારનો સંચો ચાલી રહ્યો કેઃ—સાહેબ જોડે આવવાના નથી, તેથી બહારવટીઓ પકડવામાં કાંઇ મહેનત ન પડે તોપણ પોતાની ઘણી મહેનત અને બહાદુરીથી જ એ બહારવટીઓ પકડી શકયો—એમ બતાવવાની મનમાનતી ગપ્પો ઠોકી શકાશે એવો લાગ મળ્યા માટે પોતાના અને ચિન્તામણિના લાભના દરવાજા ઉઘડી ગયા છે, તેનો ખરો લાભ કેવી રીત્યે લેવો ? આવા વિચારોના કિલ્લા બાંધતા બાંધતા ચિન્તામણિ તથા જમાદાર બંને જણ તૈયાર થઇને આવ્યા અને જુએ છે તો સાહેબને પોતાના પહેલા જ તૈયાર થઇને ઉભેલા દીઠા. તેથી જમાદાર સાહેબની ગપબહાદુરીના શેખશલ્લીપણાનો અંત આવ્યો. ચિન્તામણિએ સાહેબને પૂછયુંઃ—આપ પધારો છો ?

સાર્જંટઃ—(ઇંગ્રેજીમાં) મારે તમારી સાથે આવવું જ જોઇએ.

જરૂર પડે તો જેની તે વખતે હું તમને સલાહ આપવાને માટે ઉપયોગી થઈ પડું, તેમ જ વખત છે અને હથિયાર વાપરવાનો વખત આવે, તોપણ તમને હું મદદ કરી શકું. વળી સરકારે મને મોકલ્યો છે પણ બહારવટીઆને પકડવાને જ માટે જ, તો તમે જાવ અને હું રહું તે સારૂં ગણાય નહિ. (રામરાવને) કેમ, રામરાવ ! બીજા માણસો થોડાક જોડે લેઈએ તો ઠીક કે ?

રામરાવઃ—આપની મરજી, લેવાં હોય તો લ્યો. પણ ઝાઝા માણસની ધાંધળથી વખતે તે બહારવટીઆને પોતાને ચેતવણી પહોંચી જાય, તો તે બીજા માણસ ઉપર આધાર રાખી દારૂબારૂ પીન ગાફલ બને જ નહિ અને વખતે નાશી જાય. વળી ઝાઝાં માણસો એ ભાગમાં આવેલાં છે-એવું જો તે બહારવટીઆના સાથીઓમાંના કોઈના જાણવામાં સહજ પણ આવે, તો તેઓ આપણા કરતાં પણ મોટી સંખ્યામાં આવીને તેમના સરદાર વિંગાળેને દારૂ પી બેશુદ્ધ થયો હોય તોપણ તેને ઉઠાવીને લઈ જાય અને આપણા હાથમાં આવવા દે નહિ. અહીં આપણે કાંઈ યુદ્ધ કરવું નથી. એ તો જેમ જાળમાં પક્ષી આવી જાય છે તે પ્રમાણે જ પકડી લેવો, કે નકામા સરકારના માણસમાંનાં કોઈનું નુકશાન નહિ.

સાર્જંટઃ—એમ ગુપ્ત રીત્યે જ કામ લેવાનું હોય તો વધારે માણસોની કાંઈ જરૂર નથી. આપણે ચાર જણા જ બસ છીએ.

જમાદારઃ—(સાહેબને ખુશ કરવાને) એસા નહિ સાહેબ, હમ તીન તો કાલે હે. ઔર આપ ગોરે લોક તો એક આદમી પાંચ કાલે લોક બરાબર હો તો આઠ આદમી જીતના કામ અપણુ ચાર હોકે કર સકે એસા હૈ.

સાર્જંટઃ—જમાદાર, તુમારા કહેના બરાબર હે, હમ બ્રિટિશ લોક બડા જબ્બર હૈ.

જમાદાર:—ક્યોં ન હોવે સાહેબ ? અંગ્રેજ તો પહેલેસેંહી કહે રહા હૈ કિ સારી જહાનકી બાદશાહી કે લાયક આપ હો.

રામરાવ:—જો જરૂર હશે તો અમારી જાગિરના માણસો તે આપ નામદાર સરકારનાં જ છે ને ? પણ હવે આપણે ચાલીએ તો સારૂ. કેમકે આપણે દૂર જવું છે અને કેટલીક વિશેષ યોજના પણ કરવી છે.

સાર્જંટ " ચાલો ત્યારે " એમ કહીને ઘોડા ચલાવ્યો તેની પાછળ ચિન્તામણિ અને જમાદારે પણ પોતાના ઘોડા ચલાવ્યા અને પેલા રામરાવે પોતાનો ઘોડા પકડી રાખનાર માણસને કહ્યું કે:—તું તારે હવે પાછળ ધીરે ધીરે શાન્તિગઢ આવજે—એટલું બોલીને રામરાવ પોતાના ઘોડા ઉપર કસાયલા સવારના જેવી ચાલાકીથી ચઢી ગયો અને સાહેબ તથા ચિન્તામણિ અને જમાદારની લગોલગ જ પોતાનો ઘોડા કરીને ચાલવા લાગ્યો.

જમાદાર—સાર્જંટ સાહેબ અને ચિન્તામણિને પોતાની હોશીઆરીના પ્રસંગોની વાતો કહેતો અને ખુશામતની માખણીઆ ભાષા વાપરતો રસ્તો ખુટાડવાનું સાધન થઈ પડ્યો. રામરાવ પણ જમાદારને ટેકા આપતો અને સાર્જંટ સાહેબની મહેરબાની અને ભલામણ ઉપર પોતાને ભવિષ્યમાં સરકારમાંથી માન ઇલકાબો તથા જાગિરના હકમાં થવાના લાભોની ઉમેદ ભરેલી હોંસ સભ્ય અને વફાદાર ભાષામાં જણાવતો ઘોડાને ચલાવતો હતો. સાહેબ જે અત્યાર લગી ગંભીરતાથી પોતાની પદવીના દબદબા સાથે રામરાવની તરફ ધ્યાન આપતો જતો હતો તે જમાદારની ખુશામતી વાતો સાંભળી તેની તરફ સહજ સહજ હસતો જતો હતો, તેણે રામરાવના ઘોડા તરફ નજર કરીને કહ્યું:—મિ. રામરાવ, ઘોડા ચાલવામાં અને પાણીમાં સારો જણાય છે, પણ તમે આવા મોટા

જાગિરદાર થઇને ઘોડાને બિચારાને આવો દુબળો કેમ રાખો છો?

રામરાવ:—(નમ્રતાથી) સાહેબ, જાગિર નાની રહી, પિતાની વૃદ્ધાવસ્થા, મારે અભ્યાસને માટે કોલેજમાં રહેવું, અને ચાકર ઘણા ઓછા તેથી તે લોકો પાસેથી કોઈ સખ્ત દેખરેખ રાખી કામ લેનાર નહિ, એટલે ઘોડાને દાણો પાણી પણ કોઇ બરોબર વખતસર ચઢાવે નહિ અને નોકરી તો બરોબર શાની જ કરે? પિતાની પાસે મેમાન લોકોનો અવર જવર હોવાથી ઘોડાના સાઇસો કરતાં ઘોડા ઘણા રાખવાની જરૂર પડે છે. તેથી કાંઇ ઘોડાનું બરોબર ઠેકાણું નથી. અમારે સાહેબ આપની પેઠે ક્યાં મુલક મારવો છે? બધું આપ સાહેબને તેજે જળવાય છે એટલે '**સાંઈકા ટટ્ટુ ચલને દો**' કરીને જેમ તેમ નિભાવીએ છીએ.

આવી વાતોના વિવિધ ગપાટા મારતા મારતા તેઓ નવ ગાઉ નિકળી ગયા અને એક ડુંગરની હાર તેમની સામે ઘણી પાસે જણાવા લાગી. આ ઘાટના ડુંગરો કોઇ કોઇ ઝાડ વગરના બોડા હતા અને કોઈ કોઇ ઝાડપાનથી ભરપૂર જંગલવાળા પણ હતા. પણ એ બધા પહાડોની ઓળની તળેટી આગળ તો લાંબી જંગલોની ઓળને ઓળ જણાતી હતી. બપોરને સમયે મુસાફરી ઉઠાવી હતી તેથી સાહેબ પોતાની પાસેના પાણીના સીસામાંનું બધું પાણી થોડું થોડું પી ગયા હતા. તોપણ સોડા અને આઇસ સાથે લેવાનું ભૂલી ગયા હતા, તેથી તેમનો જીવ તલસ તલસ થતો હતો. પણ માથા ઉપરની હેટ (ટોપી) નું આગલું છાપરૂ તેમના મોઢાનું તો તાપથી કેટલુંક રક્ષણ કરી શક્યું હતું. પણ હવે તો પાંચ વાગ્યાનો સાંજનો વખત થવા આવ્યો હતો. તેથી કરીને સાહેબે પોતાની કપાળ ઉપર ઢળતી મૂકેલી ટોપીને પાછી ઉંચી લેઇને જોયું તો આગળ તેઓ પહાડની તળેટી પાસે જતા હોય તેમ જણાવાથી

સાહેબે રામરાવને પૂછ્યું:—આ તો આગળ પહાડ આવ્યા અને રસ્તો જણાતો નથી. રામરાવ! આ રસ્તાથી તમે વાકેફગાર તો છો ને?

રામરાવઃ—(હસતાં) આખી બાલ્યાવસ્થા તો આ રસ્તેથી આવવાજવામાં ગાળી છે. મારૂતિગઢનો રસ્તો બાર ગાઉનો છે, પણ આ ડુંગર થઇને જવાનો રસ્તો લણો ટુંકો છે. આ રસ્તે આપણને દશ ગાઉ પડે અને બીજે રસ્તે બાર ગાઉ પડે, તેથી આપને ટુંકે રસ્તે હું લાવ્યો છું; આ પાહાડ ઉતર્યાં કે પેલી તરફ મારૂતિગઢ. આપણે સઉ ઘોડા ઉપર છીએ, અને ઘોડા પહાડ ઉપર ચઢી પેલી તરફ ઉતરી શકે એવો સારો રસ્તો છે. ગાડીની મુસાફરી હોય તો બાર ગાઉનો રસ્તો લીધા વિના ચાલે નહિ.

સાર્જંટઃ—ઘોડાની સવારી ઘણી સગવડ ભરેલી છે, તેથી જ ઘોડો તે સિપાઇ લોકનો સાથી ગણાય છે.

આ પ્રમાણે વાતો ચાલતી હતી, અને તેઓ જંગલમાં પ્રવેશવા લાગ્યા. જંગલ આગળ જતાં ગાઢું થતું જતું હતું. ખરી ઘટ્ટ ઝાડી આવી અને સઉનાં કપડાં ઝાંખરાંમાં ભરાઇને ફાટવા લાગ્યાં. સાહેબ હવે રસ્તો ખરાબ હોવા વિષે બડબડવા લાગ્યા; અને સહજ મોડું રાતુ થવા લાગ્યું. ચિન્તામણિએ તો આવું જંગલ પહેલ વહેલું જોયું હતું, તેથી તેને તો ભય જીજ્ઞાસાના ધબકારા કાળજામાં થવા લાગ્યા. જમાદાર તો આથીએ જબરાં અને સખ્ત રસ્તાવાળાં જંગલ જોયાની ફેકિયત મારવા લાગ્યા અને સાહેબના મન ઉપર પોતાની બહાદુરીની છાપ પાડવાનો પ્રયત્ન કરવા મંડી પડયા. આ પ્રસંગે રામરાવે સાહેબને શાંત પાડવા કહ્યું:—આપ અહીં ઠેરો, હું પાણી લેઇ આવું. આપને ઘણો ઉતાપો થયો છે, માટે જરી

વિરામ લ્યો. હવે તો આ જંગલ પસાર કરી પહાડ ઉતર્યા કે માફતિગઢ આવશે.

જમાદાર:—હાં, હાં, રામરાવજી તુમ જાવ ઔર પાની સાબકે વાસ્તે લે આવ હમ ઇધર ઠેરતે હે.

સાહેબ પણ તરશ અને તડકાથી લદ્દુ થઇ ગયા હતા, અને જંગલમાં કપડામાં ઝાંખરાં ભરાવાથી કાયર થયા હતા, તેથી કાંઇ બોલ્યાચાલ્યા વિના સ્વાભાવિક રીતેજ ત્યાં મંત્રની માફક ઘોડો ઉભો રાખીને ઠરી ગયા.

રામરાવ સાહેબનો વોટરબોટલ લેઇને પાણી લેવાને જંગલમાં પેઠો. તે થોડાંક ઝાડની પેલી તરફ ગયો એટલે સાહેબ વગેરેની નજર તેના ઉપર પડી શકે તેમ રહ્યું નહિ. સાહેબ, જમાદાર અને ચિન્તામણિ ત્રણે રામરાવની રાહ જોતા ઉભા. ૧૦–૧૫ મિનિટ વહી ગઇ પણ રામરાવ આવ્યો નહિ તેથી સાહેબ બોલ્યા:—જમાદાર વો કિધર ગયા હોગા? પાની લાનેમેં કિત્તિ દેર?

જમાદાર:—ખુદાવિંદ! કુવા જરા દૂર હોગા, ઔર કુછ દોરીસેં પાની નિકાલેગા તો દેર લગે.

આમ વાતચિત્ત ચાલતી હતી તેવામાં જે દિશામાં રામરાવ પાણી લેવાને ગયો હતો તેનાથી ઉલટી દિશામાંથી બંધુકનો ભડાકો સંભળાવાની સાથે જ ચિન્તામણિનો જમાદાર ઘોડા ઉપરથી જમીન ઉપર ગાંસડી થઇને પડયો. આ જોતાં જ સાર્જંટ લેમોનેડે જાણ્યું કે આ ભયનું સ્થાનક છે, તેથી અહીંથી ખશી નિકળવું એ ઠીક છે પણ તેથી તેણે પોતાના ઘોડાને જે દિશામાંથી તેઓ આવ્યા હતા, તેજ દિશામાં પાછો વાળીને અગિયારા ગણવા માંડયા. ચિન્તામણિયે તો આવો પ્રસંગ પ્રથમ જ આ જોયો હતો. તેથી તે તો

બિચારો જ્યાં હતો ત્યાં ને ત્યાં જ બાઘા થકવા જેવો થઇને ઉભો રહ્યો. સાર્જંટ લેમોનેડ તે જંગલમાંથી જેમ બને તેમ જલદીથી નાસી છુટવાને ઇચ્છતો હતો પણ તેનાથી એકદમ ઘોડાને દોડાવીને ચાલ્યા જવાય તેમ નહોતું. કેમકે જંગલનાં ઝાડો અને ઝાંખરાં અનિયમિત રીત્યે ઉગેલાં હોવાથી તેની આડે આવતાં હતાં, તોપણ તેણે તો પોતાથી બની શકે તેમ નાસવાનો પ્રયત્ન કર્યો. તે આશરે ત્રીશેક કદમ ચાલ્યો હશે, એટલામાં તો ઘણી જ નજદીકથી એક તમન્ચા જેવોજ અવાજ થયો અને સાર્જંટ લેમોનેડ પણ ઘોડા ઉપરથી બેભાન થઈ હેઠો પડયો.

આ બધું એવી તો ઝડપથી અને ગુપ્ત રીત્યે બન્યું હતું. તથા તે ગાઢાં ગંભીર અને ભયાનક જંગલના દેખાવથી ચિન્તામણિ ઉપર એવી તો ડરામણી અસર થઇ હતી કે તે તો તેના ઘોડા ઉપર એક નિર્જીવ પૂતળા જેવો જ બનીને સ્તબ્ધ થઇ ગયો હતો. કોઇને એમ ભાગે કે તેની પોતાની પણ પોતાના બે સાથી જેવીજ દશા થશે એવીચિન્તામાં પડયો હશે, પણ એમ નહોતું; એનું મન તો આ બનાવથી કેવળ શુન્ય જ થઇ ગયું હતું. તત્કાળ ચાર સવારો આવીને ચિન્તામણિના ઘોડાની આશપાસ ઘેરાઇ વળ્યા. તેમાંના ત્રણે તેની તરફ પોતાની રિવોલ્વરો (છ છ બારના તમંચા) ધરી રાખી અને ચોથાએ પોતાને ઘોડેથી ઉતરી ચિન્તામણિનાં બધાં હથિયાર લેઇ લીધાં તથા ચિન્તામણિના હાથમાંથી તેના ઘોડાની લુગામ લેઇને ઘોડાની ડોક ઉપરથી ઉતારી આગળ આણી અને છેલ્લો તાર છેડો પોતાના હાથમાં રાખી પાછો ઘોડા ઉપર ચઢી ગયો અને ઘોડાને પોતાની પાછળ દોરવા લાગ્યો. ચિન્તામણિને તો આ શું થયું અને કેમ થયું તથા કેવી રીત્યે થયું, તેનું પણ ભાન નહોતું.

ચિન્તામણિને આ પ્રમાણે કેદ કરીને તેઓ ચાલ્યા. કેટલાંક ડગલાં આ પ્રમાણે તેઓ ચાલ્યાં ત્યાં લગી ચિન્તામણિને ભાન પણ નહોતુ કે તેઓ ચાલે છે કે ઉભા છે. પણ આવી ચકિત અવસ્થામાં તેની આગળ ઝાડની એકપાતળી ડાળી આવી તેનાથી બચવા તે વાંકો વળ્યો નહિ. તેથી તે ડાળી તેના કપાળ આડી કાંઇક જોરથી ઘસડાઇ તેથી ચામડી ઉઝરડાવાથી તેનું ભાન ઠેકાણે આવ્યું. તેથી તે એક બાળકના જેવા નિરપરાધી અને અનુભવ વિનાના સ્વભાવથી બોલ્યોઃ—અમારો સાથી રામરાવ બિચારો પાણી લેઇને આવશે ત્યારે અમને શોધશે.

આ સાંભળીને પેલા સવારો પૈકીનો એક પોતાના બીજા સાથીને કહેવા લાગ્યો કેઃ—

આપણા સરદારે આપણને ફક્ત એક જ સવારને કેદ કરી લાવવા કહ્યું હતું, અને આ બીજા સવાર રામરાવની વાત કરે છે તે શું?

આથી સવારે જવાબ આપ્યોઃ—ફક્ત એક માણસને કેદ કરી લાવવાનું અને પેલા એક મુસલમાનનો તથા એક યુરોપિયનનો ઘોડો તથા હથિયારો લેઇ આવવાની સૂચના હતી. આપણને ચાર સવારોને આ માણસને (ચિન્તામણિને) કેદ કરી આણવાની સૂચના હતી અને બીજા બે પ્યાદાઓને પેલા બે જણના ઘોડા અને હથિયારો વગેરે લેતા આવવાની સૂચના હતી.

આ પ્રમાણે વાત થતી હતી, તેવામાં પાછળથી બે સવારો તેઓને આવી મળ્યા. તે સવારો પેલા જમાદારના અને પેલા સાર્જંટ લેમોનેડના ઘોડા ઉપર બેઠા હતા, તથા તે બંનેનાં હથિયારો પણ તે બે સવારોએ બાંધી લીધાં હતાં. આ બે સવારો આવી પહોંચ્યા તેમને પેલા ચાર સવારોએ ' રામ રામ ' કર્યા.

પછી પેલા ચારમાંના એક મુખ્ય સવારે પેલા બે સવારોને પૂછ્યું:— તમે તે લોકોના ઘોડા અને હથિયાર લેઇ આવ્યા. પણ તેમની લાશો માટે કોઇને ભાઉસાહેબે કશી સૂચના કરી નહોતી તે ઠીક નથી. ”

પેલા બે સવારોમાંનો એક બોલ્યો:—ભાઉસાહેબ કાંઈ ભૂલે તેમ નથી. તેમણે બીજા માણસોને એ કામ બતાવ્યું છે, તેઓ બીજે આડે દોઢે રસ્તે ફરીને અમે તે સ્થળે ગયા ત્યારે જ આવી પહોંચ્યા હતા. તેમણે હવે તે લાશોને કોઇ ઉંડી કરાડમાં ઠેકાણે કરી હશે અને તેઓ ઘણા જ વિકટ પહાડી રસ્તે થઇને આપણે મુકામે આવી પહોંચશે.

પછી ઉપર જણાવેલા મુખ્ય સવારે આપણા ચિન્તામણિ તરફ વળીને પૂછ્યું:—તમે રામરાવનું નામ દ્યો છો તે કોણ છે? તે ઉપરથી પોતાને, જમાદારને અને સાર્જન્ટ લેમોનેડને અત્રે તેડી લાવનાર એક પાસેના જાગિરદારનો દીકરો તે રામરાવ હતો. એમ ચિન્તામણિએ કહ્યું. પણ તે મુખ્ય સવારના સમજવામાં કાંઈ આવ્યું નહિ, તેથી ભોળા ચિન્તામણિએ તે રામરાવનું, તેના પોષાકનું અને તેના ઘોડા વગેરેનું વર્ણન કર્યું તે ઉપરથી તેની સાથેના સવારો સમજી ગયા કે ચિન્તામણિ કોને રામરાવના નામથી ઓળખતો અને ઓળખાવતો હતો, પણ તે સવારો તે વિષે કાંઇ બોલ્યા ચાલ્યા નહિ.

વાતો ચાલતી હતી અને ચિન્તામાં પડેલો ચિન્તામણિ બિચારો મુંગે મોઢે સાંભળતો હતો અથવા તેને પૂછવામાં આવતું તેના જવાબ તે ટુંકામાં આપતો હતો. આ પ્રમાણે તેઓએ ગાઢું જંગલ પસાર કરીને ઘાટના પહાડની ત્રણ ઓળો ઓળંગી અને

ચોથી ઓળની પાસે આવ્યા ત્યાં એક ભાગ ઉપર ઝાડી અને વેલા ઉગેલા જણાતા હતા, તથા તે ઉપર ઝાંખરાં પણ બહુ ગીચોગીચ ઉગેલાં હતાં તકીં આવીને તેઓ અટક્યા. તેથી ચિન્તામણિ વિચારમાં પડયો કે હવે અહીં આ લોકો શું કરવા ધારે છે.

પેલા સવારોમાંના મુખ્ય સવારે હવે પોપટના જેવો અવાજ તે પહાડના ઝાડી ઉગેલા પૂર્વોક્ત ભાગ તરફ જઇને કર્યો એટલે એકદમ એક મોટી શિલા વેલા તથા ઝાંખરાં નીચે હાલવા લાગી. જોત જોતામાં તે શિલા આઘી ખશી ને તે પહાડમાં અંદર પેસવાનું બારણું થયું. તે એટલુ મોટું હતું કે ઘોડા ઉપર બેઠેલા માણસ સુખેથી અંદર પેશી શકે. ચિન્તામણિને લેઇ સઘળા સવારો તેમાં પ્રવેશ્યા. ચિન્તામણિએ જોયું તો અંદર બંને તરફ હથિયારબંધ દશ દશ માણસોએ તે શિલા ખશેડીને બારણું ઉઘાડયું હતું. દશબાર કદમ અંદર તેઓ ગયા એટલે રસ્તો ખાસો સડક જેવો સાફ હતો. તેઓ પચીસ કદમ કરતાં વધારે અંદર ગયા એટલે પેલા વીશ માણસોએ તે પહાડના દ્વારને મોઢે પાછી શિલા ઓઠવી દીધી. બહારથી કોઈ જુએ તો હવે તે આખા ડુંગરાની શિલા જેવી જણાતી હતી. તેના ઉપર વેલા વગેરે બરાબર ફેલાયલા હોવાથી તે દ્વારની શિલા ઢંકાયલી રહેતી, તેથી ત્યાંથી પેસવાનું દ્વાર હશે એવી શંકા કોઈ ગમે તેવો હોંશિયાર માણસ હોય, તો પણ તેને પડે જ નહિ.

પેલી દ્વારની શિલા બંધ થઇ એટલે ચિન્તામણિ વગેરેને અંદરની તરફ કેવળ અંધારૂં જ જણાવા લાગ્યું, પણ જેમ જેમ તેમની આંખ્યો તે અંધારામાં ટેવાતી ગઇ તેમ તેમ તેઓને અંદર ઝાંખું ઝાંખું બધું જણાવા લાગ્યું. ચિન્તામણિને આ સ્થળ બિહામણું

લાગવા માંડયું. આ લોકો તેને આમ કેદીની પેઠે લેઇ જઇને આખરે શું કરશે, તેના વિચાર તેના મનમાં વારંવાર આવતા હતા પણ તેઓને તે વિષે કાંઈ પણ પૂછવાની હિમ્મત ધરી શકતો નહોતો. તેને એટલી તો ખાતરી જ થઈ હતી કે તે કોઇ લુટારા કે બહારવટીઆના હાથમાં સપડાયો છે. તો પણ તેને કેદ કરી લાવનાર સવારો તેની સાથે બહુ સભ્યતાથી વર્તતા હતા, તથા હસમુખે ચહેરે વાર્તાચિત્ત કરતા હતા, તેથી તેને પોતાની જીંદગીને માટે ભય લાગતો નહોતો. જેમ જેમ તેઓ ભોંયરા જેવા રસ્તામાં આગળ ચાલતા જતા હતા, તેમ તેમ તેઓને વધારે ઉજાસ માલમ પડતો જતો હતો. આશરે અડધો કલાક ચાલ્યા પછી તેઓ એક ચારે તરફથી પહાડોના કોટવડે ઘેરાયલા નાના સરખા લગભગ લંબ-ચોરસ મેદાનમાં આવ્યા. અહીં હવે ખુલ્લું આકાશ જણાતું હતું અને હવા અજવાળુ અને તડકો જોઇએ તેવાં આવતાં હતાં. આ મેદાન આશરે ચારસો ચોરસ વારનું જણાતું હતું. આ એકાન્ત અને દુર્ગમ્ય સ્થાનમાં ચિન્તામણિને વસતિ માલમ પડી. તે મેદાનની ચારે બાજુએ ઘોડાઓ લશ્કરી નિયમ પ્રમાણે હારબંધ બાંધેલા હતા અને તે ઘોડાઓની પાસે જ નાનાં નાનાં છાપરાં ઝાડનાં ડાળાં અને પાંદડાંનાં બનાવેલાં હતાં તેમાં દરેક માણસ પોતાની પથારી ઉપર બેઠો હતો, અથવા મેદાનમાં આમ તેમ ફરતો હતો, કે બીજા કોઈ કામે લાગેલો હતો. લગભગ સાઠ સિત્તેર માણસ અને તેટલાજ ઘોડા ત્યાં જણાતા હતા. એ સર્વની વચમાં એક નાનો સરખો તંબુ અને તેની આસપાસ. તેવા જ ઝુંપડાં જેવા ચાર પાંચ ઓરડાઓ હતા તથા તે તંબુની પાસે એક મોટા ભાલા ઉપર નાની સરખી રાતા રંગની ધ્વજા પવનમાં ધીમે ધીમે

ઉડતી હતી. ચિન્તામણી આ દેખાવ જોઇને તરત જ સમજી ગયો કે આ બહારવટીઆઓનું રહેઠાણ છે. ત્યાંનાં માણસો અને ઘોડાઓ પણ કસાયલા અને ભય ઉપજાવે એવાં જણાતાં હતાં ત્યાં કેટલીક ઝુંપડીઓ મેદાનના વચલા ભાગમાં પણ હતી, તેમાં બૈરાં રહેતાં હતાં એમ ચિન્તામણિને તે ઝુંપડીઓ આગળ બઇરાંનાં વસ્ત્ર સુકવેલાં હતાં તે ઉપરથી તથા છોકરાં રમતાં હતાં તે ઉપરથી સમજાયું.

તેઓ ચિન્તામણિને મધ્યના તંબુ આગળ લેઇ ગયા, કે તરત જ અંદરથી તે સવારોના જેવો જ પણ તેમનો સરદાર જેવો જણાતો પુરૂષ બહાર આવી ઉભો. તેને જોઇને સઘળા સવારો પોતાના ઘોડા ઉપરથી હેઠે ઉતર્યા અને માનપૂર્વક તેને બે હાથ જોડી નમન કર્યા પછી તેઓએ ચિન્તામણિને તેની આગળ રજુ કર્યો. એ મેદાનમાં ઠેકાણે ઠેકાણે તથા તે તંબુ આગળ પણ પહેરાપર માણસ ઉભેલા હતા. તંબુ આગળના પહેરાવાળા માણસને કહી જોડેના ઝુંપડામાંથી બે જંગલી ફેશનની ખુરશી બહારવટીઆઓના સરદારે મંગાવી. પછી તેણે ચિન્તામણિને એક ખુરશી ઉપર બેસાડયો અને પોતે પણ તે ખુરશી ઉપર બેઠો. પેલા સવારો પૈકીના બેને પોતાના અંગરક્ષક તરીકે હાજર રાખીને બીજાઓને રજા આપી દેવામાં આવી. બંને પાસે બેઠા એટલે તરત જ ચિન્તામણિએ તે સરદારને ઓળખ્યો કે એ તો જાગિરદારનો પુત્ર રામરાવ બનીને આવ્યો હતો તે જ હતો.

પેલા બહારવટીઆના સરદારે કહ્યું:—કેમ મિ. ચિન્તામણિ! તમારે બહારવટીઆ વિંગાળેને પકડવા હતો કે? તેજ વિંગાળે હું પોતે છું. રામરાવ બનીને હું તમને તેડી લાવનાર હતો. કેમ હવે

તમારે વિંગાળેને પકડવો છે ? પકડવો હોય તો પકડો હું આ રહ્યો.

જો કે વિંગાળેના બોલવામાં હાસ્ય અને સૌજન્ય જણાતું હતું, તો પણ ચિન્તામણિના મનમાં એમ ભય લાગ્યો કે બહારવટીઆના હાથમાં હું આવી પડ્યો છું, આ લોકોના સ્વભાવનું કાંઇ ઠેકાણું નહિ. તેથી તે કાંઇ બોલ્યા વિના ચિન્તાતુર ચહેરે વિંગાળેના સામું જોઇ જ રહ્યો અને કાંઇ પણ ઉત્તર ન આપી શક્યો.

સમાપ્ત.